દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 269 ■ વિક્રમ સંવત ૨૦૮૨
કાર્તિક વદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 November 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૧૪ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ૩૨ કાર-બ્લાસ્ટનું કાવતરું હતું




▶ દિલ્હી ધડાકો એનો જ ભાગ ▶ ચાર શહેરમાં વિસ્ફોટો કરવાનો પ્લાન હતો ▶ અલ-ફલાહ યુનિવર્સિટીમાંથી બ્રેઝા કાર જપ્ત ▶ કાર્ડિયોલૉજી ભણી રહેલા ડૉ. મોહંમદ આરીફની ધરપકડ

નવી દિલ્હીઃ ઇન્ટેલિજન્સ એજન્સીઓએ દાવો કર્યો હતો કે ત્રાસવાદીઓએ ૩૨ વાહનમાં વિસ્ફોટકો ભરીને દેશના ચાર શહેરમાં ધડાકા કરવાનું કાવતરું ઘડ્યું હતું. ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીમાંથી જમ્મુ અને કાશ્મીર પોલીસે ત્રાસવાદી સંગઠનની મહિલા શાખાની કમાંડર ડૉ. શાહીનના નામે નોંધાયેલી એક વધુ કાર જપ્ત કરી હતી. ઉત્તર પ્રદેશની ત્રાસવાદ-વિરોધી ટુકડીએ કાનપુરમાં કાર્ડિયોલૉજીનો અભ્યાસ કરી રહેલા ડૉ. મોહંમદ આરીફની ધરપકડ કરી હતી. ઉત્તર પ્રદેશના સહારનપુરમાંથી પકડાયેલા ડૉ. આદિલ અહેમદના ઘરમાંથી શ્રીનગરથી દિલ્હીના પ્રવાસની વિમાનની ટિકિટ મળી આવી હતી. ત્રાસવાદીઓએ હ્યુન્ડેઇ આઇટ્વેન્ટી અને ફોર્ડ ઇકોસ્પોર્ટમાં સુધારા વધારા કરીને તેઓમાં વિસ્ફોટકો ગોઠવવાની વ્યવસ્થા કરી હોવાનું બહાર આવ્યું હતું. જાસૂસી

વિભાગનાં સૂત્રોએ જણાવ્યું હતું કે હ્યુન્ડેઇ આઇટ્વેન્ટી અને ફોર્ડ ઇકોસ્પોર્ટ બાદ વધુ ૩૨ જૂની કારમાં વિસ્ફોટકો ગોઠવી દેશભરના અનેક શહેરમાં ધડાકા કરવાનું કાવતરું પકડાયું છે. દિલ્હીના લાલ કિલ્લાના ધડાકાની તપાસ કરી રહેલા અધિકારીઓએ જણાવ્યું હતું કે આઠ શંકાસ્પદ વ્યક્તિ ચોક્કસ શહેરોમાંના ચાર સ્થળે ધડાકા કરવાની યોજના ઘડી રહ્યા હોવાનું માલૂમ પડ્યું હતું. પ્રાથમિક તપાસ મુજબ ત્રાસવાદીઓની દરેક ટીમ દેશભરમાં એકસાથે ધડાકા કરવા માટે અનેક 'ઇમ્પ્રૂવાઇઝ્ડ એક્સ્પ્લૉઝિવ ડિવાઇસ' વાહનોમાં ગોઠવવાની યોજના ધરાવતી હતી.

શંકાસ્પદ ત્રાસવાદીઓ દિલ્હી ધડાકાના આરોપીઓ ડૉ. મુઝમ્મિલ, ડૉ. આદિલ, ડૉ. ઉમર અને ડૉ. શાહીનની સાથે સંબંધ ધરાવતા હોવાનું જાણવા મળ્યું છે.

આરોપીએ સાથે મળીને અંદાજે રૂપિયા ૨૦ લાખ ભેગા કર્યા હતા અને તે ધડાકો કરવાની સામગ્રી ખરીદવા ડૉ. ઉમરને આપ્યા હતા. આ નાણાંની મદદથી ૨૦ ક્વિન્ટલ એનપીકે ખાતર (નાઇટ્રોજન, ફોસ્ફરસ અને પોટેશિયમનું મિશ્રણ) ખરીદવામાં આવ્યું હતું.

ફરીદાબાદ પોલીસે ડૉ. ઉમરની સાથે જેની કડી જોડાયેલી હોવાનું મનાય છે, તે લાલ ઇકોસ્પોર્ટ શોધીને જપ્ત કરી હતી. જમ્મુ અને કાશ્મીર પોલીસે ફરીદાબાદના ધૌંજ-સ્થિત અલ-ફલાહ યુનિવર્સિટીમાંથી સિલ્વર કલરની બ્રેઝા કાર જપ્ત કરી હતી. તે ડૉ. શાહીનના નામે નોંધાયેલી હતી.

ઉત્તર પ્રદેશની ત્રાસવાદ-વિરોધી ટુકડીએ પકડેલો ૩૨ વર્ષીય ડૉ. મહંમદ આરિફ સરકાર દ્વારા સંચાલિત ગણેશ શંકર વિદ્યાપીઠ મેમોરિયલ મેડિકલ કૉલેજમાં કાર્ડિયોલૉજીનો પ્રથમ વર્ષનો વિદ્યાર્થી છે. તેણે ભાડેથી લીધેલા ઘરમાંથી મોબાઇલ ફોન અને લેપટોપ જપ્ત કરાયા હતા. સહારનપુરમાંથી પકડાયેલા ડૉ. આદિલ અહેમદે દિલ્હીના ધડાકાના થોડા દિવસ પહેલાં શ્રીનગરથી દિલ્હીનો વિમાનમાં પ્રવાસ કર્યો હોવાનું ફ્લાઇટની ટિકિટ પરથી જાણવા મળ્યું હતું. (એજન્સી)■

## ત્રાસવાદીઓ અને શત્રુઓની ખો ભુલાવી દઈશુંઃ અમિત શાહ

અમદાવાદઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવારે જણાવ્યું હતું કે અમે દિલ્હી ધડાકાના દોષિતોની સામે એવી કડક કાર્યવાહી કરીશું કે ભવિષ્યમાં કોઇ આવા ધડાકા કરવાનું વિચારી પણ નહિ શકે.

અમિત શાહે ગુજરાતના મહેસાણા જિલ્લાના બોરિયાવી ગામમાં સાગર ઑર્ગેનિક પ્લાન્ટ અને શ્રી મોતીબાઇ આર. ચૌધરી સાગર સૈનિક સ્કૂલના ઉદ્‌ઘાટન પ્રસંગે હાજર રહેલા લોકોને વીડિયો લિંકથી સંબોધ્યા હતા.

અમિત શાહે જણાવ્યું હતું કે દિલ્હીના ધડાકા માટે જવાબદાર લોકોને બહુ કડક સજા કરીશું. ભારત સરકાર અને કેન્દ્રનું ગૃહ મંત્રાલય આ માટે કટિબદ્ધ છે. દિલ્હીના ધડાકામાં માર્યા ગયેલા લોકોના સગાં માટે અમિત શાહે દિલસોજી વ્યક્ત કરી હતી.

કેન્દ્રના ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ધડાકા માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે. અમે એવા આકરાં પગલાં લઇશું કે ભવિષ્યમાં કોઇ દુશ્મન દેશ કે ત્રાસવાદીઓ ભારતમાં ધડાકા કરવાનું વિચારી પણ નહિ શકે.તેમણે જણાવ્યું હતું કે મોદીના નેતૃત્વ હેઠળ દેશ ત્રાસવાદની સામે જોરદાર લડત આપી રહ્યો છે. (એજન્સી)■



## બિહાર કોનું? આજે ફેંસલો



પટણાઃ બિહાર વિધાનસભાની ચૂંટણીની શુક્રવારે યોજાનારી મતગણતરી બાદ સત્તા પર કોણ આવશે? તે રાજકીય વર્તુળમાં ચર્ચાનો મુખ્ય વિષય બની ગયો છે. વિવિધ રાજકીય પક્ષોએ પોતાના ભાવિ વ્યૂહ અંગે ચર્ચા કરવા બેઠકો યોજી હતી. દરમિયાન, રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના એક નેતાએ બિહારમાં ૨૦૨૦ની જેમ આ વખતે મતગણતરી વચમાં અટકાવાશે, તો 'નેપાળ જેવી પરિસ્થિતિ' સર્જાવાની ચીમકી આપી હતી. સૌથી લાંબા સમયથી મુખ્ય પ્રધાનપદે રહેલા નીતીશ કુમાર પાંચમી મુદત માટે પણ સત્તા પર આવે એવી શક્યતા વધુ છે.

રાષ્ટ્રીય જનતા દળ(આરજેડી)ના નેતા અને વિપક્ષોની યુતિ 'ઇન્ડિ'ના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર તેજસ્વી યાદવે જણાવ્યું હતું કે મારા પક્ષના કાર્યકરો અને સામાન્ય જનતા

મતગણતરી વખતે 'ગેરબંધારણીય પ્રવૃત્તિ' રોકવા તૈયાર છે. રાષ્ટ્રીય જનતા દળના બહુ ઓછા જાણીતા નેતા સુનીલકુમાર સિંહે ચેતવણી આપી હતી કે મતગણતરી ૨૦૨૦ની જેમ વચમાં અટકાવાશે, તો 'નેપાળ જેવી પરિસ્થિતિ' ઊભી થશે.

ભાજપે જણાવ્યું હતું કે રાજ્યના મતદારોએ એનડીએને સત્તા પર લાવવા મોટા પાયે મતદાન કર્યું હોવાનો અંદાજ આવતા રાષ્ટ્રીય જનતા દળના નેતાઓ હતાશ થઇ ગયા છે.

ભાજપના રાજ્ય એકમના પ્રમુખ દિલીપ જયસ્વાલે જણાવ્યું હતું કે અમારા કાર્યકરો મતગણતરીનાં કેન્દ્રોના સતત સંપર્કમાં રહેશે. મતદાન વખતે એકંદરે શાંતિ રહી હતી અને મતગણતરી વખતે પણ શાંતિ જળવાઇ રહેવાની આશા છે.

તેજસ્વી યાદવે 'એક્સ' પર પોસ્ટ કર્યું હતું કે હું પક્ષના ઉમેદવારો અને પક્ષના જિલ્લા સ્તરના એકમના હોદ્દેદારોની સાથે વર્ચ્યુઅલી મીટિંગ કરી રહ્યો છું. બિહારના લોકો ન્યાય-પ્રેમી છે. બિહાર લોકશાહીની જનની છે અને બિહારને પ્રેમ કરતા દરેક કાર્યકરો મતગણતરી વખતે સતર્ક રહેશે.

સુનીલકુમાર સિંહે જણાવ્યું હતું કે જનતા રાજ્યમાં સત્તાનું પરિવર્તન ઇચ્છે છે. ૨૦૨૦માં મતગણતરી વચમાં ચાર કલાક અટકાવાઇ હતી. જો આ વખતે આવું થશે તો શેરીઓમાં 'નેપાળ જેવી સ્થિતિ' જોવા મળશે. શાસક યુતિ અને વિપક્ષની યુતિના નેતાઓ રાજકીય પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે અને પક્ષના કાર્યકરોની સાથે સંબંધિત સમીક્ષા પણ કરાઇ રહી છે. બિહાર વિધાનસભાની ચૂંટણીના છ અને અગિયાર નવેમ્બરે યોજાયેલા બે તબક્કાના મતદાન દરમિયાન સરેરાશ ૬૭.૧૩ ટકા મતદાન થયું હતું, જે ઐતિહાસિક છે. બિહારમાં મતગણતરી સવારે આઠ વાગ્યે શરૂ થશે અને સવારના નવ વાગ્યાથી પ્રાથમિક અંદાજ આવવાનો શરૂ થશે. બિહારની ચૂંટણીમાં ૨,૬૧૬ ઉમેદવાર ઊભા હતા અને કુલ ૭.૪૫ કરોડ મતદાર હતા. (એજન્સી)■

## અમેરિકામાં શટડાઉનનો ૪૩ દિવસે અંત

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે રાતે ગવર્નમેન્ટ ફન્ડિંગ બિલ પર સહી કરતા ૪૩ દિવસના શટડાઉનનો અંત આવ્યો હતો.

અગાઉ, અમેરિકામાં ૪૩ દિવસના શટ ડાઉન દરમિયાન હજારો સરકારી કર્મચારીને પગાર વિના ફરજિયાત રજા પર ઉતારી દેવાયા હતા અને તેથી અમેરિકાના વિમાનમથકો ખાતે મુસાફરોની મુશ્કેલી વધી હતી તેમ જ અમુક ફૂડ બૅન્ક્સ ખાતે લાંબી કતાર જોવા મળતી હતી.

ટ્રમ્પે શટડાઉન દરમિયાન અસંખ્ય પ્રૉજેક્ટ રદ કર્યા હતા અને ઘણાં સરકારી કર્મચારીને નોકરીમાંથી પાણીચું પણ અપાયું હતું.

રિપબ્લિકન પ્રમુખે દેશની ખરાબ હાલત માટે ડેમોક્રેટ્સ પર દોષારોપણ કર્યું હતું અને આવતા વર્ષે વચગાળાની ચૂંટણીમાં વિપક્ષને મત નહિ આપવા જનતાને અપીલ કરી હતી. ટ્રમ્પે જણાવ્યું હતું કે હું અમેરિકાના નાગરિકોને સલાહ આપું છું કે તમે આ શટડાઉનને ભૂલતા નહિ. આગામી વર્ષની વચગાળાની ચૂંટણીમાં યાદ રાખજો કે ડેમોક્રેટ્સને લીધે આપણા દેશની કેવી હાલત થઇ હતી.

હાઉસે ૨૨૨-૨૦૯ મતથી આ ખરડો પસાર કર્યો તેના થોડા કલાક પછી ટ્રમ્પે તેના પર સહી કરી હતી. સેનેટે સોમવારે જ આ ખરડો પસાર કર્યો હતો.

ડેમોક્રેટ્સ 'અફૉર્ડેબલ કૅર એક્ટ' (પરવડી શકે એવી આરોગ્ય સેવાને લગતો ધારો) હેઠળની ચાલુ વર્ષના અંતે પૂરી થનારી વધારાયેલી ટૅક્સ ક્રેડિટને લંબાવવા માગણી કરી રહ્યા હતા અને ટૂંકા-ગાળાના ખર્ચને લગતા ખરડા (શૉર્ટ-ટર્મ સ્પેન્ડિંગ બિલ)નો વિરોધ કરી રહ્યા હતા. હાઉસની અપ્રોપ્રિએશન કમિટીના રિપબ્લિકન ચેરમેન ટોમ કોલે જણાવ્યું હતું કે અમે સરકારી શટડાઉનની માઠી અસર અંગે ૪૩ દિવસ પહેલાં જ ચેતવણી આપી હતી. (એજન્સી)■

## સેશન ઍપ થકી તૂર્કીમાંથી હૅન્ડલર 'ઉકાસા'ના સતત સંપર્કમાં હતો ડૉ. ઉમર

### કાર ચલાવનાર ઉમર જ હોવાનું ડીએનએ ટેસ્ટમાં પુરવાર થયું

નવી દિલ્હીઃ રાજધાની દિલ્હીમાં ૧૦ નવેમ્બરે સાંજે કારમાં થયેલા વિસ્ફોટમાં મોટો ખુલાસો થયો છે. પોલીસ અને ફોરેન્સિક ટીમના જણાવ્યા મુજબ, વિસ્ફોટકથી ભરેલી હ્યુન્દેઈ આઈ૨૦ કારમાં રહેલો શખસ આતંકવાદી ડૉ. ઉમર જ હતો. કારમાંથી મળેલા શબના ડીએનએ ટેસ્ટ ઉમરના પરિવારના સભ્યોના સેમ્પલ સાથે ૧૦૦ ટકા મેચ થયું છે. સ્પષ્ટ થયું છે કે આતંકવાદી ઉમરે જ દિલ્હી કાર બ્લાસ્ટને અંજામ આપ્યો હતો. સૂત્રો મુજબ, ઉમર કટ્ટરપંથી થઈ ગયો હોવાની પરિવારને પહેલાથી જ ખબર હતી. તેમ છતાં તેમણે સુરક્ષા એજન્સીઓ જાણ કરી નહોતી. ઉમર તુર્કીના અંકારામાં બેઠેલા પોતાના હેન્ડલર સાથે સેશન એપ સાથે સતત સંપર્કમાં હતો. તૂર્કીમાંના 'ઉકાસા' નામના હૅન્ડલર સાથે ડૉ. ઉમર સતત સંપર્કમાં હતો. 'ઉકાસા' કૉડનૅમ છે અને પર્શિયનમાં તેનો અર્થ કરોળિયો થાય.સૂત્રો મુજબ, માર્ચ ૨૦૨૨માં કેટલાક લોકો ભારતથી અંકારા ગયા હતા. જેમાં ઉમર સહિત ફરીદાબાદ ટેરર મોડ્યૂલમાં પકડાયેલા અન્ય શંકાસ્પદો પણ સામેલ હતા. આ દરમિયાન તેમનું બ્રેન વોશ કરવામાં આવ્યું હતું. ■

### શું છે સેશન ઍપ?

આતંકી ઉમર જે એપથી સંપર્કમાં હતા તેનું નામ સેશન એપ છે. આ એક પ્રાઇવેટ મેસેન્જર છે. પ્લે સ્ટોર લિસ્ટેડ ડિટેલ્સમાં જણાવાયુંકે, એક નવા ટાઇપનું પ્રાઇવેટ મેસેન્જર છે. જે માટે યુનિક નેટવર્કનો યુઝ કરી શકાય છે. તેમાં કોઈ સેંટ્રલ સર્વર નથી. ઉપરાંત ઍપ અંગે જણાવાયું છે કે તેનો ડેટા વેચવામાં આવતો નથી કે કોઈ તેને લીક કરી શક્તું નથી. સેશન એપ ફુલ પ્રાઈવેટ એકાઉન્ટ ક્રિએશન છે. આ એપ પર એકાઉન્ટ બનાવવા માટે ફોન નંબર અને ઈમે-લ આઈડી વગેરેની જરૂર પડતી નથી. ■

## ડૉ. ઉમરે પકડાય ન જવાય એવો રૂટ પકડીને લાલ કિલ્લા પહોંચ્યો હતો

નવી દિલ્હી : દિલ્હી પોલીસે ૫૦ સીસીટીવી કેમેરાના ફૂટેજનો ઉપયોગ કરીને કે ડૉક્ટર ઉમર નબીએ લાલ કિલ્લાના બ્લાસ્ટની આગળની રાત્રે વિસ્ફોટક ભરેલી કારમાં ફરીદાબાદથી રવાના થયા પછી લાલ કિલ્લાની નજીકના મેટ્રો સ્ટેશનના ગેટ નંબર એક આગળ કેવી રીતે પહોંચ્યો એનું પગેરું શોધી કાઢ્યું હતું.

આ ભયાનક કલાકોમાં પણ ઉમરે સ્વસ્થતાથી કાર હંકારી હતી. તેણે હરિયાણાથી દિલ્હી જવા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેનો ઉપયોગ કર્યો હતો. તેણે રસ્તા પરના એક ધાબામાં ફૂડ ખાધું હતું અને તેની કાર બીજા દિવસે સવારે દેશની રાજધાનીમાં આવતા પહેલાં ધાબામાં જ રોકાઈને કારમાં જ રાત વીતાવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે ઉમરની હિલચાલ બતાડે છે કે તેણે ઉત્તમ આયોજન કર્યું હતું અને પકડાઈ ન જાય એ માટે ઉમરે જાણીબૂઝીને પ્રયાસો કર્યા હતા. પોલીસનાં સાધનોના જણાવ્યા પ્રમાણે તેણે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેથી શરૂઆત કરી હતી અને હરિયાણાના નૂહ જિલ્લાના ફિરોઝપુર ઝિર્કા પહોંચ્યા બાદ એક્સપ્રેસવે છોડી દીધો હતો. તેણે એ જિલ્લાના ધાબામાં રોકાઈને રાત ત્યાં જ ગાળી હતી. તે સંતાઈને કાર હંકારી રહ્યો હતો, પરંતુ ગભરાટમાં નહોતો. તેણે મોટાં નગરોને ટાળીને હાઈવે અને નાના ધાબાને પ્રાથમિકતા આપી હતી. ■

## ઉમરની લાલ કાર પાર્ક કરનાર ફહીમ પણ તાબામાં

નવી દિલ્હીઃ દિલ્હીના કાર બ્લાસ્ટ કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. આતંકવાદી ઉમર સાથે જોડાયેલી લાલ રંગની ઇકો સ્પોર્ટ્સ કાર ફરીદાબાદના ખંડવાલી વિસ્તારમાંથી મળી આવી છે. પોલીસે તે વ્યક્તિને પણ હિરાસતમાં લીધો છે જેણે આ કાર ખંડવાલીમાં પાર્ક કરી હતી. તેનું નામ ફહીમ છે અને સૂત્રો પ્રમાણે તે મુખ્ય આરોપી ડૉ. ઉમર નબીનો સંબંધી છે.તપાસ દરમિયાન કારમાંથી કેટલીક મહત્ત્વની વસ્તુઓ મળી છે, જેમાં મોબાઈલ ફોન, કેટલાક દસ્તાવેજો અને બ્લાસ્ટમાં વપરાયેલા સાધનો સાથે જોડાયેલા પુરાવા હોવાનું અનુમાન છે. ફોરેન્સિક ટીમે કારના ઈન્ટિરિયર, સીટો અને ડિકીની વિગતવાર તપાસ કરી છે.

ડૉ. ઉમર ઉન નબીને દિલ્હી બ્લાસ્ટનો માસ્ટરમાઈન્ડ માનવામાં આવે છે. ફરીદાબાદ ટેરર મોડ્યુલમાંથી અગાઉ ૨૯૦૦ કિલો વિસ્ફોટક અને હથિયારો મળી આવ્યા હતા. ફહીમની પૂછપરછથી આતંકીઓના નેટવર્ક વિશે વધુ માહિતી મળી શકે છે. ■

## બસના ટાયર ફાટ્યાના અવાજના ધડાકાથી દિલ્હીવાસીઓ ગભરાયા

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ગઇ કાલે સવારે ફરી એક વખત ધડાકાનો અવાજ સંભળાયો છે, જેથી ફરી એક વખત દહેશતનો માહોલ ફેલાયો હતો. ઉલ્લેખનીય છે કે ૧૦ નવેમ્બરના થયેલા બ્લાસ્ટ બાદ ફરી ધડાકાનો અવાજ આવતા વિસ્તારમાં ગભરાટનો માહોલ ફેલાયો હતો. સૂત્રોની માહિતી પ્રમાણે મહિપાલપુર વિસ્તારમાં રેડિસન હોટલ પાસે સવારે ૦૯:૧૮ વાગ્યે આ અવાજ સંભાળ્યો હતો.

બ્લાસ્ટ અવાજ આવતાની સાથે સ્થાનિકો દ્વારા ફાયર ડિપાર્ટમેન્ટને કરવામાં આવી હતી. જો કે પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. જો કે તપાસમાં જાણવા મળ્યુ કે ડીટીસી બસનું પાછળનું ટાયર ફાટી ગયા હતું, જેના કારણે ધમાકા જેવો અવાજ થયો. પોલીસને ઘટના સ્થળેથી કોઈ સંદિગ્ધ વસ્તુ કે વ્યક્તિ મળી નથી.

દિલ્હી પોલીસે વિસ્તારની ચકાસણી કરી અને પુષ્ટિ કરી કે કોઈ જોખમી પરિસ્થિતિ નથી. ગુરુગ્રામ જઈ રહેલા એક વ્યક્તિએ પોલીસને ફોન કરીને અવાજની જાણ કરી હતી. સ્થાનિક ચોકીદારે જણાવ્યું કે ધૌલા કુઆં તરફ જતી ડીટીસી બસનું ટાયર ફાટ્યું હતું. ત્રણ ફાયર બ્રિગેડની ટીમો હાજર રહી અને સ્થિતિ સામાન્ય હોવાનું જાહેર કર્યું. ૧૦ નવેમ્બરે લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટ બાદ દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા અત્યંત કડક કરી દેવામાં આવી છે. ■

## બ્લાસ્ટ પછી દિલ્હીની બજારો સાવ સુમસામ

નવી દિલ્હીઃ દેશની રાજધાની દિલ્હીના લાલ કિલ્લા વિસ્તારમાં ૧૦ નવેમ્બરના રોજ ઘાતક વિસ્ફોટ થયો હતો. જેના કારણે દિલ્હી સમેત દેશમાં દહેશત ફેલાઈ છે. આ ઘટના બાદ વિવિધ જગ્યા પર પોલીસ સહિત તાપાસ એજન્સીઓ કડક તપાસ હાથ ધરી છે. દિલ્હીના લાલ કિલ્લા, ચાંદની ચોક, જામા મસ્જિદ, મીના બજાર અને ખારી બાવલી જેવા વિસ્તારો, જે ભારતના ઇતિહાસના મહત્વના સાક્ષી રહ્યા છે, આજે સુમસામ જોવા મળી રહ્યા છે. આ વિસ્ફોટ બાદ સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે અને લોકોની અવરજવર બંધ થઈ ગઈ છે. આ ઘટના બાદ સ્થાનિક વેપારીઓના જીવન પર ગંભીર અસર પડી રહી છે. સ્થાનિક વેપારીઓનો ધંધો લગભગ ૯૯ટકા જેટલો ઘટી ગયો છે. ત્યારે વિસ્તારના રિક્ષા ચાલકોનું માનવું છે કે હવે થોડા સમય સુધી કોઈ પણ સવારી મળવી મુશ્કેલ છે. સ્થાનિક લોકોના મત પ્રમાણે વિસ્ફોટ સમયે એવો ધરતીકંપ આવ્યો, કે દુકાનો ધ્રૂજી ગઈ ગ્રાહકો ભાગવા લાગ્યા. જામા મસ્જિદ પાસેની સીડીઓ અને મીના બજારની ગલીઓ, જ્યાં પહેલા પગ મૂકવાની જગ્યા નહોતી, આજે સુમસામ છે. ■

## અલ-ફલાહ યુનિવર્સિટીનું સભ્યપદ સસ્પેન્ડ કરાયું

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય મૂલ્યાંકન અને માન્યતા પરિષદે અલ-ફલાહ યુનિવર્સિટી (જે દિલ્હી વિસ્ફોટ બાદ તપાસ હેઠળ છે )ને તેની વેબસાઇટ પર ખોટા પ્રમાણપત્ર પ્રદર્શિત કરવા બદલ કારણદર્શક નોટિસ જારી કરી હતી. આ સાથે ગઈ કાલે મોડી રાત્રે અસોસિયેશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી (એઆઈયુ)એ અલ-ફલાહ યુનિવર્સિટીનું સભ્યપદ સસ્પેન્ડ કર્યું હતું.

રાષ્ટ્રીય મૂલ્યાંકન અને માન્યતા પરિષદ (નૅક) એક સ્વાયત્ત સરકારી સંસ્થા છે જે કોલેજો અને યુનિવર્સિટીઓ જેવી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની ગુણવત્તાનું મૂલ્યાંકન અને પ્રમાણન કરે છે. તેની કારણદર્શક નોટિસમાં, એનએએસીએ જણાવ્યું હતું કે તેણે નોંધ્યું છે કે યુનિવર્સિટી, "જે એનએએસી દ્વારા માન્યતા પ્રાપ્ત નથી કે માન્યતા માટે અરજી કરી નથી", તેણે તેની વેબસાઇટ પર જાહેરમાં દર્શાવ્યું છે કે તેની કેટલીક કોલેજો એનએએસી-પ્રમાણિત છે. નોટિસમાં વેબસાઇટને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, અલ-ફલાહ યુનિવર્સિટી એ અલ-ફલાહ ચેરિટેબલ ટ્રસ્ટનો પ્રયાસ છે, જે કેમ્પસમાં ત્રણ કોલેજ ચલાવી રહી છે, એટલે કે અલ ફલાહ સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (૧૯૯૭ થી, એનએએસી દ્વારા એ ગ્રેડ), બ્રાઉન હિલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (૨૦૦૮થી), અને અલ ફલાહ સ્કૂલ ઓફ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ (૨૦૦૬થી, એનએએસી દ્વારા એ ગ્રેડ).

આ સંપૂર્ણપણે ખોટું છે અને જનતાને, ખાસ કરીને વાલીઓ, વિદ્યાર્થીઓ અને હિસ્સેદારોને ગેરમાર્ગે દોરે છે,તેવું એનએએસી નોટિસમાં કહેવામાં આવ્યું છે. અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે એનએએસીએ યુનિવર્સિટી પાસેથી સમજૂતી માંગી છે. ■

## ફરીદાબાદની યુનિવર્સિટીનું ફોરેન્સિક ઑડિટ કરાશે

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે હરિયાણાના ફરીદાબાદની અલ-ફલાહ યુનિવિર્સિટીના બધા રેકોર્ડનું ફોરેન્સિક ઑડિટ કરવાનો આદેશ આપ્યો હતો.

દિલ્હીના ધડાકાની કડી આ શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલી હોવાથી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી) અને નાણાકીય વ્યવહાર તપાસતી અન્ય સરકારી એજન્સીઓને યુનિવર્સિટીમાંની નાણાંની લેવડ-દેવડ તપાસવાની સૂચના અપાઇ હતી.

દિલ્હી ધડાકાની તપાસમાંની પ્રગતિની સમીક્ષા કરવા માટે કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરની દોઢ કલાકની મિટિંગમાં સંબંધિત તપાસનો આદેશ અપાયો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે અલ ફલાહ યુનિવર્સિટીના બધા રેકોર્ડનું ફોરેન્સિક ઑડિટ કરાશે. ઇડી અને અન્ય એજન્સી આ શૈક્ષણિક સંસ્થાનો નાણાકીય વ્યવહાર તપાસશે.

દિલ્હીની નજીક હરિયાણાના ફરીદાબાદ જિલ્લામાંની અલ ફલાહ યુનિવર્સિટી ખાનગી શૈક્ષણિક સંસ્થા છે અને તેના કેમ્પસમાં એક હૉસ્પિટલ પણ છે.

ધડાકામાં વપરાયેલી હરિયાણામાં નોંધાયેલી કાર ડૉ. ઉમર નબી ચલાવતો હતો. તે આ યુનિવર્સિટીનો આસિસ્ટન્ટ પ્રોફેસર હતો. આ યુનિવર્સિટીની સાથે સંકળાયેલા ત્રણ ડૉક્ટરની અટક કરાઇ છે.

હરિયાણાના ખાનગી યુનિવર્સિટી ધારા હેઠળ અલ ફલાહ યુનિવર્સિટી રચાઇ હતી. અલ ફલાહ મેડિકલ કૉલેજ યુનિવર્સિટીની સાથે જોડાયેલી છે. (એજન્સી)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નિઠારીકાંડમાં કોલી પણ મુક્ત, ન્યાયની વાતો સાવ બોદી

**એક** સમયે આખા દેશને ખળભળાવી મૂકનારા ૨૦૦૬ના નિઠારીકાંડનો સહ-આરોપી સુરેન્દ્ર કોલી પણ જેલની બહાર આવી જતાં આ દેશમાં ખરેખર ન્યાયના નામે તમાશા સિવાય કશું થતું નથી એ વરવી હકીકત ફરી મોં ફાડીને સામે આવી ગઈ છે. ૨૦૦૫ અને ૨૦૦૬ની વચ્ચે દિલ્હી પાસેના નોઈડાના સેક્ટર ૩૧માં આવેલા નિઠારી ગામમાં અનેક બાળકો અને મહિલાઓ પર ક્રૂરતાથી બળાત્કાર કરીને તેમની હત્યા કરી દેવાઈ હતી. આ પાશવી બળાત્કાર અને હત્યાઓ મોનિન્દરસિંહ પાંઢેર અને તેના નોકર સુરેન્દ્ર કોલીએ કર્યાં હોવાનું બહાર આવ્યું હતું કેમ કે પાંધેરના ઘરમાંથી ૧૯ બાળકો અને સ્ત્રીઓનાં હાડપિંજર મળી આવ્યાં હતાં.

આ ઘટનાએ ખળભળાટ મચાવેલો અને પાંઢેર-કોલી બંને સામે બળાત્કાર અને હત્યાના ૧૯ કેસ નોંધાયા હતા. કોલી સામે ૧૩ ગુનામાં આરોપ મૂકવામાં આવ્યા હતા અને તેમાંથી ૧૨ કેસમાં તેને પહેલાં જ નિર્દોષ જાહેર કરી દેવામાં આવ્યો હતો. છેલ્લા રિમ્પા હલદર કેસમાં પહેલાં કોલીને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી પણ કોલીએ આ ચુકાદાને પડકારતી સુપ્રીમ કોર્ટમાં ક્યૂરેટિવ પિટિશન કરેલી તેમાં એ છૂટી જતાં કોલી સાવ દૂધે ધોયેલો સાબિત થઈ ગયો .

આ કેસમાં કોલીનો શેઠ મોનિન્દર સિંહ પાંઢેર પહેલાં જ જેલની બહાર આવી ગયો છે. પાંઢેરને ૩૦ જુલાઈ, ૨૦૨૫ ના રોજ તમામ આરોપોમાંથી મુક્ત કરીને છોડી મૂકવામાં આવ્યો હતો. કોલી પણ મંગળવારે જેલમાંથી બહાર આવી જતાં નિઠારીકાંડ પર પડદો પડી ગયો છે પણ આ દેશની સિસ્ટમની પોલ ખૂલી ગઈ છે અને ભારતમાં ન્યાયતંત્ર અને તપાસ માટેની એજન્સીઓ ફારસ સિવાય કશું કરી નથી રહી એ સ્પષ્ટ થઈ ગયું છે. ૧૯ બાળકો અને સ્ત્રીઓનાં હાડપિંજર મળ્યાં છતાં આ કાંડમાં કોઈને સજા ના થાય તેનાથી વધારે મોટું ફારસ બીજું શું હોઈ શકે?

નિઠારી કાંડમાં કોલીની મુક્તિએ સીબીઆઈને પણ શંકાના દાયરામાં લાવી દીધી છે કેમ કે આ કેસની તપાસ સીબીઆઈ પાસે હતી. લગભગ બે દાયકા લગી કેસ ચાલ્યા પછી સીબીઆઈ પાંઢેર કે કોલીને સમ ખાવા પૂરતા એક કેસમાં પણ સજા ના અપાવી શકી એ જોતાં ખરેખર તો સીબીઆઈને ખંભાતી તાળાં લગાડી દેવાં જોઈએ. ન્યાયતંત્ર પણ શંકાના દાયરામાં છે કેમ કે પાંઢેર-કોલીને પહેલાં ફાંસીની સજા થઈ હતી. એ પછી અચાનક ચિત્ર બદલાઈ ગયું ને પાંઢેર-કોલી બંને એક પછી એક કેસમાં ધડાધડ છૂટી ગયા. પહેલાં કોર્ટને જે પુરાવા સજા કરવા જેવા લાગેલા એ પુરાવા અચાનક કેમ નકારી કઢાયા એ જ સમજાતું નથી.

સીબીઆઈ માટે શરમજનક વાત એ કહેવાય કે, નિઠારી કાંડ પેચીદો નહોતો પણ એકદમ સીધો ને સરળ કેસ હતો. ન્યાયની ભાષામાં કહીએ તો ઓપન એન્ડ શટ કેસ હતો. ઢગલાબંધ પુરાવા હતા ને છતાં સીબીઆઈ કોઈને સજા ના અપાવી શકી. કોર્ટે પહેલાં પાંઢેર ને પછી કોલીને એ કારણસર જ છોડી મૂક્યા છે કે, આરોપીઓની કબૂલાત સિવાય અન્ય કોઈ જડબેસલાક પુરાવા રજૂ નથી કરી શક્યા.

નિઠારીમાં ૨૦૦૫માં બાળકો અને સ્ત્રીઓ રહસ્યમય રીતે ગુમ થઈ જતાં હતાં અને તેમનો અતોપતો જ નહોતો લાગતો તેથી લોકો હેરાન હતા. બે વર્ષના ગાળામાં આ રીતે કેટલાંય લોકો ગુમ થઈ ગયાં પણ પોલીસ કદી ગુમ થયેલાં લોકોને શોધી ના શકી. પછીથી બહાર આવેલું કે, કેટલાક પોલીસવાળા પાંઢેરના પીઠ્ઠુ હતા તેથી પાંઢેરનાં કુકર્મો સામે આંખ આડા કાન કરીને તેને છાવરતા અને તપાસનો રેલો પાંઢેર સુધી પહોંચવા જ નહોતા દેતા. નોઈડાના સેક્ટર ૩૧માં આવેલા ડી-પાંચ નંબરના ઘરમાં ચાલતી પાપલીલા પોલીસના પાપે જ બે વર્ષ લગી બેરોકટોક ચાલ્યા કરી.

પોલીસને તો રસ જ નહોતો પણ નોઈડામાં બે રહેવાસીઓએ પોતાની ગુમ થયેલી દીકરીઓની તપાસ કરી તેમાં બંને દીકરીઓ છેલ્લા પાંઢેરના ઘર પાસે દેખાઈ હોવાની ખબર પડી. બંનેએ પોલીસને રજૂઆત કરી પણ પોલીસે કશું ના કર્યું એટલે બંને રેસિડેન્ટ વેલ્ફેર એસોસિએશન આરડબલ્યૂએના ભૂતપૂર્વ પ્રમુખ એસ.સી. મિશ્રાનો સંપર્ક કરીને પાંઢેરના ઘરના નોકર સુરિન્દર કોલી પર શંકા વ્યક્ત કરી. મિશ્રા માનવિય અભિગમ ધરાવતા હતા તેથી તરત બંનેને લઈને ટોળાં સાથે ડી-પાંચ મકાન પર ગયા. કોલીએ કકળાટ કર્યો પણ ટોળુ ઘરની પાછળના વંડામાં પહોંચી ગયું ને તપાસ કરી તેમાં એક સડી ગયેલો હાથ મળ્યો તેથી શંકા દૃઢ બની. મિશ્રાએ તરત પોલીસનો સંપર્ક કર્યો. પોલીસે પહેલાં તો આનાકાની કરી પણ ટોળું મોટું હતું એટલે પોલીસનો છૂટકો નહોતો.

પોલીસે પાંઢેરના ઘરમાં ઘૂસીને ખોદકામ કર્યું તો બધાંની આંખો પહોળી થઈ ગઈ. પાંઢેરના ઘરમાંથી થોકબંધ હાડકાં અને હાડપિંજરો મળી આવ્યાં. પોલીસે પાંઢેરની પાછળના નાળામાં તપાસ કરી તો અનેક માનવ હાડપિંજર અને ખોપડીઓ મળી આવી. આટલાં હાડકાં અને હાડપિંજરો મળી આવ્યા પછી પોલીસને પાંઢેર સામે પગલાં લીધા વિના છૂટકો નહોતો. પોલીસે ૨૯ ડિસેમ્બર, ૨૦૦૬નાં રોજ મનિંદરસિંહ પંઢેર અને તેના નોકર સુરેન્દ્ર કોલીની ધરપકડ કરી હતી. પાંઢેર અને કોલીએ પહેલાં તો હાથ જ ના મૂકવા દીધો પણ પોલીસ તપાસમાં તેમનાં ઘરમાંથી બાળકોના ચંપલ, કપડાં અને અન્ય સામાન જપ્ત કર્યો પછી બંનેનાં કુકર્મનાં ભાંડો ફૂટી ગયો.

ઉત્તર પ્રદેશમાં એ વખતે મુલાયમસિંહ યાદવની સરકાર હતી. મુલાયમે પહેલાં તો પોલીસને છાવરવા પ્રયત્ન કર્યા પણ લોકઆક્રોશ જબરદસ્ત હતો ને મીડિયા પણ તૂટી પડેલું. મીડિયામાં બાળકો તથા મહિલાઓ સાથે શું થયું તેને લગતા જાત જાતના રીપોર્ટ્સ છપાતા હતા. પાંઢેર-કોલી નરભક્ષી હતા ને પીડિતોનાં અંગો ખાઈ જતા હોવાની કબૂલાત કરી હોવાના રિપોર્ટ્સ છપાયા હતા. બંને માનવઅંગોના ગંદા ધંધામાં સંડોવાયેલા હોવાના દાવા પણ કરાયા હતા. તેના કારણે લોકોમાં આક્રોશ વધતો જતો હતો તેથી મુલાયમે છેવટે પોલીસની ભૂમિકાની તપાસ માટે સમિત રચી. આ સમિતીની ભલામણોના આધારે થોડાક પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરાયા ને ૨૦૦૭ના જાન્યુઆરીમાં તપાસ સીબીઆઈને સોંપીને હાથ ખંખેરી નાખ્યા.

સીબીઆઈ પાસે તપાસ ગઈ પછી શરૂઆતમાં ભારે ધમાધમી થઈ, દરોડા પડાયા, મજબૂત પુરાવા શોધી કઢાયા હોવાના દાવા પણ કરાયા, ફટાફટ ચાર્જશીટ પણ દાખલ કરી દેવાઈ. તેના આધારે પાંઢેર-કોલીને સજા પણ થઈ પણ પછી બધું બદલાઈ ગયું ને આજની તારીખે બંને બહાર છે.

નિઠારીકાંડમાં જેમણે પોતાનાં બાળકો, દીકરીઓ કે સ્વજનો ગુમાવ્યાં એ લોકોને હાથ બે દાયકા પછી નિરાશા સિવાય કંઈ હાથ લાગ્યું નથી. આ વાત આઘાતજનક કહેવાય ને આપણે ત્યાં ન્યાયની વાતો થાય છે એ સાવ બોદી છે એ પુરવાર કરનારી છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, શુક્રવાર, તા. ૧૪-૧૧-૨૦૨૫, બાલદિન, નહેરુ જયંતી

- ભારતીય દિનાંક ૨૩, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક વદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૪મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની રાત્રે ક. ૨૧-૨૦ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૫૦ સુધી (તા. ૧૫), પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૩, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૪, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- સવારે ક. ૦૭-૩૫, ભરતીઃ રાત્રે ક. ૨૦-૪૨
- ઓટઃ બપોરે ક. ૧૪-૨૮, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૨૭ (તા. ૧૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ - દસમી. બાલદિન, નહેરુ જયંતી, બુધ પશ્ચિમમાં અસ્ત, ભદ્રા બપોરે ક. ૧૨-૦૬ થી ક. ૨૪-૪૯.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ વૈધૃતિ જન્મયોગ શાંતિ પૂજા, વિશેષરૂપે શુક્ર ગ્રહદેવતાનું પૂજન, ભગદેવતાનું પૂજન, મહાલક્ષ્મી પૂજન, ખાખરાનું વૃક્ષ વાવવું, માલ વેંચવો, ખેતીવાડીના કામકાજ, નિત્ય થતાં સ્થાવર લેવડદેવડ, ધાન્ય સંબંધિત, પશુ લે-વેંચ, ઘર-ખેતર જમીન, મકાન લેવડદેવડના કામકાજ. શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ શંકાશીલ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે. બુધ પશ્ચિમમાં અસ્ત થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્યતુલા, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ...તો બિહારને નેપાળ બનાવી દઈશું

## આ નિવેદન કરનાર આરજેડીના એમએલસી સુનીલ સિંહ સામે એફઆઈઆર નોંધાયો

પટણા : રાષ્ટ્રીય જનતા દળના વિધાન પરિષદના સભ્ય સુનીલ સિંહે મતગણતરી અંગે વિવાદાસ્પદ અને ભડકાવનારું નિવેદન કર્યું. બિહારના ડીજીપીના વિનય કુમારના આદેશને અનુસરીને તેમની સામે ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ (એફઆઈઆર) નોંધવામાં આવ્યું છે. આરજેડીએ બચાવ કરતા કહ્યું હતું કે નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું છે.

બિહારમાં શુક્રવારે મતગણતરી છે. અત્યારે રાજ્યમાં રાજકારણનો પારો ઉપર છે. તેમણે કહ્યું હતું કે મતગણતરીમાં કોઈ ગરબડ થઈ તો બિહારને બાંગ્લાદેશ અને નેપાળ બનાવી દઈશું. બીજેડી અને જેડી (યુ)એ આની આલોચના કરી રહ્યું છે. પટણાના સાયબર પોલીસ સ્ટેશનમાં સુનીલ સિંહ સામે એફઆઈઆર નોંધવામાં આવ્યો છે. ડીજીપીએ આને ભડકાવનારું અને કોમી સંવાદિતાને પ્રભાવિત કરનારું નિવેદન ગણાવ્યું છે.

જોકે આરજેડી નેતા પોતાના નિવેદન પર અડગ છે. મારું નિવેદન ખોટી રીતે રજૂ કરવામાં આવી રહ્યું છે. લોકો એને તોડીમરોડીને રજૂ કરે છે. મેં કહ્યું હતું કે જો હાલની સરકાર ખોટી રીતે જીતશે અને અમાર જીતેલા ઉમેદવારોને હરાવવામા આવશે તો બર્દાસ્ત નહીં કરી શકાય, જનતા પૂરી સજાગ છે અને રોડ પર આવવા તૈયાર છે.

આરજેડીના નેતા અને રાજ્યસભાના સાંસદ મનોજ ઝાએ પક્ષના નેતાના નિવેદનનો બચાવ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આ નિવેદનને તોડીમરોડીને રજૂ ન કરો. અમે એક્ઝિટ પોલ માટે કોઈને સ્પોન્સર કર્યા નથી. બિહારની ભાજપની પ્રચાર સભામાં જે ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો એનાથી ખબર પડે છે કે ભાજપ હારી રહ્યો છે.



લેફ. જનરલ ધીરજ શેઠ, વાઈસ એડમિરલ ક્રિષ્ના સ્વામિનાથન, ઍર માર્શલ નાગેશ કપૂર ટ્રાઈ સર્વિસ (સેનાની ત્રણે પાંખ) એક્સરસાઈઝ ૨૦૨૫ દરમિયાન હાથ ધરવામાં આવેલી સંયુક્ત કવાયતની સમીક્ષા કરવા આઈએનએસ વિક્રાંત પર પહોંચ્યા હતા. (એજન્સી)

# દિલ્હીના પ્રદૂષણ સામે માસ્ક પણ નકામાઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ દિલ્હીમાં સતત વધી રહેલા પ્રદૂષણ અંગે ફરી ચિંતા વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશે ગુરુવારે કોર્ટ રૂમમાં વકીલોને પ્રશ્ન કર્યો હતો કે શા માટે તમે બધા અહીં ઉપસ્થિત થયા છો.

એક અહેવાલ મુજબ વરિષ્ઠ વકીલોને સંબોધન કરતાં ન્યાયાધીશ પી. એસ. નરસિંહાએ કહ્યું હતું કે આપણી પાસે વર્ચ્યુઅલ સુનાવણીની સુવિધા છે તેનો ઉપયોગ કરો.

માસ્ક પણ પ્રદૂષણ સામે સલામતી માટે અપૂરતા છે. પ્રદૂષણ કાયમી નુકસાન પહોંચાડશે, એમ તેમણે કહ્યું હતું.

માસ્ક પણ આ સમસ્યાનો ઉકેલ નહીં લાવે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે મુખ્ય ન્યાયાધીશ સાથે આ અંગે અમે વાત કરીશું.

દિલ્હીમાં પ્રદૂષણ સતત વધી રહ્યું છે અને હવાની ગુણવત્તા સતત કથળી રહી છે. ગુરુવારે સવારે આઠ વાગે દિલ્હીના અનેક વિસ્તારમાં ઍર ક્વાલિટી ઈન્ડેક્સ (એક્યૂઆઈ) ૪૦૦ કરતાં વધુ રહ્યો હતો એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ગ્રેડેડ રિસ્પોન્સ ઍક્શન પ્લાન (જીઆરએપી)-૩ અમલમાં હોવા છતાં દિલ્હી અને એનસીઆર વિસ્તારમાં આ પરિસ્થિતિ છે.

બાવના વિસ્તારમાં હવાની ગુણવત્તાનું સ્તર સૌથી ખરાબ રહ્યું હતું. આ વિસ્તારમાં ગુરુવારે સવારે આઠ વાગે એક્યૂઆઈ ૪૬૦ રહ્યો હતો તો દ્વારકામાં ૨૧૬ એક્યૂઆઈ સાથે પ્રદૂષણનું સ્તર સૌથી નીચું રહ્યું હોવાનું સેન્ટ્રલ પોલ્યૂશન કંટ્રોલ બૉર્ડ (સીપીસીબી) દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું. ઈન્ડિયા ગૅટ અને કર્તવ્ય પથ વિસ્તાર પર ધુમ્મસની ચાદર છવાઈ ગઈ હતી. આ વિસ્તારમાં ૩૯૬ એક્યૂઆઈ નોંધાયો હતો. (એજન્સી)

# ગુજરાતમાં પકડાયેલા બંને ત્રાસવાદી એક જ મદરેસામાં હતા

મુઝફ્ફરનગર (ઉત્તર પ્રદેશ) : દેશમાં આતંકવાદી પ્રવૃત્તિઓની વ્યાપક તપાસના ભાગરૂપે ગુજરાત એન્ટિટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ) દ્વારા તાજેતરમાં બે યુવાનોની ધરપકડ કરવામાં આવી છે. આ બંન્ને યુવકો અગાઉ અહીં એક જ મદરેસામાં સાથે અભ્યાસ કરતા હતા. અધિકારીઓએ આ જાણકારી આપી હતી. ધરપકડ કરાયેલા યુવાનો શામલી જિલ્લાના ઝીંઝાના શહેરના દરજી આઝાદ સુલેમાન શેખ (૨૦) અને લખીમપુર ખેરીના મોહમ્મદ સુહેલ ખાન (૨૩) બુધના શહેરના એક સ્થાનિક મદરેસામાં વિદ્યાર્થીઓ હતા. પીટીઆઈ સાથે વાત કરતા બુધના મદરેસાના મોહતમિમ (શિક્ષક) મૌલાના દાઉદે પુષ્ટિ કરી હતી કે બંને યુવાનોએ તેમની સંસ્થામાં હાફિઝ-એ-કુરાન (કુરાન કંઠસ્થ કરનાર)નો અભ્યાસ કર્યો હતો પરંતુ તેમની ધરપકડના ઘણા સમય પહેલા જ તેઓ ત્યાંથી ચાલ્યા ગયા હતા. મૌલાના દાઉદે કહ્યું હતું કે, આઝાદ શેખે ૨૦૧૮ થી ૨૦૧૯ સુધી અહીં અભ્યાસ કર્યો હતો. કોવિડ-૧૯ લોકડાઉન દરમિયાન મદરેસા બંધ થતાં તે ત્યાંથી ચાલ્યો ગયો અને ક્યારેય પાછો ફર્યો નહીં.

મૌલવીએ વધુમાં કહ્યું હતું કે, સુહેલ લગભગ ત્રણ મહિના પહેલા હાફિઝનો અભ્યાસ કરવા આવ્યો હતો પરંતુ પાંચમી નવેમ્બરે તેના પિતાની બીમારીનું કારણ આપીને ત્યાંથી ચાલ્યો ગયો હતો. ત્યારથી તે પાછો ફર્યો નથી.

મદરેસાના વડાએ સ્પષ્ટતા કરી કે સંસ્થા ફક્ત ધાર્મિક શિક્ષણ પ્રદાન કરે છે અને તેનો કોઈપણ ગેરકાયદે પ્રવૃત્તિ સાથે કોઈ સંબંધ નથી. તેમણે કહ્યું હતું કે તેમને મીડિયા રિપોર્ટ્સ મારફતે બે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ધરપકડ વિશે જાણવા મળ્યું હતું. આઝાદના પિતા સુલેમાન ઝિંઝાનામાં એક કામદાર છે કામદાર છે. તેમણે પીટીઆઈને જણાવ્યું હતું કે તેમનો પુત્ર નિર્દોષ છે અને પરિવારને ખબર નથી કે તે ગુજરાત કેવી રીતે પહોંચ્યો. સુલેમાને કહ્યું હતું કે, મારો પુત્ર ૪૦ દિવસની તબલીગી જમાત યાત્રા પર પશ્ચિમ બંગાળ ગયો હતો. બાદમાં તેણે અમને કહ્યું હતું કે તે તેના મદરેસામાં પાછો જઈ રહ્યો છે, પરંતુ તે ક્યારેય ત્યાં પહોંચ્યો નહીં. અમને સમાચાર અહેવાલો દ્વારા તેની ધરપકડ વિશે જાણવા મળ્યું હતું.

શામલીના પોલીસ અધિક્ષક એન.પી. સિંહે જણાવ્યું હતું કે ગુજરાત એટીએસે પૂછપરછ માટે આઝાદની અટકાયત કરી છે અને ઉત્તર પ્રદેશ એટીએસ પણ તેની સમાંતર તપાસ કરી રહી છે.

# ટોરન્ટો-દિલ્હી ફ્લાઇટમાં બૉમ્બની ધમકી, વિમાનનું સલામત લેન્ડિંગ

નવી દિલ્હીઃ કેનેડાના ટોરન્ટોથી દિલ્હી જતી એર ઈન્ડિયાની ફ્લાઇટમાં બોમ્બ હોવાનો ધમકીભર્યો સંદેશ મળ્યા બાદ વિમાને રાષ્ટ્રીય રાજધાનીમાં સુરક્ષિત ઉતરાણ કર્યું હતું. આ જાણકારી સૂત્રોએ આપી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર સવારે દિલ્હી પોલીસને ફ્લાઇટ નંબર એઆઇ ૧૮૮માં બોમ્બ હોવાની ધમકીનો દાવો કરતો એક સંદેશ મળ્યો હતો. ત્યારબાદ દિલ્હી એરપોર્ટ પર બોમ્બ થ્રેટ અસેસ્મેન્ટ કમિટિ(બીટીએસી)ની રચના કરવામાં આવી હતી. તેમજ આ ધમકી 'અનિશ્ચિત' હોવાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું કે આ સંદેશ સવારે લગભગ ૧૧-૩૦ વાગ્યે મળ્યો હતો. આ વખતે બોઇંગ ૭૭૭ વિમાન દ્વારા સંચાલિત ફ્લાઇટ હવામાં હતી અને દિલ્હીથી લગભગ ચાર કલાક દૂર હતી.

# ગાંધીજી-ખેડૂતો માટે અભદ્ર ભાષાઃ કંગના રનૌટ સામે રાજદ્રોહનો કેસ

આગ્રાઃ મહાત્મા ગાંધી અને ખેડૂતો માટે કરેલી કથિત નાલેશીજનક ટિપ્પણી બદલ ફિલ્મ અભિનેત્રી અને હિમાચલ પ્રદેશની સાંસદ કંગના રનૌટ વિરુદ્ધ આગ્રામાં રાજદ્રોહનો કેસ દાખલ કરવામાં આવ્યો હોવાનું અહેવાલ છે.

આગ્રા કોર્ટે ભાજપનાં સાંસદ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી રવિઝિન પિટિશન સ્વીકારી હતી અને કેસની સુનાવણી સ્પેશિયલ એમપી-એમએલએ કોર્ટમાં કરવામાં આવે એવી શક્યતા છે. અહેવાલ મુજબ હિમાચલ પ્રદેશના મંડી લોકસભા મતદારક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરી રહેલી રનૌટે ૨૬ ઑગસ્ટ ૨૦૨૪ના રોજ આપેલા એક ઈન્ટરવ્યૂમાં ખેડૂતો અને દેશના નાગરિકોની લાગણી દુભાય તેવું નિવેદન કર્યું હતું.

ઈન્ટરવ્યૂમાં કંગનાએ કહ્યું હતું કે ખેડૂતોના વિરોધપ્રદર્શન દરમિયાન બળાત્કાર અને હત્યાની ઘટનાઓ બની હતી અને જો સરકારે કૃષિ કાયદા પાછા ખેંચી લીધા ન હોત તો પરિસ્થિતિ વધુ વણસી જાત. ૭, નવેમ્બર ૨૦૨૧ના રોજ કંગનાએ નિવેદન કર્યું હતું કે દેશને સાચી આઝાદી વર્ષ ૨૦૧૪માં મળી હતી જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સત્તા પર આવ્યા હતા.

ફરિયાદીએ કરેલા દાવા મુજબ કંગના રનૌટનું નિવેદન મહાત્મા ગાંધી, ભગતસિંહ અને અન્ય સ્વાતંત્ર્ય સેનાનીએ આપેલા બલિદાન તેમ જ ખેડૂતોનું અપમાન અને અનાદર કરતું હતું.

બંને પક્ષે વિશેષ ન્યાયાધીશ લોકેશકુમાર સમક્ષ પોતાની દલીલ રજૂ કરી હતી. (એજન્સી)



**પ્રદૂષણઃ**
દિલ્હીમાં પ્રદૂષિત યમુના નદીમાં બૉટ ચલાવી રહેલી વ્યક્તિ. (એજન્સી)

# પંજાબમાં આઇએસઆઇના ગ્રેનેડ-અટેક ટેરરિસ્ટ મૉડયુલનો પર્દાફાશ, દસ પકડાયા

ચંડીગઢઃ પંજાબ પોલીસે ગુરુવારે પાકિસ્તાનની જાસૂસી એજન્સી આઈએસઆઈ સમર્થિત ગ્રેનેડ હુમલા મોડ્યુલનો પર્દાફાશ કરીને ૧૦ જણની ધરપકડ કરી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપીઓ પંજાબમાં અશાંતિ ફેલાવવા માટે ગ્રેનેડ હુમલો કરવા માટે પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સ સાથે સંપર્કમાં હતા.

ડીજીપી ગૌરવ યાદવે જણાવ્યું હતું કે કુલદીપ સિંહ, શેખર સિંહ અને અજય સિંહ ઉર્ફે અજય તરીકે ઓળખાતા ત્રણ આરોપીઓ શ્રી મુક્તસર સાહિબના રહેવાસી છે.

તેમણે જણાવ્યું હતું કે કુરિયર અને સુવિધા આપનાર તરીકેની ભૂમિકા બદલ અમરિક સિંહ, પરમિંદર ઉર્ફે ચિરી, વિજય, સુખજીત સિંહ ઉર્ફે સુખ બ્રાર, સુખવિંદર સિંહ, કરણવીર સિંહ ઉર્ફે વિકી અને સાજન કુમાર ઉર્ફે સંજુને અલગ અલગ જેલમાંથી પ્રોડક્શન વૉરંટ પર લાવવામાં આવ્યા છે.

પોલીસ ટીમોએ આરોપીઓ પાસેથી ચાઇનીઝ હેન્ડ ગ્રેનેડ પણ જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓ હેન્ડ ગ્રેનેડના પિકઅપ અને ડિલિવરીમાં સંકલન કરવા માટે મલેશિયા સ્થિત ત્રણ ઓપરેટિવ્સ દ્વારા પાકિસ્તાનસ્થિત હેન્ડલર્સ સાથે સંપર્કમાં હતા. ડીજીપી યાદવે જણાવ્યું હતું કે, હેન્ડલર્સ દ્વારા રાજ્યમાં અશાંતિ ફેલાવવા માટે ગીચ વસ્તીવાળા વિસ્તારમાં ગ્રેનેડ હુમલો કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

તેમણે કહ્યું કે આ કેસમાં આગળ અને પાછળના જોડાણો સ્થાપિત કરવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

લુધિયાણા પોલીસ કમિશનર સ્વપન શર્માએ જણાવ્યું હતું કે વિશ્વસનીય ગુપ્ત માહિતીના આધારે, જોધેવાલ પોલીસ સ્ટેશનમાં શંકાસ્પદ કુલદીપ સિંહ, શેખર સિંહ અને અજય સિંહ સામે એફઆઈઆર નોંધવામાં આવી છે.તેમણે કહ્યું કે, આ મામલાની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને, ઝડપી અને અસરકારક કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે ખાસ ટીમોની રચના કરવામાં આવી હતી.

તેમણે કહ્યું કે વધુ તપાસ વિદેશ સ્થિત માસ્ટરમાઇન્ડ મલેશિયા સ્થિત અજય ઉર્ફે અજય મલેશિયા, જસ બહેબલ અને પવનદીપ તરફ નિર્દેશ કરે છે. શર્માએ જણાવ્યું હતું કે, આ વ્યક્તિઓ વિદેશમાં સાથે રહેતા હોવાનું જાણવા મળે છે અને સ્થાનિક સુવિધા આપનારાઓ અમ્રિક સિંહ અને પરમિંદરના સંપર્કમાં હતા.

# નિઠારીકાંડનો આરોપી સુરેન્દ્ર કોલી મુક્ત

નોઇડાઃ કુખ્યાત નિઠારી હત્યાકાંડના આરોપી સુરેન્દ્ર કોલીને ગ્રેટર નોઇડાની લુક્સર જિલ્લા જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૬માં દેશને હચમચાવી દેનાર શ્રેણીબદ્ધ હત્યાકાંડ સાથે સંબંધિત છેલ્લા પેન્ડિંગ કેસમાં સુપ્રીમ કોર્ટે તેને નિર્દોષ જાહેર કર્યાના એક દિવસ પછી આ પગલું લેવામાં આવ્યું હોવાનું અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.

જેલ અધિક્ષક બ્રિજેશ કુમારે કોલી બુધવારે સાંજે લગભગ ૭-૨૦ વાગ્યાની આસપાસ જેલમાંથી બહાર આવ્યો હોવાની પુષ્ટિ કરી હતી. તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સુરેન્દ્ર કોલીને મુક્ત કરવામાં આવ્યો હતો. કોલી વાદળી શર્ટ, કાળુ પેન્ટ અને ઘેરા વાદળી રંગનું જેકેટ પહેરીને તેના વકીલો સાથે જેલની બહાર નીકળ્યો હતો. તેમના પરિવારના સભ્યો જેલના દરવાજા પર જોવા મળ્યા ન હતા. તેમજ તેણે બહાર એકત્ર થયેલા મીડિયા કર્મચારીઓ સાથે વાત કરવાનો ઇનકાર કર્યો હતો. મુક્તિ બાદ તેને ક્યાં લઇ જવામાં આવ્યો હતો તે તાત્કાલિક જાણી શકાયું નથી.

# પત્નીએ આરજે સાથે મળી મજાક કરતાં પતિએ છૂટાછેડા માટે હાઈ કોર્ટમાં અરજી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં એક કેસ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. પતિએ પોતાની પત્રકાર પત્નીથી છૂટાછેડા લેવા માટે કોર્ટમાં અરજી કરી હતી. પત્નીએ રેડિયો જોકી (આરજે) સાથે મળી પતિ સાથે મજાક કરી હોવાનો આરોપ લગાવીને પતિએ પત્ની પાસેથી છૂટાછેડા માગ્યા હતા. જો કે, આ કેસમાં સુનાવણી કરતા કોર્ટે બંને પક્ષકારોને જરૂરી સૂચના મેળવી આગામી મુદતે અદાલતને જાણ કરવા નિર્દેશ કર્યો હતો. આ કેસમાં હવે આગળની સુનાવણી ડિસેમ્બરમાં થશે તેવું જાણવા મળ્યું છે. આ કેસની મળતી વિગતો અનુસાર ૨૦૦૬માં આ બંનેના લગ્ન થયાં હતાં. પરંતુ લગ્નના ૬ મહિના બાદ પત્નીનો વ્યવહાર બદલાઈ ગયો હોવાનો પતિએ આરોપ લગાવ્યો છે. સોસાયટીમાં પાળતુ પ્રાણી રાખવા પર પ્રતિબંધ હોવા છતાં પણ પત્નીએ શેરીના શ્વાન ઘેર લાવીને પાળવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન એક વખત શ્વાને પતિને બચકું ભર્યું હોવાનું પણ અરજીમાં જણાવવામાં આવ્યું હતું. સોસાયટીના લોકોએ શ્વાનના મામલે ૨૦૦૮માં પોલીસ ફરિયાદ પણ કરી હતી. પતિએ આક્ષેપો કર્યાં તે પ્રમાણે, તેની પત્રકાર પત્નીએ ૨૦૦૭માં આરજે સાથે મળી તેના ચારિત્ર્ય મામલે મજાક કરી હતી, જેનાથી તે અપમાનજનક સ્થિતમાં મુકાયા હતા. જેના કારણે પતિએ ક્રૂરતાના ગ્રાઉન્ડ પર પત્ની પાસેથી છૂટાછેડા લેવાનો નિર્ણય કર્યો હતો. ૨૦૧૭માં અમદાવાદ ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરવામાં આવી હતી. આ દરમિયાન પત્નીએ પોતાનો બચાવ કરતા કહ્યું હતું કે, તેના પતિએ તેને પ્રાણીઓને પ્રેમ કરતા શીખવ્યું હતું. પત્નીએ કોર્ટમાં પતિના શ્વાનોને વહાલ કરતા ફોટોગ્રાફ્સ પણ રજૂ કર્યા હતાં. જેથી ૨૦૨૪માં ફેમિલી કોર્ટે આ અરજી ફગાવી દીધી હતી. પતિના કહ્યા પ્રમાણે બંનેની ઉંમર ૪૧ વર્ષની આસપાસ હોવાથી બીજા લગ્ન કરવાનો વિકલ્પ શક્ય બને છે. પતિનું કહેવું છે કે તેમનું લગ્ન જીવન હવે તૂટી ગયું છે. જેથી પતિએ કાયમી ભરણપોષણ પેટે રૂપિયા ૧૫થી ૨૦ લાખ આપવાની ઓફર આપી હતી. પરંતુ સામે પત્નીએ રૂપિયા ૨ કરોડની માગણી કરી છે. હાઈ કોર્ટ આ કેસની આગામી સુનાવણી ૧ ડિસેમ્બરે થશે તેવું એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું.

# એમડી ડ્રગ્સ બનાવતી ગેંગ ઝડપાઈઃ ગુજરાતમાંથી ત્રણની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત અને રાજસ્થાનમાં ડ્રગ્સની ફેક્ટરીઓ ચલાવતા પાંચ પેડલર્સને નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરોના અધિકારીઓએ ઝડપી લીધા હતા. આ પાંચેયનો ડ્રગ્સ બનાવવામાં મહત્ત્વનો રોલ હતો. રાજસ્થાનના શિરોહી જિલ્લાના રેવદર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા દાંતરાઈ ગામના એક ખેતરમાં મકાનની અંદર એમડી ડ્રગ બનાવવાની ફેક્ટરી ચાલતી હોવાની માહિતી જોધપુર નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના અધિકારીઓને મળતા દરોડા પાડી સો કિલો ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો હતો, જેની ઇન્ટરનેશનલ માર્કેટ વેલ્યૂ અંદાજે રૂ. ૩૫ થી ૪૦ કરોડ આંકવામાં આવે છે.

નાર્કોટિક્સના અધિકારીઓએ ગુજરાતના ડીસાના બે અને ભરૂચ અંકલેશ્વરમાં રહેતા એક મળીને કુલ પાંચ ડ્રગ્સ પેડલરોની ધરપકડ કરીને ગુજરાત અને રાજસ્થાનની વચ્ચે વેચાણ કરતી ગેંગને પકડી પાડી હોવાની માહિતી મળી હતી.

જોધપુર નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના જોનલ ડાયરેક્ટર ઘનશ્યામ સોનીનો સંપર્ક સાધવામાં આવતા તેમણે જણાવ્યું કે તારીખ ૧૨ અને ૧૩ નવેમ્બરના રોજ મોડી રાત્રે ખેતરમાંથી ફેક્ટરી પકડી પાડી હતી. ત્યારબાદ અમદાવાદ નાર્કોટિક્સની ઝોનલ ઓફિસ અને ગાંધીનગર સીઆઈડી ક્રાઈમની કચેરીના અધિકારીઓનો સંપર્ક કરીને રાજસ્થાનના બાલોતરાના રહેવાસી ભાવેશ ઉર્ફે ભૂરા રામ, ગુજરાતના ડીસાના મોતીભાઈ અને અશ્વિનની ધરપકડ કરવામાં આવી હતી. આ ઉપરાંત જાલોરના ખારી ગામના વાલા રામ અને ભરૂચ અંકલેશ્વરના અજીત પટેલની ધરપકડ કરવામાં આવી હતી.

અગાઉ સેન્ટ્રલ નાર્કોટિક્સ બ્યુરોના અધિકારીઓએ ૨૮ ઓક્ટોબરના રોજ બે કિલોગ્રામ એમડી ડ્રગ્સ સાથે શંકર નામના શખ્સની રાજસ્થાનના કોટા નજીકથી ધરપકડ કરી હતી. તે દરમિયાન ભાવેશ અને વાલારામ ભાગી ગયા હતા. આ સમગ્ર કેસમાં અજીત પટેલ માસ્ટરમાઈન્ડ હોવાનું જ્યારે વાલારામ અને અશ્વિન ભાગેડુ હતા, તેમને અમદાવાદ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો અને ગાંધીનગર સીઆઈડી ક્રાઈમની મદદથી ઝડપી લેવામાં આવ્યા હતા.

# શંકાસ્પદ ગતિવિધિના કારણે માંગરોળમાંથી જમ્મુ-કાશ્મીરના બે યુવકની અટકાયત કરાઈ

અમદાવાદઃ દિલ્હીમાં થયેલા કાર બ્લાસ્ટ બાદ દેશભરમાં સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. ગુજરાતભરમાં પણ સુરક્ષા એજન્સીઓએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જૂનાગઢ સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ દ્વારા જૂનાગઢ જિલ્લાના માંગરોળમાંથી બે શંકાસ્પદ કાશ્મીરી યુવકોને ઝડપી પાડવામાં આવ્યા હતાં. જૂનાગઢ એસઓજીએ બાતમીના આધારે માંગરોળ શહેરમાં ખાનગી હોસ્પિટલ નજીકથી બે શંકાસ્પદ કાશ્મીરી યુવકોની અટકાયત કરી હતી. તે બંને શંકાસ્પદોને પૂછપરછ માટે જૂનાગઢ એસઓજી ખાતે મોકલવામાં આવ્યા હતા. આ બંને શંકાસ્પદ યુવકો જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લાના રહેવાસી છે. બંને કાશ્મીરીઓ ટ્રેન મારફત માંગરોળ પહોંચ્યા હતા અને અહીં એક હોટેલમાં રોકાયા હતા. એટલું જ નહીં પરંતુ આ બંને કાશ્મીરી શખ્સો માંગરોળ તેમજ આસપાસની મદરેસાઓમાંથી ફાળો ઉઘરાવતા હોવાનો આરોપ છે. આ લોકો શા માટે ગુજરાતમાં આવ્યા અને તેમનો હેતુ શું છે તે મામલે પૂછપરછ શરૂ કરી દેવામાં આવી હતી. આ સાથે ગીર સોમનાથના ઉના તાલુકાના નવાબંદરમાં પણ પોલીસે કાર્યવાહી કરી હતી.

# પી.એમ.જે.એ.વાય.-મા યોજનામાંથી જામનગરની હૉસ્પિટલને સસ્પેન્ડ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરકારી યોજનામાં ગેરરીતિ આચરતી હોસ્પિટલો સામે સતત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત જામનગરની જેસીસી હાર્ટ ઇન્સ્ટિટ્યૂટમાં પી.એમ.જે.એ.વાય.-મા યોજનાની માર્ગદર્શિકાનું પાલન થતું ન હોવાથી અને ગેરરીતિ આચરાતી હોવાથી આ યોજનાની કામગીરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવી છે. આ હોસ્પિટલને કુલ ૧૦૫ કાર્ડિયાક પ્રોસીઝરમાં ગેરરીતિ બદલ રૂ. ૬ લાખથી વધુનો દંડ પણ કરવામાં આવ્યો છે.

આ અંગે આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આરોગ્ય સેવાઓને વધુ સુચારુ પારદર્શક અને લોકહિતકારી બનાવવા સતત પ્રયત્નશીલ છે. પી.એમ.જે.એ.વાય.-મા યોજના ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકો માટે આશીર્વાદ સમાન છે, તેથી કોઈપણ પ્રકારની ગેરરીતિ કે માનવતા વિરોધી બેદરકારી સહન કરવામાં નહીં આવે.

આરોગ્ય પ્રધાન પાનશેરીયાએ કહ્યું હતું કે, જામનગરની જેસીસી હાર્ટ ઇન્સ્ટિટ્યૂટના ડો.પાર્શ્વ વ્હોરા (જી-૨૮૫૩૮) દ્વારા કાર્ડિયોલોજી અને કાર્ડિઓવાસ્ક્યુલર થોરાસિક સર્જરીમાં કરવામાં આવતી ક્ષતિના કારણે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ હોસ્પિટલ દ્વારા યોજનાના બે કેસમાં લેબોરેટરી રિપોર્ટમાં અને ૧ કેસમાં ઈસીજી રિપોર્ટમાં છેડછાડ કરી લાભાર્થીઓને કાર્ડિયાક પ્રોસિઝરની જરૂરિયાત હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજ્યકક્ષાએથી આ હોસ્પિટલ દ્વારા કરવામાં આવેલા ૨૬૨ કેસની વધુ તપાસ કરાવતા ૫૩ કેસમાં વિસંગતા જોવા મળી હતી. જેમાં જરૂર ના હોય તેવા કેસમાં પણ કાર્ડિયાક પ્રોસિઝર કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

# મેઘરજમાં આવેલી જોધપુર સ્વીટ માર્ટને ફૂડ સેફ્ટી વિભાગે ૫૦ હજારનો દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અરવલ્લી જિલ્લામાં આવેલા મેઘરજમાં એક જાણીતી સ્વીટ માર્ટમાંથી લેવાયેલા મિક્સ ચવાણાના નમૂનામાં પ્રતિબંધિત સિન્થેટિક કલર (ટેટ્રાઝીન) મળી આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું.

આ મામલે કાર્યવાહી કરતા ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા દુકાનદારને રૂપિયા ૫૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. થોડા દિવસો પહેલા અહીંથી મિક્સ ચવાણાનો નમૂનો લઈને તપાસ કરવા માટે વડોદરા સ્થિત લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો. જે બાદ કાર્યવાહી કરવામાં આવી હતી. ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા થોડા દિવસ પહેલા આ સ્વીટ માર્ટ ખાતેથી ખાદ્ય ચીજોના નમૂના લેવામાં આવ્યા હતા. જે નમૂનો વડોદરા સ્થિત લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યો હતો.

લેબોરેટરીમાં તપાસ થયા બાદ તેનો ચોંકાવનારો રિપોર્ટ પ્રકાશમાં આવ્યો હતો.

લેબ રિપોર્ટ પ્રમાણે, મિક્સ ચવાણાનો આ નમૂનો સબ-સ્ટાન્ડર્ડ હોવાનું અને તેમાં પ્રતિબંધિત ટેટ્રાઝીન કલર હાજર હોવાનું બહાર આવ્યું હતું. ખોરાક સુરક્ષા કાયદા હેઠળ ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા આ દુકાનદાર સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આવતી કાલે યોજાશે ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયનો દીક્ષાંત સમારોહ

અમદાવાદઃ વડોદરાના કુંઢેલા ગામ પાસે આવેલી ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયનો છઠ્ઠો દીક્ષાંત સમારોહ યોજાવા જઈ રહ્યો છે. આવતી કાલે ૧૫મી નવેમ્બરે આ છઠ્ઠો દીક્ષાંત સમારોહ યોજાશે. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને યુનિવર્સિટીના ચાન્સેલર ડૉ. હસમુખ અઢિયા ઉપસ્થિત રહેશે. આ છઠ્ઠા દીક્ષાંત સમારોહમાં કુલ ૬૬૨ વિદ્યાર્થીઓને ડિગ્રી અને ૪૭ વિદ્યાર્થીને મેડલ આપવામાં આવશે. ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયમના આ કાર્યક્રમમાં સ્નાતક, અનુસ્નાતક, એમ ફિલ અને પીએચડીની ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીને ડિગ્રી એનાયત કરવામાં આવશે. યુનિવર્સિટીમાં સ્નાતક અભ્યાસક્રમના ૧૧૦ વિદ્યાર્થીઓ, અનુસ્નાતક અભ્યાસક્રમના ૪૨૮ વિદ્યાર્થીઓ, એમ.ફીલના ૪ વિદ્યાર્થીઓ અને પીએચડીના ૧૨૦ વિદ્યાર્થીને ડિગ્રી એનાયત કરવામાં આવશે. આ સાથે સાથે ૧૮ વિદ્યાર્થીઓ અને ૨૯ વિદ્યાર્થિનીઓને પણ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે. આ દીક્ષાંત સમારોહ અંગે વાઇસ ચાન્સેલર રામા શંકર દુબેએ જણાવ્યું હતું કે ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના છઠ્ઠો દીક્ષાંત સમારોહ આગામી તારીખ ૧૫ નવેમ્બરના રોજ સાંજે પાંચ વાગ્યે કુંઢેલા ખાતે યોજાવાનો છે. આ કાર્યક્રમમાં ૬૬૨ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને ડિગ્રી એનાયત કરવામાં આવશે. આ સાથે ૪૭ વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે. અહીંયા આખા દેશના અલગ અલગ રાજ્યના વિદ્યાર્થીઓ એડમિશન લે છે.

# બે યોજના દ્વારા ગુજરાતના લાખો પશુઓને ઘરેબેઠા વિનામૂલ્યે મળી તબીબી સારવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આજે પશુપાલન એ કૃષિના પૂરક વ્યવસાયથી આગળ વધીને અનેક પશુપાલકો માટે આર્થિક ઉન્નતિનો સ્વતંત્ર વ્યવસાય બન્યો છે. આ પશુઓને સમયસર, ઘરબેઠા તબીબી સેવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા બે યોજનાઓ હેઠળ કામગીરી થાય છે. રાજ્યના ખૂણે-ખૂણે વસતા પશુઓ માટે સમયસર અને ગુણવત્તાયુક્ત તબીબી સેવાઓ પહોંચાડવા માટે ગુજરાત સરકાર દ્વારા ૧૦ ગામ દીઠ એક ફરતું પશુ દવાખાનું યોજના અમલમાં મૂકવામાં આવી હતી. ત્યારબાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશમાં મોબાઈલ વેટરિનરી યુનીટ (એમવીયુ)ની નવી યોજના સમગ્ર દેશમાં અમલમાં મૂકવામાં આવી હતી, જેનો ગુજરાતમાં બે વર્ષથી અમલ થઈ રહ્યો છે. ગુજરાતના ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા પશુપાલકો માટે પશુ દવાખાના સુધી બીમાર પશુને લઈ જવું એક મોટો પડકાર હોય છે. રસ્તા, વાહનની સગવડ કે સમયના અભાવે ઘણીવાર પશુઓને સમયસર સારવાર મળતી નથી, જેના કારણે પશુધનને નુકસાન થાય છે અને પશુપાલકને આર્થિક ફટકો પડે છે. આ સમસ્યાના નિવારણ માટે (એમવીયુ)યોજના અમલમાં આવી હતી. જેના માધ્યમથી ફરતા પશુ દવાખાનાં ઘરે બેઠા પશુઓને સારવાર પૂરી પાડે છે. આ સેવા ખાસ કરીને ટોલ-ફ્રી હેલ્પલાઇન નંબર ૧૯૬૨ દ્વારા કાર્યરત છે, જેના પર એક ફોન કરતાં જ સજ્જ વેટરનરી વાન પશુની સારવાર માટે સ્થળ પર પહોંચી જાય છે. દરેક યુનિટ એક સંપૂર્ણ નાનું પશુ દવાખાનું હોય છે, જેમાં એક પશુ ચિકિત્સક અને એક વાહન ચાલક સહાયકનો સ્ટાફ હોય છે.

મોબાઈલ વેટરિનરી યુનિટ યોજના અંતર્ગત ભારત સરકાર તરફથી ગુજરાતને ૧૨૭ ફરતા પશુ દવાખાના ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં હતાં. ગત બે વર્ષના સમયગાળામાં આ ફરતા પશુ દવાખાનાના માધ્યમથી રાજ્યના આશરે ૫.૮૩ લાખથી વધુ પશુઓને તેમના ગામમાં જઈને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી છે.

આ યોજના ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા અમલમાં આવેલી ૧૦ ગામ દીઠ એક ફરતું પશુ દવાખાના યોજના અંતર્ગત પણ હાલમાં ૪૬૦ ફરતા પશુ દવાખાના રાજ્યના દરેક ગામ સુધી પશુ સારવાર સેવાઓ પૂરી પાડી રહ્યા છે. આ યોજના અમલમાં આવી ત્યારથી અત્યાર સુધીમાં ફરતા પશુ દવાખાનાના માધ્યમથી રાજ્યના કુલ ૮૫ લાખ જેટલા પશુઓને ઘર આંગણે વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

# સુરતના આઉટર રિંગ રોડ પ્રોજેક્ટ માટે મનપાએ રાજ્ય સરકાર પાસે માગી ગ્રાન્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં ઘણો જરૂરી માનવામાં આવતા રિંગ રોડ પ્રોજેક્ટ માટે સુરત મહાનગરપાલિકાએ રાજ્ય સરકાર પાસેથી રૂ. ૩૦૦થી ૪૦૦ કરોડની ગ્રાન્ટ માગી હતી. મળતી માહિતી અનુસાર સુરત મનપાના અધિકારીઓ અને પદાધિકારીઓ ગાંધીનગર ખાતે નાણા પ્રધાન કનુભાઈ દેસાઈને આ સંદર્ભે મળ્યા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

આ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો ૧૭.૩૧ કિલોમીટર સુધી ફેલાયેલો છે અને તેનો ખર્ચ રૂ. ૪૮૬ કરોડ થવાનો અંદાજ છે, જેમાં રસ્તાના કામો, વાહનો માટે અંડરપાસ, ફ્લાયઓવર અને અન્ય માળખાગત સુવિધાઓનો સમાવેશ થાય છે. જ્યારે આમાંના કેટલાક કામો પાછલા વર્ષોમાં પૂર્ણ થવાનું આયોજન હતું, પરંતુ અમૂક કામ અધૂરાં રહી ગયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અધિકારીઓએ પ્રોજેક્ટને ઝડપથી પૂર્ણ કરવાનો હેતુ રાખીને ટેન્ડરો બહાર પાડી કામ ઝડપી બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે આ સુવિધા માટે આશરે ૩૦૦-૪૦૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટની વિનંતી કરી હોવાનું એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું.

વર્ષ ૨૦૧૯માં શરૂ થયેલ આઉટર રિંગ રોડ પ્રોજેક્ટ ધીમી ગતિએ આગળ વધી રહ્યો છે. અગાઉ, રાજ્ય સરકારે જાહેરાત કરી હતી કે આ પ્રોજેક્ટ ૨૦૨૩ સુધીમાં પૂર્ણ થશે, પરંતુ બે વર્ષ પછી પણ ઘણું કામ બાકી હોવાનું જાણવા મળી રહ્યું છે.

મનપાએ આ પ્રોજેક્ટ તબક્કાવાર હાથ ધર્યો છે, પરંતુ કામ ધીમી ગતિથી ચાલુ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ પ્રોજેક્ટને ઝડપી બનાવવા માટે વધારે સંસાધનોની જરૂર હોવાનું અધિકારીઓ જણાવી રહ્યા છે. રાજ્યએ અગાઉ ખાસ આર્થિક ક્ષેત્ર હેઠળ દક્ષિણ ક્ષેત્ર માટે ભંડોળ ફાળવ્યું હતું.

# ભારત સરકારે બનાસકાંઠાના અંબાજી વિસ્તારના માર્બલને જીઆઈ ટેગ આપ્યો

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાના પવિત્ર યાત્રાધામ અને શક્તિપીઠ તરીકે પ્રસિદ્ધ અંબાજી હવે માત્ર ધાર્મિક આસ્થાની સાથે તેની ધરતીમાંથી નિકળતા શુદ્ધ સફેદ માર્બલ માટે પણ વિશ્વમાં આગવી ઓળખ ધરાવે છે. અંબાજી વિસ્તારના માર્બલને ભારત સરકારે જિયોગ્રાફિકલ ઈન્ડિકેશન-જીઆઈ ટેગ તરીકે માન્યતા આપી છે. આથી અંબાજી માર્બલ હવે સત્તાવાર રીતે સુરક્ષિત અને વૈશ્વિક સ્તરે ઓળખ ધરાવતું ઉત્પાદન બની ગયું છે.

આ ટેગ સાથે અંબાજી માર્બલનું માન વધ્યું છે અને હવે તે વિશ્વના નકશા પર ગુજરાતની નવી ઓળખ તરીકે ચમકશે, તેમ ગુજરાત સરકારે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું. અંબાજી માર્બલ માટેની આ નોંધણી અંબાજી માર્બલ ક્વૉરી ઍન્ડ ફેક્ટરી એસોસિયેશનના નામે કરવામાં આવી છે, જેમાં સ્ટોન આર્ટિસન પાર્ક ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ, કમિશ્નર ઓફ જીઓલોજી અને માઇનિંગ અને બનાસકાંઠાના કલેક્ટરની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. જેના માટે બનાસકાંઠા જિલ્લા કલેક્ટર મિહિર પટેલે આ સિદ્ધિ બદલ બનાસ વાસીઓ અને અંબાજી માર્બલ ક્વૉરી અને ફેક્ટરી એસોસિયેશનને અભિનંદન પાઠવ્યા હતા. અંબાજી વિસ્તારનો માર્બલ તેની દૂધિયા સફેદ ચમક, ટકાઉપણું અને પ્રાકૃતિક સૌંદર્ય માટે જાણીતા છે.

આ માર્બલનો ઉપયોગ અંબાજી મંદિર સહિત અનેક ધાર્મિક સ્થળો, સ્મારકો અને ભવ્ય ઈમારતોમાં થાય છે. તે ગુજરાતની ધરતીની કુદરતી સૌંદર્ય અને પરંપરાગત હસ્ત કૌશલ્યનું પ્રતીક છે.

# સીબીઆઈએ સાયબર ક્રાઈમ માટે માનવ તસ્કરીમાં સંડોવાયેલા બે એજન્ટની ધરપકડ કરી

અમદાવાદઃ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) એ મ્યાનમાર સ્થિત સાયબર ક્રાઈમ સ્કેમ કમ્પાઉન્ડમાં ભારતીય નાગરિકોની ગેરકાયદેસર હેરફેર સંબંધિત બે કેસ નોંધ્યા હતા. બે આરોપીઓ સોયલ અખ્તર અને મોહિતગીરીની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસ માનવ તસ્કરી અને ખોટી રીતે કેદ કરવાના ગુનાઓ સાથે સંબંધિત છે, જેમાં આજીવન કેદ સુધીની સજા થઈ શકે છે.

તાજેતરમાં, ભારત સરકારે મ્યાનમારથી સાયબર ગુલામીના ઘણા પીડિતોને બચાવવામાં મદદ કરી છે. તપાસ દરમિયાન, સીબીઆઈએ વિદેશી સ્કેમ કમ્પાઉન્ડ વતી કાર્યરત અનેક એજન્ટોની ઓળખ કરી. આવા બે એજન્ટો, જેમણે રાજસ્થાન અને ગુજરાતથી પીડિતોની આ કમ્પાઉન્ડમાં હેરફેર કરી હતી, તેઓ બચાવાયેલા વ્યક્તિઓ સાથે ભારત પરત ફરતા જોવા મળ્યા હતા અને પહોંચ્યા પછી તરત જ તેમની ધરપકડ કરવામાં આવી હતી.

તપાસમાં બહાર આવ્યું છે કે મોટી સંખ્યામાં શંકાસ્પદ ભારતીય નાગરિકોને મ્યાનમારના સ્કેમ કમ્પાઉન્ડમાં ઘણીવાર થાઇલેન્ડ થઈને તસ્કરી કરવામાં આવી રહ્યા છે. એક સંગઠિત આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટ આ વ્યક્તિઓને ઉચ્ચ પગારવાળી નોકરીઓ અને વિદેશમાં આકર્ષક રોજગારની તકોના ખોટાં વચનો દ્વારા લલચાવે છે. ભારતમાંથી બહાર કાઢવામાં આવ્યા પછી, તેમને મ્યાનમાર મોકલવામાં આવે છે જ્યાં તેમને બંધક બનાવવામાં આવે છે અને મોટા પાયે સાયબર છેતરપિંડીની કામગીરીમાં ભાગ લેવા માટે દબાણ કરવામાં આવે છે, જેમાં ડિજિટલ ધરપકડ કૌભાંડો, રોકાણ કૌભાંડો અને અન્ય છેતરપિંડીનો સમાવેશ થાય છે.

# ગુજરાત સરકારે ખેડૂતો માટે જાહેર કરેલા વળતર માટે આજથી ઑનલાઈન અરજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં થયેલા કમોસમી વરસાદને લીધે ખેડૂતોને થયેલાં નુકસાન માટે રાજ્ય સરકારે વળતર પેકેજ જાહેર કર્યું હતું. હવે આ અંગે કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જાહેરાત કરતા જણાવ્યું હતું કે આ પેકેજનો લાભ મેળવવા માટે ૧૪ નવેમ્બર, શુક્રવાર બપોરે ૧૨ કલાકથી ૧૫ દિવસ સુધી ઓનલાઈન પોર્ટલ કાર્યરત કરાશે.

આ કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ કૃષિ રાહત પેકેજ-કેઆરપી પોર્ટલ કશક્ષસઃ વર્ીાંતઃ//સાિ.લીષફફિ.િલક્ષદ.શક્ષ પર ગ્રામ પંચાયતના વીસીઈ અથવા વીસીએલ મારફત ઓનલાઈન અરજી કરવાની રહેશે. ખેડૂતોએ ઓનલાઇન અરજી કરવા માટે કોઈ ચૂકવણું કરવાનું રહેશે નહી. આ પેકેજ અંતર્ગત ખેડૂતોને સહાય ડાયરેક્ટ બેંક ટ્રાન્સફર (ડીટીપી) પદ્ધતિથી લાભાર્થીના બેન્ક ખાતામાં સીધી જમા કરવામાં આવશે. આ માટે ૧૬,૫૦૦ થી વધુ ગામોનું ઓનલાઈન અરજી માટે પોર્ટલ સાથે મેપિંગ કરવામાં આવશે. નિયમાનુસાર પાત્રતા ધરાવતી અરજીઓ જેમ જેમ આવતી જશે તેમ તેમ તેની ચકાસણી બાદ તાત્કાલીક સહાય ચુકવણા માટેની કાર્યવાહી કરવામાં આવશે. જરૂર જણાયે પોર્ટલ પર અરજી કરવાની સમય મર્યાદામાં વધારો કરવા પણ રાજ્ય સરકાર સકારાત્મક અભિગમ ધરાવે છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

# માતાની બીમારીના કારણે રજા પાડી તો નોકરીમાંથી કાઢી મૂકીઃ અભયમ્ ટીમ આવી મદદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા પંથકની એક મહિલા પિયરમાં રહીને પોતાનું અને પોતાની માતાનું ગુજરાન ચલાવવા માટે નોકરી કરી રહી હતી, પરંતુ દુકાનદારે મહિલાની જરૂરિયાતનો ફાયદો ઉઠાવી તેને પગાર આપ્યો ન હતો અને તેને નોકરીમાંથી છુટ્ટી કરી નાખી હતી. જોકે મહિલાએ જાગૃતતા અને હિંમત દાખવીને ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર ફોન કરી મદદ માગી હતી. ૧૮૧ અભયમ હેલ્પલાઇનની ટીમે આ મહિલાની વહારે આવી અને મદદ કરી હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી છે.

દુકાનદારે મહિલા સાથે અન્યાય કરીને તેને નોકરીમાંથી કાઢી મૂકી હતી, જે અંગે રજૂઆત મળતા મહેસાણા ખાતે કાર્યરત ૧૮૧ અભયમની ટીમ તુરંત મદદ માટે મહિલા પાસે પહોંચી ગઈ હતી. અભયમની ટીમે મહિલાની રજૂઆત સાંભળી હતી, જ્યારે દુકાનદાર સાથે વાત કરવામાં આવી ત્યારે દુકાનદારે જણાવ્યું હતું કે, તે મહિલાએ તહેવારો ટાણેની સારી સીઝનમાં જ લાંબી રજાઓ પાડી હતી, જેના કારણે નુકસાન થયું હોવાથી તેને છૂટી કરી દેવામાં આવી હતી.

મહિલાએ પોતાની માતાની તબિયત ખરાબ હોવાના કારણે રજા પાડી હોવાનું જણાવ્યું હતું. જેથી અભયમની ટીમે દુકાનદાર સાથે કાઉન્સેલિંગ કરીને મહિલાનો બાકી રહેતો પૂરો પગાર અપાવ્યો હતો. એટલું જ નહીં પરંતુ મેડિકલ ઇમર્જન્સીના કારણે રજા પાડી હોવાથી નોકરી પરથી કાઢી ના શકાય તેવું સમજાવતા દુકારદારે મહિલાને પાછી નોકરી પર રાખી લીધી હતી. જો કે, હવે મહિલાએ આ દુકાન પર નોકરી કરવાની ના પાડી દીધી હોવાનું જાણવા મળ્યું છે.

# વિશ્વ મધુપ્રમેહ દિવસઃ ગુજરાતમાં એક કરોડથી વધુ નાગરિકોની વિનામૂલ્યે ડાયાબિટીસ તપાસ થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જીવનશૈલી સંબંધિત રોગ મધુપ્રમેહ (ડાયાબિટીસ) સમગ્ર વિશ્વ અને દેશ માટે મોટો પડકાર બની ગયો છે. માત્ર ઉંમરલાયક જ નહીં, પરંતુ નાનાં બાળકો, યુવાનો પણ આ રોગના શિકાર બની ગયા છે. બિનચેપી રોગોનું પ્રમાણ ઘટાડવા માટે રાજ્ય સરકારે અનેક સ્વાસ્થ્ય સંબંધી યોજનાઓ અમલી બનાવાઈ છે.

કેન્દ્ર સરકારના નેશનલ એન.સી.ડી. પોર્ટલ પર તા.૦૭ નવેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં ૩૦થી વધુ વયનાં નાગરીકોનું આશા દ્વારા સૂચિત વયજૂથમાંથી કુલ ૧.૭૦ કરોડ નાગરિકોનું કોમ્યુનિટી બેઝ્ડ એસેસમેન્ટ ચેકલીસ્ટ ફોર્મ ભરાયું છે. જેમાંથી કુલ ૧.૬૮ કરોડ નાગરીકોનું બિનચેપી રોગો માટે સ્ક્રીનીંગ કરાયું છે. જેમાંથી હાયપરટેન્શનના કુલ ૩૯,૪૭,૬૧૦ અને ડાયાબિટીસના કુલ ૨૯,૭૭,૩૨૬ નાગરીકોનું વિનામૂલ્યે નિદાન કરાયું છે.

જ્યારે ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતમાં બિનચેપી રોગોની અટકાયત માટે એન.સી.ડી. સ્ક્રીનિંગ ડ્રાઇવ કેમ્પેઇનમાં ૩૦ વર્ષ કે તેથી વધુ વયનાં લોકો પૈકી ડાયાબિટીસ માટે કુલ ૧,૦૫,૧૧,૨૭૩ નાગરીકોની વિનામૂલ્યે તપાસ કરાઈ હતી. જેમાંથી ડાયાબિટીસ અને હાયપરટેન્શનમાં નિદાન પામેલ દર્દીઓને આરોગ્ય કેન્દ્રો-હૉસ્પિટલો ખાતેથી દાક્તરી સલાહ મુજબ વિનામૂલ્યે સારવાર અપાઈ હતી. આ ઉપરાંત સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન અંતર્ગત રાજ્યની કુલ-૧૫,૭૪,૬૫૩ મહિલાનું ડાયાબિટીસ માટે તપાસ કરી નિદાન કરવામાં આવ્યું હોવાનું રાજ્ય સરકારે જણાવ્યું હતું.

આજે વિશ્વ મધુપ્રમેહ દિવસ નિમિત્તે પણ રાજ્ય સરકાર વિશેષ જનજાગૃતિ કાર્યક્રમો હાથ ધરશે.

# આઈપીએસ અધિકારીની દીકરીનો મૃતદેહ નાગપુરના ફ્લૅટમાંથી મળ્યો

નાગપુરઃ આઈપીએસ અધિકારી કૃષ્ણકાંત પાંડેયની દીકરીનો મૃતદેહ ગળાફાંસો ખાધેલી હાલતમાં નાગપુરના ફ્લૅટમાંથી મળી આવ્યો હતો. છેલ્લા અમુક દિવસથી માનસિક તાણ હેઠળ હોવાથી તેણે આત્મહત્યા કરી હોવાનું પોલીસનું માનવું છે.

પોલીસના જણાવ્યા મુજબ સમૃદ્ધિ પાંડેય (૨૫) ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીસ (એઈમ્સ)માં પહેલા વર્ષની ડર્મેટોલૉજીની સ્ટુડન્ટ હતી. સમૃદ્ધિના પિતા કૃષ્ણકાંતની પોસ્ટિંગ હાલમાં સીઆરપીએફના પુણેના ઈન્સ્પેક્ટર જનરલ તરીકે છે. સમૃદ્ધિ નાગપુરના સોનેગાંવ વિસ્તારના શિવ કૈલાશ પરિસરમાં મંજિરા એપાર્ટમેન્ટમાં રહેતી હતી. મંગળવારની સાંજે તેણે કથિત આત્મહત્યા કરી હોવાનું કહેવાય છે.

અધિકારીએ જણાવ્યું હતું કે પ્રથમદર્શી આ આપઘાતનો કેસ જણાય છે. છેલ્લા અમુક દિવસથી તે માનસિક તાણમાં હતી.

મંગળવારની સાંજે સમૃદ્ધિની રૂમનો દરવાજો અંદરથી લૉક હોવાનું રૂમમેટના ધ્યાનમાં આવ્યું હતું. ફ્લૅટમાં પ્રવેશવાના બીજા માર્ગથી રૂમમેટ અંદર ગઈ તો સમૃદ્ધિ સીલિંગ ફૅન સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં નજરે પડી હતી. અધિકારીના જણાવ્યા મુજબ સમૃદ્ધિની રૂમમેટે તાત્કાલિક પોલીસને ઘટનાની જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં લઈ ગયા હતા. ઘટનાસ્થળે પંચનામું કરવામાં આવ્યું છે અને પોસ્ટમોર્ટમના અહેવાલની રાહ જોવાઈ રહી છે.

ઘટનાક્રમની વધુ વિગતો પ્રાપ્ત કરવા માટે અમે યુવતીના મિત્રો સાથે પણ વાતચીત કરી રહ્યા છીએ, એવું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

# સાંગલીના ઘરે જન્મદિવસની ઉજવણી વખતે દલિત નેતાની હત્યાઃ એક હુમલાખોરનું મૃત્યુ

સાંગલીઃ દલિત સંગઠનના સ્થાપક પ્રમુખની સાંગલીના ઘરે તેના જન્મદિવસની ઉજવણી દરમિયાન આઠ શખસો દ્વારા શસ્ત્રના ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી હતી. વિવાદને કારણે આ હત્યા થઇ હોવાનું પોલીસને લાગી રહ્યું છે.

મૃત આદિવાસી નેતાની ઓળખ ઉત્તમ મોહિતે (૩૮) તરીકે થઇ હતી, જે દલિત મહાસંઘનો સ્થાપક હતો. ઝપાઝપી દરમિયાન એક હુમલાખોર શાહરૂખ રફિક શેખ (૨૬) ગંભીર રીતે ઘવાયો હતો અને તેનું બુધવારે સવારે હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું, એમ પોલીસે જણાવ્યું હતું.

સાંગલીમાં ગરપીર દરગાહ ચોક વિસ્તાર નજીક આવેલા ઘરે ઉત્તર મોહિતે મંગળવારે રાતના પોતાનો જન્મદિવસ ઉજવી રહ્યો હતો ત્યારે આ ઘટના બની હતી.

મોહિતેના ઘરેથી મોડી રાતના મહેમાનો જતા રહ્યા બાદ લોખંડના સળિયા, ચાકુ અને લાઠી લઇને આવેલા આઠ શખસોએ મોહિતને ઘરની બહાર બોલાવ્યો હતો અને તેને ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું. પોતાના જીવને જોખમ હોવાનું લાગતાં મોહિતે ઘરમાં દોડી ગયો હતો. આથી હુમલાખોરો પણ તેની પાછળ ઘરમાં ઘૂસ્યા હતા અને તેના પેટ અને છાતી પર શસ્ત્રના ઘા ઝીંકી દીધા હતા.

મોહિતેને લોહીલુહાણ હાલતમાં સાંગલીની સિવિલ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો.

# ટ્રેનમાં પ્રવાસીની બૅગ ચોરનારા બે પકડાયા

થાણેઃ મુંબઈ-ગોંદિયા વિદર્ભ એક્સપ્રેસમાંથી પ્રવાસીની બૅગ કથિત રીતે ચોરી કરી ફરાર થયેલા બે આરોપીની કલ્યાણ રેલવે પોલીસે ધરપકડ કરી હતી. કલ્યાણ રેલવે પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર પંઢરી કાનડેએ જણાવ્યું હતું કે ઘટના સોમવારે થાણેથી કલ્યાણ સ્ટેશન વચ્ચે બની હતી. નાશિકમાં રહેતો ફરિયાદી મયૂર દિલીપ અમૃતકર (૩૦) કામ નિમિત્તે થાણે આવ્યો હતો. કામ પત્યા પછી ફરી નાશિક જવા તે થાણેથી વિદર્ભ એક્સપ્રેસમાં બેઠો હતો. મયૂરની રિઝર્વ સીટ સ્લીપર કોચ નંબર-પાંચમાં દરવાજા નજીકની હતી. તેણે રોકડ, કૅમેરા, લૅપટોપ અને અન્ય વસ્તુઓ ભરેલી બૅગ પોતાની સીટ પાસે રાખી હતી. જોકે થોડા સમય બાદ મયૂરની બૅગ ગુમ હોવાનું જણાયું હતું. ટ્રેન કલ્યાણ સ્ટેશને પહોંચી પછી તેણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીની ઓળખ મેળવી હતી. ફૂટેજ અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસે અઢી કલાકમાં બન્ને આરોપીને પકડી પાડ્યા હતા. તેમની પાસેથી ચોરેલી અંદાજે ૧.૬૫ લાખ રૂપિયાની મતા હસ્તગત કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)

# ઘાટકોપરમાં લિંક રોડને પહોળો કરવા ૨૪ બાંધકામનો સફાયો

મુંબઈઃ ઘાટકોપર પશ્ચિમમાં ઝુનઝુનવાલા કોલેજ નજીક અંધેરી-ઘાટકોપર લિંક રોડને પહોળો કરવાને આડે આવી રહેલા ૨૪ બાંધકામને તોડી પાડવામાં આવ્યા હતા. વધુમાં ઘાટકોપર ખાતે અંધેરી-ઘાટકોપર લિંક રોડ સાથે નવા કેબલ સ્ટેડ રેલ ઓવર બ્રિજના નિર્માણથી અસરગ્રસ્ત ૩૫ વધુ બાંધકામને તોડી પાડવાનું કામ પણ ચાલી રહ્યું છે. રસ્તાની બંને બાજુ ૨૫૦ બાંધકામ અસરગ્રસ્ત થવાના હોવાથી અંધેરી-ઘાટકોપર લિંક રોડ પ્રોજેક્ટમાં વિલંબ થયો હોવાનું કહેવાય છે. પાલિકા પ્રશાસન ઘાટકોપર પશ્ચિમમાં રેલવે સ્ટેશનને સમાંતર ૧૫.૨૫ મીટર પહોળો રસ્તો બનાવી રહી છે, જે ઝુનઝુનવાલા કોલેજને અંધેરી-ઘાટકોપર લિંક રોડ સાથે જોડે છે. અનેક બાંધકામોને કારણે આ રોડનું કામ અટવાઈ પડ્યું હતું. ઉપરાંત મહારાષ્ટ્ર રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કૉર્પોરેશન (એમઆરઆઈડીસી) દ્વારા હાલમાં એક નવા રેલ ઓવરબ્રિજનું બાંધકામ પણ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટને કારણે ઘાટકોપર વિસ્તારમાં કનેક્ટિવિટી વધારવા અને ટ્રાફિકની ભીડ ઓછી કરવાનો છે. લાલબહાદુર શાસ્ત્રી માર્ગ

# ડાયરેક્ટ સેલિંગ કંપનીઓ માટે નવી પેનલ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે ગુરુવારે રાજ્યમાં કાર્યરત ડાયરેક્ટ સેલિંગ કંપનીઓ અને તેમના પ્રતિનિધિઓ પર નજર રાખવા માટે નિયમો અને માર્ગદર્શિકાનો મુસદ્દો તૈયાર કરવા માટે પાંચ સભ્યોની સમિતિની રચના કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ફૂડ, સિવિલ સપ્લાય અને કન્ઝ્યુમર પ્રોટેક્શન ડિપાર્ટમેન્ટે કન્ઝ્યુમર પ્રોટેક્શન (ડાયરેક્ટ સેલિંગ) રૂલ્સ, ૨૦૨૧ હેઠળ પેનલની રચના કરીને સરકારી ઠરાવ (જીઆર) જારી કર્યો છે.એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે હાલમાં મહારાષ્ટ્રમાં ડાયરેક્ટ સેલિંગ કંપનીઓ અને તેમના સેલ્સ એજન્ટોની દેખરેખ માટે કોઈ ચોક્કસ માર્ગદર્શિકા અથવા સૂચના નથી.

**નાશિક-ત્ર્યંબકેશ્વર સિંહસ્થ કુંભમેળો**

# ૭ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે જણાવ્યું હતું કે આગામી સિંહસ્થ કુંભ મેળા માટે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોને મજૂરી આપવામાં આવી છે, જે નાશિકને એક મુખ્ય પ્રવાસન અને યાત્રાધામ તરીકે સ્થાપિત કરશે. અનેક પ્રોજેક્ટ્સનું 'ભૂમિપૂજન' કર્યા પછી તેમણે કહ્યું હતું કે, આ બધા કામો પારદર્શક રીતે હાથ ધરવામાં આવશે, અને ૧૨ વર્ષમાં એક વાર આવતા 'પર્વ' માટે ભંડોળની કોઈ અછત રહેશે નહીં.

અમે આયોજન કર્યું છે કે આ બધા કામો ઓછામાં ઓછા ૨૫ વર્ષ સુધી ચાલુ રહે અને નાશિક અને ત્ર્યંબકેશ્વરનો ચહેરો બદલી નાખશે. તે નાશિકને એક મુખ્ય પ્રવાસન અને યાત્રાધામ કેન્દ્ર બનાવશે. રાજ્ય સરકાર આ કાર્યો માટે સંપાદિત કરવામાં આવેલી જમીન માટે સારું વળતર આપશે, એમ ફડણવીસે 'ભૂમિપૂજન' કાર્યક્રમ પછી જણાવ્યું હતું.

'આ કુંભ ખાસ છે કારણ કે તે ૭૫ વર્ષ પછી 'ત્રિખંડ યોગ' દરમિયાન આવે છે. તેથી, તે ૨૮ મહિના સુધી ચાલુ રહેશે. તે ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬થી શરૂ થશે અને ૨૪ જુલાઈ, ૨૦૨૮ સુધી ચાલશે. વિશ્વભરના લોકોએ પ્રયાગરાજ કુંભની મુલાકાત લીધી હતી. નાશિક કુંભ પણ આ પરંપરાનો એક ભાગ છે. જોકે, તફાવત એ છે કે પ્રયાગરાજ કુંભ ગંગા કિનારે ૧૫,૦૦૦ હેક્ટર જમીન પર થાય છે, જ્યારે આપણી પાસે નાસિક અને ત્ર્યંબકેશ્વરમાં ફક્ત ૫૦૦ એકર જમીન છે,' એ બાબત પ્રત્યે તેમણે ધ્યાન દોર્યું હતું.

ગુરુવારે ભૂમિપુજન થયેલા થયેલા કામોમાં જાહેર બાંધકામ વિભાગ દ્વારા ૨,૨૭૦ કરોડ રૂપિયા અને નાશિક મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૩,૩૩૮ કરોડ રૂપિયાના પ્રસ્તાવિત કાર્યોનો સમાવેશ થાય છે.

રાજ્યના સૌથી મોટી જિલ્લા પરિષદની ઈમારતનું પણ અહીં ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે, એમ ફડણવીસે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને કુંભ મેળાના પ્રભારી રાજ્ય કક્ષાના પ્રધાન ગિરીશ મહાજન તેમજ વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં જણાવ્યું હતું. આ પ્રોજેક્ટ રામકુંડ, સીતા ગુફા, ભગવાન કાલારામ મંદિર, રામ લક્ષ્મણ ગુફા અને વિસ્તારના અન્ય ઐતિહાસિક મંદિરોના ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વને લોકો સુધી પહોંચાડવામાં મદદ કરશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ફડણવીસ અને શિંદેએ બાદમાં ભગવાન કાલારામ મંદિરમાં પ્રાર્થના કરી.

**નાશિકનો સિંહસ્થ કુંભ મેળો ભારતને વિશ્વના આધ્યાત્મિક નકશા પર ઉજાગર કરશેઃ એકનાથ શિંદે**

નાશિકનો સિંહસ્થ કુંભ મેળો માત્ર એક ધાર્મિક સમારોહ જ નહીં, પણ એક એવો સમારોહ પણ હશે જે વિશ્વના આધ્યાત્મિક નકશા પર ભારતનું સ્થાન વધુ મજબૂત બનાવશે. રાજ્ય સરકાર આયોજિત અને ગુણવત્તાયુક્ત તૈયારીઓ માટે પ્રતિબદ્ધ છે, એમ નાયબ મુખ્ય એકનાથ શિંદેએ ગુરુવારે નાસિકમાં ભારપૂર્વક જણાવ્યું હતું.

**કુંભ મેળાની તૈયારી માટે રાજ્ય સરકારના સાહસિક પગલાં**

નાશિક અને ત્ર્યંબકેશ્વરમાં યોજાનારા સિંહસ્થ કુંભ મેળાને ધ્યાનમાં રાખીને, સરકારે ટૂંકા ગાળા અને લાંબા ગાળાની વિકાસ યોજના તૈયાર કરી છે.

આ અંતર્ગત, રસ્તાઓ, પાણી પુરવઠો, ડ્રેનેજ, સ્વચ્છતા, પરિવહન, સુરક્ષા અને સંતો માટે રહેવાની વ્યવસ્થા સહિત વિવિધ સુવિધાઓ બનાવવામાં આવશે.

**નાસિકનો ચહેરો બદલવાની તક**

કુંભ મેળાએ નાશિકનો ચહેરો બદલવાની એક મોટી તક પૂરી પાડી છે. આ વિકાસ કાર્યો શહેરને સ્વચ્છ, સુંદર અને આધુનિક બનાવશે. રામકુંડ અને ગોદાવરી નદીના વિસ્તારોમાં સ્વચ્છતા અને પાણીના શુદ્ધિકરણ પર ખાસ ભાર મૂકવામાં આવશે, એવી માહિતી એકનાથ શિંદે દ્વારા આપવામાં આવી હતી.

**૧૪૦૦ એકરમાં સાધુગ્રામ - ભક્તો માટે સુસજ્જ સુવિધાઓ**

આ સિંહસ્થ કુંભ મેળા દરમિયાન ૧૪૦૦ એકર વિસ્તારમાં સાધુગ્રામ બનાવવામાં આવશે. દેશભરમાંથી આવતા સંતો માટે અહીં તમામ સુવિધાઓ સાથે રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે.

આ ત્રિખંડી કુંભ મેળો બાવીસ મહિના લાંબો રહેશે. વહીવટીતંત્રે લાખો ભક્તો અને સંતો માટે વ્યવસ્થા કરવા માટે યોજના સાથે તૈયારી કરવાની જરૂર છે. પ્રયાગરાજ કુંભ મેળાના અનુભવનો આને માટે ઉપયોગ કરવામાં આવશે.

**ડિજિટલ કુંભ અને એઆઈ દ્વારા વ્યવસ્થાપન**

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કુંભ મેળાને પ્રોત્સાહન આપવા માટે 'ડિજિટલ કુંભ'નો નવો ખ્યાલ જાહેર કર્યો છે. આ અંતર્ગત, ડિજિટલ મીડિયા દ્વારા ભક્તો સુધી બધી માહિતી પહોંચાડવામાં આવશે.

ભીડ નિયંત્રણ અને કાયદો અને વ્યવસ્થા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરવામાં આવશે. ટેકનોલોજીની મદદથી, અફવાઓ અને ખોટી માહિતી રોકવામાં આવશે અને માહિતીનો યોગ્ય રીતે પ્રસાર કરવામાં આવશે.

**'વિકાસની ગંગા' ઉતરી**

કુલ ૫,૭૫૭ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સમાં રસ્તા, પુલ, ડ્રેનેજ, સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ, પરિવહન સુધારણા, સ્વચ્છતા યોજનાઓ અને નદીના પુનર્જીવનનો સમાવેશ થાય છે.

**આધ્યાત્મિકતા અને વિકાસનો સંગમ**

સિંહસ્થ કુંભ મેળો ફક્ત આધ્યાત્મિકતાનો ઉત્સવ નથી, પરંતુ વિકાસનો મહાકુંભ છે. ભગવાન શ્રી રામના આશીર્વાદથી, મને સંપૂર્ણ વિશ્વાસ છે કે નાસિકમાં આ સમારોહ ઉત્તમ રીતે અને કોઈપણ અવરોધ વિના યોજાશે, એવા શબ્દો સાથે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મહાકુંભની તૈયારીની વિગતો આપી હતી.

## હિન્દુ મરણ

**કપોળ**

જાફરાબાદવાળા હાલ થાણા નિવાસી ગં. સ્વ. કુંદનબેન જીતેન્દ્ર ગોરડીયા (ઉં. વ. ૮૩) તા. ૧૨-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. લીલાબેન ગોકલદાસ પારેખના દીકરી. અજય તથા અલ્પાના માતુશ્રી. સોનલ અને મિહિરના સાસુ. ઝુબીનના દાદી. ડેનિશા અને આદિત્યના નાની. ધીરુભાઇ, મહેન્દ્રભાઇ, અરુણાબેન તથા નીરૂબેનના મોટા બહેન.

**હાલાઇ લોહાણા**

દક્ષાબેન (ઉં. વ. ૭૫) તે બીપીનભાઇ ડાહ્યાલાલ લાખાણીના ધર્મપત્ની. સ્વ. પૂનમ, મિતેષ તથા સુશીલના માતુશ્રી. અ. સૌ. નિલા તથા અ. સૌ. દિપીકાના સાસુ. તે સ્વ. રાધાબેન તથા સ્વ. મણીલાલ દામજી ભગદે (જામનગર)ના દીકરી. સ્વ. તરુલતાબેન, છોટુભાઇ, મેનાબેન, દેવુબેન, સ્વ. ભાવના બેન, સ્વ. રમેશના ભાભી તા. ૧૨-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪-૧૧-૨૫ના સવારના ૧૦-૩૦થી ૧૨-૩૦., લૌકિક વ્યવહાર બંધ છે.

**વેદાંત બ્રાહ્મણ**

નવીનભાઇ લક્ષ્મીદાસ (બાબુભાઇ) વેદાંત સ્વ. ચંચળબાઇ લક્ષ્મીદાસ (બાબુભાઇ)ના પુત્ર. સ્વ. પુષ્પકાંત સ્વ. હિરાબેન મણિલાલ, સૌ. વાસંતીબેન વિનેશભાઇના ભાઇ. સ્વ. દિવાળીબેનના પતિ (ઉં. વ. ૯૦) મૂળગામ ડોણ હાલ ઘાટકોપર સોમવાર, ૧૦ નવેમ્બર ૨૦૨૫ના રામશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. કિરણ નીકેતન, ત્રીજે માળે, ભાટિયા વાડીની બાજુમાં, ભાનુશાળી વાડીની સામે, ટિળક રોડ, ઘાટકોપર (પૂર્વ).

**હાલાઈ બ્રહ્મક્ષત્રિય**

અશ્વિન વિનોદરાય કાપડિયા તા. ૯-૧૧-૨૫ના શ્રીજી ચરણ પામ્યા છે. તે સ્વ. જસવંતીબેન વિનોદરાય કાપડિયાના પુત્ર. જ્યોતનાબેનના પતિ. ચેતના જાનકી પ્રશાંતના પિતાશ્રી. મેઘનાના સસરા. શશિકાંત કેશવલાલ વાલેરાના જમાઈ. સ્વ. નિરુપમાબેન, સ્વ. અરવિંદભાઈ, કૃષ્ણકાંતભાઈ, ગંગાસ્વરૂપ દેવયાનીબેન અને પ્રદિપભાઈના મોટાભાઈ. સ્થળઃ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ થાણે કોમ્યુનિટી હોલ. સરનામુંઃ લેવિનો કપૂર કમ્પાઉન્ડ, હોટેલ જીંજર પાસે (રોયલ ઇન), રાજુ હોસ્પિટલની સામે, કેસલ મિલ નાકા, એલ.બી.એસ. માર્ગ, થાણે-૪૦૦ ૬૦૧.

## પારસી મરણ

માહરૂખ નેવીલ દીનશાહ તે મરહુમ નેવીલ નવરોજી દીનશાહના વિધવા. તે મરહુમો મોતીબાઇ તથા મેરવાન ઇરાનીના દીકરી. તે તરોનીશ મેહેરઝાદ મહેતાના મમ્મી. તે મેહેરઝાદ કાલી મહેતાના સાસુ. તે મરહુમો ડોલી મીનુ શ્રોફ ને બમન ઇરાનીના બહેન. તે બીનાયઝા મેહરઝાદ મહેતાના મમયજી. તે રયોમંદ કેરશી દીનશાહના કાકી. (ઉં. વ. ૭૨) રે. ઠે. ડી-૭, ૩જે માળે, સેન્ટ્રલ બેન્ક કોલેગસ, એસ.સી.ટી. દાદાભાઇ ક્રોસ રોડ, નં-૩, મુંબઇ-૪૦૦૦૫૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૪-૧૧-૨૫ના બપોરે ૩.૪૫ કલાકે બેહરામ બાગ અગિયારીમાં.

## મુસ્લિમ મરણ

**દાઉદી વ્હોરા**

ફરીદાબેન નફીસાબહેન તેમ જ ફાતિમાબહેનના ભાઇ. તાહે સૈફુદ્દીનભાઇ તાહિરઅલીભાઇ રામપુરાવાલા (શેખ હતા) તે ઝુલફીકારના ભાઇ. શેખ સૈફુદ્દીનભાઇ અલીભાઇ રામપુરાવાલા બુધવાર તા. ૧૨-૧૧-૨૫ના અલ્લાહ રહામાં ગયા છે. ઝોહરભાઇ, ઇસ્માઇલભાઇ તેમ જ યુસુફભાઇના બનેવી. દિકરા મુન જમુદ્દીન શેખ. રામપુરાવાલા સકીના મુલ્લા નજમુદ્દીન રામપુરાવાલા તેમ જ રસીદા, તસ્નીમ બતુલ ને બુરહાનના દાદાજી. બીજયા અને તીજયાના સીપારા કુટલી મસ્જિદમાં મગરીબ અને ઇશાની નમજ બાદ રાખ્યા છે તા. ૧૪-૧૧-૨૫. ઠે. બિલ્લાદ વેસ્ટ વીયુ બિલ્ડિંગ, ૪થે માળે, ફ્લેટ નંબર-૪૦૨, તેમકર સ્ટ્રીટ, નાગપાડા, મુંબઇ-૮.

શુક્રવાર, તા. ૧૪ નવેમ્બર ૨૦૨૫, સમયઃ સાંજે ૪.૦૦ થી ૫.૩૦.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ વાકાનેર, હાલ ઘાટકોપર મુંબઈ નિવાસી સ્વ. રતિલાલ કરસનદાસ પુજારાના ધર્મપત્ની કાન્તાબેન (ઉં.વ. ૯૦) તા. ૧૨/૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જડીબેન મણિલાલ બુદ્ધદેવના પુત્રી. તે કલ્પનાબેન, બિમલભાઈ અને મુકેશભાઈના માતૃશ્રી. અજયભાઈ તન્ના પારૂલબેન અને નીતાબેનના સાસુ. તે સ્વ. રમણીકલાલભાઈ, સ્વ. પ્રભુદાસભાઈ, સ્વ. લાભુબેન દ્વારકાદાસભાઈ ગોટેચા, ગં.સ્વ. ચારુબેન વસંતભાઈ ભોજાણી, ગં.સ્વ. પ્રીતિબેન પ્રમોદભાઈ ગોકાણી તથા ગં.સ્વ. લિલાબેન નરેન્દ્રભાઈ ઠક્કરના ભાભી. તે રૂચિતા, પિનાંક, પૂજા પ્રણવ દેશપાંડે, સલોમી ઉદિત જૈનના દાદી. બન્ને પક્ષની પ્રાર્થના સભા તા. ૧૪/૧૧/૨૫ શુક્રવારના રાખેલ છે. સમય સાંજે ૫.૩૦ થી ૭.૦૦. સ્થળઃ લેવેન્ડર બાઉ, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૭૭. લૌકીક વ્યવહાર ની પ્રથા બંધ છે.

**પરજીયા સોની**

મૂળગામ દાઠાવાળા હાલ બોરીવલીના સ્વ. મંગળાબેન તથા સ્વ. શાંતિલાલ શામજીભાઈ સુરૂના સુપુત્ર ભરતભાઈ સુરૂ (ઉં.વ. ૬૩) તે તા. ૯/૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રેખાબેનના પતિ. તે જયની તથા સમ્રાટના પિતાશ્રી. તે સાસરાપક્ષે છોડવડીવાળા હાલ અમરાવતી સ્વ. પુષ્પાબેન તથા સ્વ. ભાનુબાઈ દેવાતભાઈ ધાણકના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદીચ્ય ગોરવાડ બ્રાહ્મણ**

ગામ રોહિડા નિવાસી હાલ મલાડ મુંબઈ પ્રતાપ (કાકુભાઈ) કરુણાશંકર ઓઝા (ઉં.વ. ૮૧), તે સવિતાબેનના પતિ. તે સ્વ. પૂર્ણિબાઈ મંછારામજી ઓઝા તથા સ્વ. કુંદનબેન કરુણાશંકર ઓઝાના પુત્ર. તે સ્વ. અમૃતલાલ, સ્વ. બાલકૃષ્ણ અને પ્રવીણના ભાઈ. તે કામિની-જીતેન્દ્ર, કૃષ્ણા-તુષાર, ડો. હેતલ-અનુપના પિતાજી. તે ધાપુબેન (કમળાબેન) કપૂરચંદ મોડીરામજી દવેના જમાઈ. બંને પક્ષ તરફથી પ્રાર્થનાસભા ૧૪/૧૧/૨૫ના શુક્રવાર સાંજે ૫ થી ૭. સ્થળ : આધાર હોલ, દૌલત નગર રોડ નંબર ૧૦, બોરીવલી પૂર્વ.

**લોહાણા**

મૂળ ગામ સાવરકુંડલા, હાલ વિરાર મુંબઈ, હરીશભાઈ પરમાનંદદાસ મશરૂ (ઉં.વ. ૬૯) તા. ૧૨/૧૧/૨૫ના શ્રીજી ચરણ પામેલ છે. તે આશાબેનના પતિ. પ્રતીક, સોનલ મનીષકુમાર ઠક્કરના પપ્પા. કૃપાબેનના સસરા. મનન અને મુદ્રાના દાદા. સ્વ. ગોદાવરીબેન પરમાનંદદાસ નારાયણદાસ મશરૂના દીકરા. ધીરુભાઈ, પ્રફુલભાઈ, રાજુભાઈ, કુંદનબેન રમેશભાઈ સાયતા, ઉર્મિલાબેન રમેશભાઈ સૂચક, તુષારભાઈ, પરેશભાઈ, પ્રીતિબેન કમલેશકુમાર ભીમજીયાણીના ભાઈ. વ્રજલાલ પ્રેમજી ચોલેરાના જમાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૪/૧૧/૨૫ના સાંજે ૪.૦૦ થી ૬.૦૦ લોહાણા મહાજન વાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ (વેસ્ટ) ખાતે રાખેલ છે.

**મોઢ વણિક**

ઇંદુમતી દોશી (ઉં.વ. ૯૧), બુધવાર, તા. ૧૨/૧૧/૨૫ના શ્રીજીશરણ પામ્યા છે. તે સ્વ. પ્રવીણચંદ્ર હિરાલાલ દોશીના પત્ની. રાજેશ, ભારતી, નિતીન અને સ્મિતાના માતુશ્રી. સંધ્યા અને સોનલના સાસુ. સાહિલ, રાધિકા, શિવમ, આરૂષી, અદિતી અને અવંતીના દાદી. પ્રાર્થના સભા તા. ૧૫-૧૧-૨૫ના સમય ૫ થી ૭ વાગે રંગસ્વર હોલ, લેવલ ૪, વાય. બી. ચવાણ સેન્ટર, જન. જગન્નાથ ભોંસલે રોડ, મંત્રાલયાની પાસે, મુંબઈ.

**હાલાઈ બ્રહ્મક્ષત્રિય**

અશ્વિન વિનોદરાય કાપડિયા ૯-૧૧-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જસવંતીબેન વિનોદરાય કાપડિયાના પુત્ર. જ્યોતનાબેનના પતિ. ચેતના, જાનકી, પ્રશાંતના પિતા. મેઘનાના સસરા. શશિકાંત કેશવલાલ વાલેરાના જમાઈ. સ્વ. નિરુપમાબેન, સ્વ. અરવિંદભાઈ, કૃષ્ણકાંતભાઈ, ગં. સ્વ. દેવયાનીબેન, પ્રદિપભાઈના મોટાભાઈ. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, થાણે કોમ્યુનિટી હોલ, લેવિનો કપૂર કમ્પાઉન્ડ, રાજુ હોસ્પિટલની સામે, કેસલ મિલ નાકા, ક. ઇ. જ. માર્ગ, થાણે - ૪૦૦ ૬૦૧, શુક્રવાર, ૧૪ નવેમ્બર ૨૫, સાંજે ૪થી ૫.૩૦ સુધી.

**કચ્છી લોહાણા**

કચ્છ કોઠારા હાલ વડાલા રણછોડદાસ મડિયાર (ઉં.વ. ૮૨) ગુરુવાર, તા ૧૩-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સુકન્યાબેનના પતિ. સ્વ. શાંતાબેન વસનજીના પુત્ર. સ્વ. શાંતાબેન વિઠ્ઠલદાસ પલણના જમાઇ. સંજય, દીપક, મીતા, ભાવેશ, ગીતા, વૈશાલી, અમીતાના પિતા. ભાવના, દર્શના, દીપક, નંદિતા, વિજય, વિરેનના સસરા. સુરેશ, પ્રફુલ્લચંદ્ર, કમળાબેન, દમયંતીબેનના ભાઇ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૪-૧૧-૨૫ના ૪થી ૬, યોગી સભાગૃહ મધ્યે રાખેલ છે.

## જૈન મરણ

**દિગંબર જૈન**

આશા અતુલ ઝવેરી (ઉં.વ.૯૧), લજજા હર્ષદ શાહ, રાજીવ અને દિપાલી ઝવેરીના માતા. સોનમ અને વરુણ, માહિર અને વેદાંશી, રાજવીના નાની-દાદી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અમરેલી નિવાસી હાલ મલાડ સ્વ. લાભકુંવરબેન વૃજલાલભાઇ સંઘરાજકાના પુત્ર કિરીટભાઇ (ઉં.વ. ૭૪) તા. ૧૨-૧૧-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે પ્રજ્ઞાબેનના પતિ. ભાવીતા, તેજસ, જયના પિતાશ્રી. ધર્મેશ પારેખ, અમિષ મહેતા અને અંકિતા સંઘરાજકાના સસરા. સ્વ.જે.પી.ભાઇ, ભરતભાઇ, નરેશભાઇ, કોકીલાબેન હર્ષદભાઇ દોશી, સ્વ. ઇલાબેન હરીશભાઇ પારેખના ભાઇ. સ્વ. દમયંતીબેન બાલકિસન મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૪-૧૧-૨૫ના ૩થી ૫. ઠે. પાવનધામ, મહાવીરનગર, એમસીએ કલબની સામે, કાંદિવલી (વેસ્ટ), ચક્ષુદાન કરેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સ્વ. માતુશ્રી પદમાબેન મનસુખલાલ શાહ (ઉં.વ.૯૪) (જસપરાવાળા) તા. ૧૧-૧૧-૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.મનસુખલાલ ગિરધરલાલ શાહના ધર્મપત્ની. પિયુષ, વિપુલ, સ્વ. ઉર્વશીબેન પ્રબોધકુમાર શાહ (ટાણાવાળા) તથા સ્વ. ફાલ્ગુનીબેન શૈલેષકુમાર શાહ (દુદાણાવાળા)ના માતુશ્રી. પારુલ, હિનાના સાસુ. કિશોરભાઇ, સ્વ. જયભદ્રાબેન જગમોહનદાસ લાખાણીના ભાભી. અક્ષય, હિરલ, રૂચી, પ્રિયાંક, ભાવિક, અંકુરના બા. (ભાવનગરવાળા) સ્વ.પ્રેમચંદ શામજીના દીકરી. પ્રાર્થનાસભા તા. ૧૫-૧૧-૨૫ શનિવારે બપોરે ૨થી ૪. ઠે. ગોપુરમ હોલ, પુરુષોતમ ખેરાજ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી દિગંબર જૈન**

લાઠી નિવાસી હાલ બોરીવલી સ્વ. કનૈયાલાલ ડાયાલાલ ભાયાણીના ધર્મપત્ની ઇન્દિરાબેન (ઉં.વ. ૮૬)નું મંગળવાર, તા. ૧૧-૧૧-૨૫ના અરિહંત શરણ થયેલ છે. તે શૈલેશભાઈ, સ્વ. બીપીનભાઇ, નિલેશભાઈના માતુશ્રી; કિરણબેન, રશ્મિબેન, હેમાલીબેનના સાસુ; કાન્તિભાઈ, નગીનભાઈ, હિંમતભાઈ, સવિતાબેન, વિમળાબેન, શાંતાબેન, મંજુલાબેનના બેન; સરોજબેન બળવંતરાય ભાયાણીના ભાભી; પૂજા સ્નેહ, જયના રોમીલ, સિદ્ધાર્થ, પૂજા અમય, કૃપાના, જીયાના અને વાનીના દાદી. પ્રાર્થનાસભાઃ તા.૧૫-૧૧-૨૫ ના શનિવાર ૧૦:૦૦ થી ૧૧:૩૦ રાખેલ છે. સ્થળઃ આંગન કલાસિક, કેન્ટ ગાર્ડન ઇ, ફેક્ટરી લેન, એમ. કે. સ્કૂલની બાજુમાં, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

અગીયાળી નિવાસી હાલ વિલે પાર્લે સ્વ. વનમાળીદાસ હઠીચંદના સુપુત્ર રમેશભાઈ (ઉં.વ. ૭૩), તે હેમલતાબેનના પતિ. ચિંતન તથા અવની અંકિત કુમાર શાહના પિતા. સ્વ. હિમ્મતભાઈ, સ્વ. કનુભાઈ, હરેશભાઈ, સ્વ. તારાબેન જયસુખલાલ સંઘવી અને નિર્મલાબેન હસમુખભાઈ શેઠના ભાઈ. તે નિર્ઝરીના સસરા. ક્રિશાન, રિતિકાના દાદા. તે જયંતીલાલ મણિલાલ ઝવેરીના જમાઈ. ગુરુવાર, તા. ૧૩-૧૧-૨૫ના અરિહંત શરણ પામ્યા છે.

**દિગમ્બર જૈન**

વિશા મેવાડા સમાજ દાવોલ નિવાસી હાલ બોરીવલી સ્વ. રમેશચંદ્ર ચીમનલાલ શાહ (ઉં.વ. ૮૭) તા. ૧૧-૧૧-૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. રંજનબેનના પતિ. સુનિલ અને જીજ્ઞેશના પિતા તથા ઉર્વીલના દાદા તથા રાગીણીના સસરા. સ્વ. જસવંતલાલ, સ્વ. દિનેશભાઈ, સુરેશભાઈ તથા, સ્વ. ગુણવંતીબેન તથા કુમુદબેનના ભાઈ. પ્રાર્થના સભા તા. ૧૬-૧૧-૨૫ રવિવાર સવારે ૧૧થી ૧, સ્થળ-કૃષ્ણ નગરી, સોની મોની સામે, એસ વી રોડ, બોરીવલી (પ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ બોરીવલી જસવંતરાય લક્ષ્મીચંદ સલોત (ઉં.વ. ૯૩) તે તા. ૧૦/૧૧/૨૫ના સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેનના પતિ. તે પંકજ, બીના તથા અમિતના પિતાશ્રી. તે હર્ષાબેન, રશ્મિબેન તથા લલિતભાઈ વોરાના સસરા. તે સ્વ. અનંતભાઈ, સ્વ. વિમળાબેન હરગોવિંદદાસ દોશી, સ્વ. જયાબેન ભાનુભાઇ શાહ તથા પ્રદુલાબેન બળવંતરાય શાહના ભાઈ. તે મિતુલ, અર્પિત, મોક્ષા તથા નિધિ કેતુરભાઈ શાહના દાદા. તે સાસરા પક્ષે સ્વ. દલીચંદ જેચંદ વોરા (હાલ લંડન)ના બનેવી. તેમની ભાવયાત્રા તા. ૧૫/૧૧/૨૫ના શનિવારે સવારે ૧૦ થી ૧૨. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી હોલ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણ મનમોહનજીની શેરી નિવાસી હાલ મરિન ડ્રાઈવ, મુંબઈ સ્વ. લીલાવતી માણેકલાલ શાહ કોટવાળાના સુપુત્ર પ્રમોદભાઈ (ઉં.વ. ૮૨) તે તા. ૧૨/૧૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. દેવિકાબેનના પતિ. તે મોના તથા જીગીશાના પિતાશ્રી. તે ચિરાગ તથા સંકેતના સસરા. તે સ્વ. સરસ્વતીબેન ભોગીલાલ શાહના જમાઈ. ઠે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ફ્લેટ નં - ૮, પાટણ જૈન મંડળ-૨, ૭૭/૮ મેરિન ડ્રાઈવ, મુંબઈ.

**ઘોઘારી વિસા શ્રીમાળી જૈન**

તળાજા નિવાસી હાલ વસઈ, મુંબઈ ધીરજલાલ માણેકચંદ શાહના ધર્મપત્ની જ્યોત્સનાબેન (ઉં.વ. ૮૩) તે તા. ૧૧/૧૧/૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે કેતન, પિયુષ, કલ્પેશ અને સ્વ. હિતેશા, સ્વ. હેમીના -સપનાના માતુશ્રી. તે દિવ્યા- મીતા- જીનાલી નીતીનકુમાર ડાહ્યાલાલ દોશી (સાવરકુંડલા મુલુંડ) મનીષકુમાર ચંદ્રકાન્તભાઈ દોશી (પાલિતાણાવાળા, મુલુંડ)ના સાસુ. તે બાબુભાઇ- મનસુખભાઇ-પોપટભાઈ- અનોપચંદભાઈ- રસિકભાઈ-નિર્મળાબેન અનોપભાઈ વોરાના ભાભી. પિયરપક્ષે પ્રભુદાસભાઈ ગોરધનદાસભાઈ દોશી (મહુવાવાળા)ના દીકરી. તે સ્વ. ગિરધરભાઈ, સ્વ. ધીરુભાઈ, સ્વ. રમણીકભાઇ, સ્વ. જયસુખભાઇ - દિલીપભાઈ -ચંદ્રાબેન કપૂરચંદભાઈ મણિયારના બેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે : કેતનકુમાર ધીરજલાલ શાહ, એ-૧૦૩/ આકાંશા એપાર્ટમેન્ટ, સાઇનગર, વસઈ વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી ઝાલાવાડી જૈન**

વિછીયા નિવાસી હાલ (અમલનેર) સ્વ. મણીલાલ આપસીભાઈ શાહ તથા સ્વ. પ્રમિલાબેન મણિલાલ શાહના સુપુત્રી કલ્પનાબેન શાહ (ઉં.વ. ૬૭) તે તા. ૭/૧૧/૨૫ શુક્રવારના અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. કિર્તીભાઇ મણિલાલ શાહ, અજયભાઈ, સંજયભાઈ, મીનાબેન શાહના બેન. તે ભાવનાબેનના નણંદ. તે રોમિત અને હીરના ફૈબા. સૌ. પાયલના ફોઈજી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે : જયંત મેડિકલ સ્ટોર્સ, સુભાષ ચોક, અમલનેર.

**હાલાર વિશાશ્રીમાળી દેરાવાસી જૈન**

મૂળ જામનગર મુંબઈ નિવાસી શશીકાંત નેમચંદ ઠક્કરનું નિધન તા. ૧૨/૧૧/૨૫ બુધવારના થયું છે. તે સ્વ. પ્રફુલ્લાબેનના પતિ. હિરેન, વિશાલ અને કૌશિકા અશોક વોરાના પિતા. સ્વ. કિશોર નેમચંદ ઠક્કર, ઉર્મિલા સતીશ તલવાર, સ્વ. મંજુલા રજનીકાંત દોશીના ભાઈ. નિશા કિશોર ઠક્કરના જેઠ. સ્વ. અમૃતલાલ જીવણલાલ મેહતાના જમાઈ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૫/૧૧/૨૫ના ઇન્ટરલિંક બેન્કવેટ, નીલકંઠ બીઝનેસ પાર્ક, વિદ્યાવિહાર વેસ્ટ, સવારે ૧૦ થી ૧૧.૩૦ રાખેલ છે

**સુરત વિશા ઓસવાલ શ્વે. મૂ. જ્ઞાતિ જૈન**

સુરત નિવાસી હાલ મુંબઈ, ગં. સ્વ. ભારતીબેન રશિમકાંત જવેરી, (ઉં. વ. ૮૩) તા. ૧૩-૧૧- ૨૫ને ગુરુવાર અરિહંતશરણ પામેલ છે. તે અલ્પના જયેશભાઈ, દેવાંગ - દીપાલીના માતુશ્રી, મોક્ષા, રોનીશ, વારી, પ્રિયલ - પલકના દાદી. પ્રાર્થનાસભા ૧૪-૧૧-૨૫ને શુક્રવારે સાંજે ૪થી ૬, ભારતીય વિદ્યા ભવન ચોપાટી ખાતે રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રી માળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ-મુલુન્ડ સંઘવી શાંતીલાલ અમીચંદ સંઘવીના સુપુત્ર સ્વ. જયસુખલાલ શાંતીલાલ સંઘવીના ધર્મપત્ની કોકીલાબેન જયસુખલાલ સંઘવી (ઉ.વર્ષ.૭૨) તા. ૧૩-૧૧-૨૦૨૫ ગુરુવારના અવસાન પામેલ છે. તે મિનલ નિપુલકુમાર શ્રેણિક, હીરેનના માતુશ્રી તથા પ્રિયશાના નાની તથા કળાબેન ભોગીલાલ, અનોપબેન વ્રજલાલ, હીરાબેન રમણીકલાલ,હંસાબેન ચંદ્રકાન્તભાઇ, જયોતીબેન ભુપતભાઇ, અરુણાબેન વિરેન્દ્રભાઇના ભાઇના પત્ની. પિયર પક્ષે તણસાવાળા પરમાણંદદાસ જગજીવનદાસ વોરાની દિકરી. સ્વ. પ્રવિણભાઇ, પ્રતાપભાઈ, અરવિંદભાઈ, મંજુલાબેન, ભારતીબેન, શકુન્તલાબેન, પ્રતિભાબેન તથા સ્વ. વીણાબેન અને સ્વ. દક્ષાબેનના બેન. બન્ને પક્ષની સાદડી :- શનિવાર તા. ૧૫.૧૧.૨૫ બપોરના ૨થી ૫. કલાકે એમના નિવાસસ્થાને રહેઠાણ : હીરેન જયસુખલાલ સંઘવી, ૧૦૩, અમૃત ટાવર, રાજેન્દ્ર પ્રસાદ માર્ગ, તાંબેનગર, મુલુન્ડ (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડા ઓતરા ફરીયા (ગાંધી ચોક)ના મધુકાંત પ્રેમજી દેઢીયા (ઉં.વ. ૬૪) તા. ૧૧-૧૧-૨૫ના કચ્છ બિદડા મધ્યે અવસાન પામ્યા છે. દેવકાંબાઇ ખીમજી સુરજીના પૌત્ર. કસ્તુરબેન પ્રેમજીના સુપુત્ર. સ્વ. હસમુખ, વિધિકાર ચંદ્રકાંત, અતુલ, અંજના, સ્વ. વર્ષા, વંદનાના ભાઇ. કોડાયના ભાણબાઇ વીરજી દેવશીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : ચંદ્રકાંતભાઇ દેઢીયા, કચ્છ બિદડા, ગાંધી ચોક. પીન નં. ૩૭૦૪૩૫.

કોટડા રોહાના હસમુખ રવિલાલ લીલાધર પાસડ (ઉં.વ. ૬૫) તા. ૧૦-૧૧ના અવસાન પામેલ છે. હેમાના પતિ. માતુશ્રી હીરબાઇ રવિલાલના પુત્ર. નિખિલ, પાયલના પિતાજી. હરેશ, નાગ્રેચા હેમાક્ષી હેમચંદ, ડુમરા દક્ષા મહેશના ભાઇ. કોટડા (રો) હાંસબાઇ શિવજી હીરજી ગાલાના જમાઇ. પ્રાર્થના : શ્રી ક.વિ.ઓ. સંચાલિત જીરાવલ્લા દેરાસર વાડી, દેરાસર ગલી, ઘાટકોપર ઇ. સમય ૩ થી ૪.૩૦.

દેશલપુર કંઠીના સુર્યકાંત દામજી ગાલા (ઉં.વ. ૭૦) તા. ૧૨/૧૧/૨૫ના અવસાન પામેલ છે. નયનાબેન દામજીના પુત્ર. રંજનબેનના પતિ. રાયણના હેતલ પારસ, મેરાવાના કિંજલ ચીરાગના પિતા. પ્રેમજી, વિનોદ, રાહુલના ભાઇ. જવેરબેન નાનજી સાવલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાહુલ ગાલા, ટાવર ૧/૮૦૩, રાહેજા ટિપ્કો હાઇટસ, રાણી સતી માર્ગ, મલાડ પૂ.

તલવાણાના પ્રભાબેન હેમચંદ પોલડીયા (ઉં.વ. ૭૬) તા. ૧૨-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. માતુશ્રી કુંવરબાઈ મુરજીના પુત્રવધૂ. હેમચંદ (બબો)ના ધર્મપત્ની. ભાવિતા, નીપા, હિતેશના માતુશ્રી. બિદડા હીરબાઈ રામજી આશુના સુપુત્રી. જયંતી, દિનેશના બેન. પ્રા.શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી મહાજનવાડી, ચીંચપોકલી, વોલ્ટાસની સામે. ટા.૩ થી ૪.૩૦.

ભુજપુરના યતિન હરખચંદ સાવલા (માયકા) (ઉં.વ. ૬૬), તા. ૧૦-૧૧-૨૫ના અવસાન પામેલ છે. સુશીલાબેન હરખચંદના પુત્ર. ઈશાન, હર્ષના પિતા. નિલેશ, કાંડાગરાના વર્ષાબેન ભરત ગંગરના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. યતિન સાવલા, ૩૧૮/૧, મહાવીર બીલ્ડીંગ, જૈન દેરાસર લેન, વડાલા, મું.૩૧.

**સુરત વિશા ઓસવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

હેમચંદભાઇ મોતીચંદ ઝવેરી (ઉં. વ. ૮૭) હાલ ચર્ચગેટ તે સ્વ. પ્રમિલાબેનના પતિ. સ્વ. સુમતીબેન મોતીચંદ ઝવેરીના પુત્ર. સ્વ. કુસુમબેન શાંતિલાલ ઝવેરીના જમાઇ. ભાવેશ, લાજુ, ભાવિનના પિતા. રિતુ, નેહલભાઇ, સુષ્માના સસરા. દેવાંશ, માનવ, કરણ, દિવ્યા, કાવ્યા, વિવાનના દાદા. સરલાબેન, સ્વ. સોહિનબેન, સ્વ. મંગલભાઇ, સ્વ. વિજયભાઇના ભાઇ. ગુરુવાર, તા. ૧૩-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૫-૧૧-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. ભારતીય વિદ્યા ભવન, ચોપાટી-મુંબઇ.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**

કરણ રાજીવ શેઠ (ઉં.વ.૨૯) હાલ પરેલ મુંબઇ અવસાન ગુરુવાર તા. ૧૩-૧૧-૨૫ના થયેલ છે. તે સ્વ. ઉર્મિલાબેન તથા નગીનદાસ પદમસી શેઠના પૌત્ર. રૂપા રાજીવ શેઠના પુત્ર. આરૂષિના પતિ. આરૂષિ કૈરવ તથા દેવાંશી અનમોલ ઠક્કરના ભાઇ. કલ્પના મિલન તેમ જ સુરભી અમિતાભના ભત્રીજા. સજની મયંકભાઇ ખેમકાના જમાઇ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૪-૧૧-૨૫ના સાંજે ૪.૩૦થી ૬. ઠે. યોગી સભાગૃહ, દાદર (ઇસ્ટ), મુંબઇ-૧૪.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ મરીન ડ્રાઇવ મુંબઇ સ્વ. વ્રજકુંવરબેન છગનલાલ શામજી વિરાણીના સુપુત્ર ભૂપતભાઇ (ઉં. વ. ૯૫) તે સ્વ. ભારતીબેનના પતિ. પરેશભાઇ, પિયુષભાઇ, રૂપલબેનના પિતાશ્રી. રૂપાબેન, બીનાબેન, સજાગભાઇ સંઘવીના સસરા. સ્વ. જયંતીભાઇ, સ્વ. શશીકાંતભાઇ, સ્વ. ચંપકભાઇ, સ્વ. શારદાબેન, સ્વ. જસવંતિબેન, સ્વ. વસુમતિબેન, સ્વ. અનસુયાબેનના ભાઇ બુધવાર તા. ૧૨-૧૧-૨૫ના મુંબઇ મુકામે અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ રવના વધાણ કંકુબેન ભીમશી અખાના પૌત્રવધુ રમીલાબેન નેમચંદ ભીમશીના સુપુત્ર મહેશના ધર્મપત્ની મિતાલી (ઉં.વ. ૩૮) સુરત મુકામે તા. ૧૧-૧૧-૨૫ના અવસાન પામેલ છે. રજનીકના માતુશ્રી. નિશીત ગ્રીષ્માના ભાભી. સુવઇ કંકુબેન રતનશી નાથા મોતાની સુપૌત્રી. સ્મીતા જયંતીની સુપુત્રી. પ્રાર્થના તા.૧૪-૧૧-૨૫ના શુક્રવાર ૧૦થી ૧૧.૩૦. ઠે. કાંતિ વિસરીયા હોલ, બેડેકર હોસ્પિટલની સામે, થાણા (વે).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

દુબઈથી ડિપોર્ટ કરાયેલા ડ્રગ પેડલરનો ચોંકાવનારો ખુલાસો

# દેશ-વિદેશમાં યોજાતી રેવ પાર્ટીઝમાં સેલિબ્રિટીઝને ડ્રગ્સ આપતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાંગલીમાં ફેક્ટરીમાંથી ૨૫૨ કરોડના ડ્રગ્સની જપ્તીના કેસમાં દુબઇથી ડિપોર્ટ કરાયેલા આરોપી મોહંમદ સલીમ મોહંમદ સુહેલ શેખે પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. મોહંમદ સલીમ શેખે પૂછપરછમાં જણાવ્યું હતું કે તે ફિલ્મ અને ફેશન સેલિબ્રિટીઝ તથા ગેન્ગસ્ટરો માટે દેશ-વિદેશમાં રેવ પાર્ટીઝનું આયોજન કરતો હતો અને તેમને મેફેડ્રોન તથા અન્ય સિન્થેટિક ડ્રગ્સ પણ સપ્લાય કરતો હતો.

મોહંમદ સલીમ શેખને ઑક્ટોબર, ૨૦૨૫માં દુબઇથી ડિપોર્ટ કરીને મુંબઇ લાવવામાં આવ્યો હતો અને તે હાલ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ-નાર્કોટિક્સ સેલ (એએનસી)ના ઘાટકોપર યુનિટની કસ્ટડીમાં છે.

પોલીસ અધિકારીએ દાવો કર્યો હતો કે મોહંમદ સલીમે પૂછપરછમાં જણાવ્યું હતું કે તે દેશ-વિદેશમાં ડ્રગ્સની પાર્ટીઝનું આયોજન કરતો હતો, જેમાં ફેશન અને ફિલ્મ સેલિબ્રિટીઝ હાજર રહેતી હતી. એ સિવાય અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમનો ભાણેજ અલીશાહ પારકર પણ તેમાં હાજર રહેતો હતો. પાર્ટીઝમાં સામેલ લોકોને મોહંમદ સલીમ ડ્રગ્સ પૂરું પાડતો હતો.

મોહંમદ સલીમે પૂછપરછમાં બોલીવૂડના અમુક કલાકારો, ફિલ્મમેકર સહિત સોશિયલ મીડિયા પર્સનાલિટીના નામ પણ આપ્યાં હતાં, જેમના નિવેદન નોંધાવવા માટે મુંબઈ ક્રાઇમ બ્રાન્ચ હવે તેમને સમન્સ જારી કરશે, એવું કહેવાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મોહંમદ સલીમને દુબઇમાં સિસ્ટર એજન્સીઓ દ્વારા તાબામાં લેવાયો હતો અને બાદમાં તેને ડિપોર્ટ કરીને મુંબઈ લવાયો હતો. મોંઘાં કપડાં, ઘડિયાળો તથા લક્ઝી કારનો શોક ધરાવતો મોહંમદ સલીમ ડ્રગ કાર્ટેલમાં 'વૈભવી જીવનશૈલી' માટે જાણીતો હતો. તે મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત, મધ્ય પ્રદેશ અને તેલંગણા સહિત દેશભરમાં ડ્રગ કાર્ટેલ દ્વારા સ્થાપિત મેફેડ્રોન બનાવવાની ફેક્ટરીઓના સંચાલન માટે જવાબદાર હતો.

દક્ષિણ મુંબઇના ડોંગરી વિસ્તારનો રહેવાસી મોહંમદ સલીમ છેલ્લાં ત્રણ વર્ષથી દુબઇમાં રહેતો હતો. અગાઉ તે સલીમ ડોલા સાથે કેટરિંગનો વ્યવસાય ચલાવતો હતો. ઑગસ્ટ, ૨૦૨૦માં તે દેશ છોડી જતો રહ્યો હતો.

(જુઓ પાનું ૪)

# બેકાબૂ કન્ટેઈનર ટ્રાફિકમાં ઘૂસ્યું, વાહનો સળગ્યાં, છ મોત



પુણેઃ પુણેના નવલે બ્રિજ ખાતેના સેલ્ફી પૉઈન્ટ નજીક થયેલા ભયાનક અકસ્માતમાં છ જણે જીવ ગુમાવ્યા હતા. સાતારાથી મુંબઈની દિશામાં આવી રહેલું કન્ટેઈનર બ્રેક ફેઈલ થવાથી છથી સાત વાહન સાથે ટકરાયા પછી ટ્રક સાથે ભટકાયું હતું, જેમાં કન્ટેઈનર અને ટ્રકની વચ્ચે ફસાઈ ગયેલી એક કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. વાહનોની જોરદાર અથડામણને કારણે ફાટી નીકળેલી આગમાં બે વાહન સળગી ગયાં હતાં, જેમાં ૧૦ જણ ઘવાયા હોવાનું જાણવા મળ્યું હતું.

પુણે શહેરના સિંહગડ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ ઈન્સ્પેક્ટર દિલીપ દાઈગડેએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે ગુરુવારની સાંજે ૫.૩૦ વાગ્યાની આસપાસ બનેલી ઘટનામાં કારમાં હાજર ચાર અને ટ્રકમાંના બે લોકોનાં મૃત્યુ થયાં હતાં.

જખમીઓને સારવાર માટે હૉસ્પિટલમાં લઈ જવાયા હતા. રાત સુધી મૃતકોની ઓળખ થઈ શકી નહોતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના મુંબઈ-બેંગલુરુ હાઈવે પર પુણે શહેરમાં કાત્રજ-દેહુ રોડ બાયપાસ નજીક નવલે બ્રિજથી થોડે અંતરે બની હતી. કહેવાય છે કે સાતારાથી મુંબઈ તરફ જઈ રહેલા મલ્ટિ-ટાયર કન્ટેઈનરનું બ્રેક ફેઈલ થયું હતું, જેને કારણે કન્ટેઈનર બેકાબૂ બન્યું હતું. ડ્રાઈવર કન્ટેઈનર પર કાબૂ ન રાખી શકતાં છથી સાત વાહન અડફેટે આવ્યાં હતાં.

ઈન્સ્પેક્ટર દાઈગડેએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં કન્ટેઈનરના બ્રેક ફેઈલને કારણે આ ઘટના બની હોવાનું જાણવા મળ્યું હતું.

આગળ જઈ રહેલાં વાહનોને ટકરાયા પછી કેન્ટેઈનર એક ટ્રક સાથે ભટકાયું હતું, પરંતુ કેન્ટેઈનર અને ટ્રક વચ્ચે સ્વિફ્ટ કાર ફસાઈ ગઈ હતી. પછી એકાએક આગ લાગતાં બે વાહન સળગી ગયાં હતાં.

સોશ્યલ મીડિયા પર આ ઘટનાના અનેક વીડિયો વાયરલ થયા હતા, જેમાં બે વાહન ભડકે બળતાં નજરે પડે છે. આગને કારણે દૂર દૂર સુધી ધુમાડાના ગોટા ઊડતા વીડિયોમાં દેખાય છે.

દરમિયાન બનાવની જાણ થતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આગ પર કાબૂ મેળવ્યા પછી મૃતકોને વાહનમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જખમીઓને સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

અકસ્માતને કારણે વાહનોથી ધમધમતા હાઈવે પર ટ્રાફિક જૅમ થઈ ગયો હતો. મુંબઈ તરફ આવતી લેન પરના વાહનવ્યવહારને રોકી દેવો પડ્યો હતો, જેને કારણે દૂર દૂર સુધી વાહનોની લાઈન લાગી હતી. ટ્રાફિક પોલીસની મદદથી વાહનવ્યવહારનું સંચાલન કરવામાં આવી રહ્યું હતું. આ જ સ્થિતિ રાત સુધી રહી હતી. કલાકો સુધી વાહનધારકો ટ્રાફિકમાં ફસાયેલા હતા.

પાર્થ પર કાર્યવાહી કરવામાં ફડણવીસની લાચારી?

# અજિત પવારે સરકારમાંથી નીકળી જવાની ચિમકી આપતાં ફડણવીસ ઠંડા પડી ગયા

## વિપક્ષી નેતા અંબાદાસ દાનવેનો ગંભીર આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપીના વડા અજિત પવારના પુત્ર પાર્થ પવારના પુણે ખાતેના કથિત જમીન કૌભાંડના આટલા બધા પુરાવા સામે આવ્યા હોવા છતાં તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં નથી આવતી તેના માટે ફડણવીસની લાચારી જવાબદાર છે એવો ગંભીર આરોપ શિવસેના (યુબીટી)ના નેતા અને મહારાષ્ટ્ર વિધાન પરિષદના ભૂતપૂર્વ વિપક્ષીનેતા અંબાદાસ દાનવેએ કર્યો છે. અહીં ઉલ્લેખનીય છે કે આવા જ જમીન ખરીદીના કથિત કૌભાંડના આરોપ લાગ્યા બાદ એકનાથ ખડસે પાસેથી રાજીનામું લઈ લેવામાં આવ્યું હતું. અંબાદાસ દાનવેએ ગુરુવારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર નાયબ પાર્થને બચાવવાનો આરોપ લગાવ્યો, જે હવે રદ કરાયેલા ૩૦૦ કરોડ રૂપિયાના વિવાદાસ્પદ પુણે જમીન સોદાના કેસના કેન્દ્રમાં છે.

તેમણે કહ્યું હતું કે કે, સરકાર આ કેસમાં પવાર પિતા-પુત્રની જોડીને બચાવવા માટે કોઈ કસર છોડી રહી નથી અને એવી માગણી કરી હતી કે પાર્થ પ્રત્યે કોઈ ઉદારતા દાખવવામાં ન આવે અને તેમની સામે કેસ નોંધવામાં આવે.

દાનવેએ એવો પણ દાવો કર્યો હતો કે તેમની જાણકારી મુજબ, જમીન સોદાના કેસ વિવાદમાં આવ્યા પછી એનસીપીના વડા અજિત પવારે ગુસ્સામાં સરકારમાંથી બહાર નીકળવાની ઓફર કરી હતી. 'મેં સાંભળ્યું છે કે 'વર્ષા' (મુંબઈમાં મુખ્ય પ્રધાનનું સત્તાવાર નિવાસસ્થાન) ખાતે યોજાયેલી એક બેઠક દરમિયાન, અજિત પવારે ગુસ્સે થઈને સરકારમાંથી બહાર નીકળવાની અને બહારથી ટેકો આપવાની ઓફર કરી હતી,' એવો દાવો દાનવેએ કર્યો હતો અને જણાવ્યું હતું કે આ જ કારણસર ફડણવીસ પાર્થને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. અજિત પવારે ગયા અઠવાડિયે એવી જાહેરાત કરી હતી કે પાર્થની કંપની દ્વારા કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજ રદ કરવામાં આવ્યો છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે પાર્થને ખબર નહોતી કે તેમની કંપની દ્વારા ખરીદવામાં આવેલી જમીન સરકારી છે.

દાનવેએ છત્રપતિ સંભાજીનગરમાં એવો પણ આરોપ લગાવ્યો હતો કે સરકાર આ કેસમાં અજિત પવાર અને પાર્થને બચાવવા માટે સક્રિયપણે પ્રયાસ કરી રહી છે.'સરકાર તેમને બચાવવા માટે કોઈ કસર છોડી રહી નથી,' એવો તેમણે આરોપ લગાવ્યો હતો.

'પરંતુ પાર્થ પવાર સાથે ઉદારતાથી વર્તવું જોઈએ નહીં. તેમની સાથે નાના બાળક જેવો વ્યવહાર ન કરવો જોઈએ. તેમણે અગાઉ લોકસભા ચૂંટણી લડી છે. તેમને ગુનેગાર તરીકે ગણવા જોઈએ. તેમની સામે ગુનો નોંધવો જોઈએ,' એમ પણ રાજ્ય વિધાનસભા પરિષદના ભૂતપૂર્વ વિરોધ પક્ષના નેતાએ જણાવ્યું હતું.




ઉડતી નજરેઃ બિહારની ચૂંટણીનું આજે પરિણામ છે ત્યારે લાલબાગની ગુરુકૂળ સકૂલ તરફથી વિશેષ પેઈન્ટિંગ બનાવાયું છે. (અમય ખરાડે)

# મુંબઈમાં ડેરી વિભાગ હેઠળ રહેણાંક ક્વાર્ટર્સની ફાળવણી માટે સમિતિમાં ફેરફાર

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે ગુરુવારે મુંબઈની વરલી અને આરે કોલોનીમાં ડેરી વિકાસ વિભાગ હેઠળ રેસિડન્ટ ક્વાર્ટર્સની ફાળવણી માટે ચાર સભ્યોની સમિતિ નવેસરથી બનાવી છે. આમ કરી સરકારે સેક્રેટરી રેન્કના અધિકારીની અધ્યક્ષતાવાળી પેનલને બદલી કમિશનરની આગેવાની હેઠળની પેનલ નિયુક્ત કરી છે.

આ અંગે બીજી જૂન, ૨૦૨૨ ના દિવસે બનાવવામાં આવેલી અને સચિવ (પશુપાલન)ની અધ્યક્ષતાવાળી હાલની સમિતિને વિખેરી નાખવામાં આવી હતી. ફાળવણી પ્રક્રિયાને પાટે ચડાવવા કરવા ડેરી વિકાસ વિભાગના કમિશનરની અધ્યક્ષતામાં નવી ચાર સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે એમ સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે.

નવી પેનલમાં બૃહન્મુંબઈ દૂધ યોજના, વરલીના જનરલ મેનેજરનો પણ સમાવેશ થાય છે અને ગોરેગાંવની આરે કોલોનીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને વર્લીમાં ડેરી વિકાસ કચેરીના કમિશનરના નાયબ કમિશનર (વહીવટીતંત્ર) સભ્ય સચિવ તરીકે છે.

ક્વાર્ટર્સ ફાળવતી વખતે સમિતિને ચોક્કસ માર્ગદર્શિકાનું પાલન કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે, જેમાં અરજદારો પાત્ર સરકારી કર્મચારીઓ છે કે નહીં તેની ચકાસણી, અરજદારો સેલ્ફ-ડિક્લેરેશન દ્વારા રહેણાંક મિલકતોની માલિકી ધરાવે છે તેની પુષ્ટિ અને ખોટી માહિતી આપવામાં આવે તો ભાડા અને દંડની વસૂલાત સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

પેનલ સરકારી આવાસ અંગે જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટના ૭ જાન્યુઆરી, ૨૦૨૧ના દિવસે જારી કરવામાં આવેલા જીઆરનું પાલન થાય એની તકેદારી રાખશે. કમિશનરને સમિતિની બેઠકો, ખાલી ક્વાર્ટર્સ, મળેલી અરજીઓ, પાત્ર અરજદારો અને ફાળવણીની વિગતો આપતા સરકારને માસિક અહેવાલ રજૂ કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. (પીટીઆઈ)

# ભારે વાહનોની ફક્ત પીળી લેનમાંથી અવરજવર

## ઘોડબંદર પર ટ્રાફિકની સમસ્યાના ઉકેલ માટે નવો પ્રયોગ

થાણેઃ મુંબઈ મહાનગરમાં વાહનોની અવરજવર માટે મહત્વપૂર્ણ ગણાતા થાણે અને ઘોડબંદર રોડ પર વારંવાર સર્જાતી ટ્રાફિક જેમની સમસ્યાના ઉકેલ લાવવા થાણે ટ્રાફિક પોલીસ ભારે વાહનો માટે પીળી લેનનો પ્રયોગ કરવાનું વિચારી રહી છે. આ પ્રયોગ અંતર્ગત ફક્ત ભારે વાહનોને પીળી લેનમાંથી જ્યારે અન્ય વાહનોને બાજુની લેનમાંથી પસાર થવાની મંજૂરી આપવામાં આવશે, જેનાથી અન્ય વાહનોની મુસાફરી ઝડપી બનશે તેવી અપેક્ષા છે. નિયમો અનુસાર ભારે વાહનોએ ડાબી લેનમાં મુસાફરી કરવી જરૂરી છે. મુંબઈ-પુણે એક્સપ્રેસ વે જેવા સ્થળોએ, ભારે વાહનો માટે ડાબી લેનનો ઉપયોગ કરવો ફરજિયાત છે અને તેનું ઉલ્લંઘન કરવા બદલ દંડ વસૂલવામાં આવે છે. જોકે થાણે અને ઘોડબંદર રસ્તાઓ પર આ નિયમોનું પાલન થતું નથી. ભારે વાહનો બધી લેનમાં ચાલે છે, એકબીજાને ઓવરટેક કરે છે અને બધી લેન બ્લોક કરે છે. તે ચઢાવવાળો રસ્તો હોવાથી અન્ય વાહનો તેમની પાછળ લાઈનમાં ઊભા રહેવુ પડે છે. આ કારણે ટ્રાફિક જેમ થાય છે. થાણે ટ્રાફિક પોલીસ આ રસ્તા પર ટ્રાફિક જામ ટાળવા માટે પીળી લેનનો પ્રયોગ કરવાનું વિચારી રહી છે. જો નિર્ધારિત લેન સિવાયના અન્ય વાહનો, ભારે વાહનની લેનમાંથી પસાર થશે તો દંડ ફટકારવાની યોજના છે. આ લેન ડાબી બાજુ હોવી જોઈએ કે જમણી બાજુ તે નક્કી કરવા માટે તપાસ ચાલી રહી છે, એમ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ટ્રાફિક) પંકજ શિરસાટે જણાવ્યું હતું. ■

# દેરાસર જતાં વૃદ્ધાની ચેન આંચકનારો પકડાયોઃ આરોપી સામે ૪૦ ગુનાની નોંધ

મુંબઈઃ મલાડમાં દેરાસર જઈ રહેલાં સિનિયર સિટીઝનના ગળામાંથી સોનાની ચેન આંચકી ભાગી ગયેલા રીઢા ચોરને પોલીસે ૧૨ કલાકમાં જ પકડી પાડ્યો હતો. આરોપી વિરુદ્ધ ૪૦થી વધુ ગુનાની નોંધ હોવાનું તપાસમાં જણાયું હતું.

દિંડોશી પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ સંજય શ્રીપદ સુકમ (૩૫) તરીકે થઈ હતી. મલાડના ખોતકૂવા પરિસરમાં રહેતા આરોપીને મંગળવારની મોડી રાતે મલાડના ડાયમંડ માર્કેટમાંથી તાબામાં લેવાયો હતો. તેની પાસેથી ફરિયાદીની ચેન હસ્તગત કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ મલાડ પૂર્વના દફ્તરી રોડ પરની સોસાયટીમાં રહેતાં માનબેન સત્રા (૮૧) મંગળવારની સવારે ૬.૩૦ વાગ્યાની આસપાસ દેરાસર જવા ચાલતાં નીકળ્યાં હતાં. થોડે જ અંતરે પેઠે નગર પાસે પહોંચ્યા ત્યારે પાછળથી આવેલો શખસે તેમના ગળામાંથી સોનાની ચેન આંચકી ભાગી ગયો હતો. અંદાજે એક લાખ રૂપિયાની ચેન ચોરાઈ હોવાની ફરિયાદ દિંડોશી પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી હતી.પોલીસે ગુનો નોંધી તાત્કાલિક તપાસ માટે અધિકારીઓની ચાર ટીમ બનાવી હતી. ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીની ઓળખ મેળવવામાં આવી હતી. બાદમાં છટકું ગોઠવી મોડી રાતે આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો.

# બળદગાડાં પર સવાર વૃદ્ધનું અકસ્માતમાં મૃત્યુઃ ૨૯ વર્ષ બાદ પરિવારને ૨.૮ લાખનું વળતર ચૂકવવાનો આદેશ

થાણેઃ બળદગાડા પર સવાર ૬૬ વર્ષના વૃદ્ધનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયાના ૨૯ વર્ષ બાદ તેના પરિવારને ૨.૮ લાખનું વળતર ચૂકવવાનો આદેશ એમએસીટી (થાણે મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલ) દ્વારા આપવામાં આવ્યો હતો. એમએસીટીના સભ્ય પી. આર. અશતુરકરે ૬ નવેમ્બરે આ આદેશ આપ્યો હતો.

ઉલ્હાસનગર વિસ્તારમાં ૧૬ એપ્રિલ, ૧૯૯૬ના રોજ ભાઉ વાલકુ ગાયકર બળદગાડામાં જઇ રહ્યો હતો ત્યારે પૂરપાટ વેગે આવેલા ડમ્પરે બળદગાડાને ટક્કર મારી હતી, જેમાં ગાયકરનું મૃત્યુ થયું હતું.

જ્યારે ટ્રિબ્યુનલે ઠરાવ્યું હતું કે ડમ્પરના ડ્રાઇવરની બેદરકારીને કારણે જીવલેણ અકસ્માત થયો હતો, ત્યારે મૂળ દાવેદર રમાબાઇ ભાઉ ગાયકરનું ૨૦૦૫માં મૃત્યુ થયું હોવાની વાત જાહેર ન કરવા બદલ પરિવારને ઠપકો આપવામાં આવ્યો હતો. રમાબાઇ ગાયકરનું મૃત્યુ થયું છે એ વાત જણાવવાની અરજદારોએ તસ્દી પણ લીધી નહોતી.

# બોગસ એપ પરથી નકલી ટ્રેન ટિકિટ મેળવનાર મુસાફર ટીસીએ ઝડપી લીધો

મુંબઈઃ નાલાસોપારાના રહેવાસી ૪૩ વર્ષના રાજેન્દ્ર નિકમ પાસે મંગળવારે એર કન્ડિશન્ડ (એસી) લોકલમાં ટિકિટ ચેકરે ટિકિટ માગી ત્યારે તેણે સ્વસ્થ ચિત્તે મોબાઇલના સ્ક્રીન પર દેખાડી હતી.એ એક ઇ-ટિકિટ હતી જે તેણે ભારતીય રેલવેની યુટીએસ મોબાઇલ એપ્લિકેશન પર ખરીદી હોવાનું ટિકિટ ચેકર માની લેશે એવી એની ધારણા હતી. જોકે સિનિયર ટિકિટ ચેકર સાંઈ પ્રસાદ સાવંત અને તેની ટીમને નિકમ છેતરી નહોતો શક્યો.પશ્ચિમ રેલવે પર સાંજના ધસારાના સમય દરમિયાન સાવંતે આ છેતરપિંડી પકડી પાડી હતી. છેલ્લા છ મહિનાથી એસી લોકલમાં ટિકિટ ચેક કરી રહેલા સાવંત ચર્ચગેટ-વિરાર કોરિડોર પર બપોરે બે થી રાત્રે ૧૦ વાગ્યા સુધી ફરજ પર હતા.

મંગળવારે સાંજે ૭.૧૬ વાગ્યે વિરાર જતી એસી સ્લો લોકલમાં બોરીવલીથી ચડેલા સાવંતે ફરિયાદમાં જણાવ્યું હતું કે આ ટ્રેનમાં મુસાફરોની ટિકિટ અને સીઝન પાસ ચેક કરી રહ્યો હતો ત્યારે સાંજે ૭.૩૬ વાગ્યે ટ્રેન નાયગાવ સ્ટેશન પહોંચી હતી. મેં નિકમને ટીકી/પાસ દેખાડવા કહ્યું ત્યારે તેણે પોતાના મોબાઈલના સ્ક્રીન પર યુટીએસ એપમાં એક ટિકિટ દેખાડી હતી. મેં ટિકિટ પરના યુટીએસ નંબરની સરખામણી મારા હાથમાં રહેલી ડિવાઇસ સાથે કરતા ખબર પડી કે કે યુટીએસ નંબર ખોટો હતો. ટિકિટ માટે ચાર્જ કરવામાં આવેલા પૈસા પણ બરાબર નહોતા.

નિકમને વસઈ રેલવે સ્ટેશન પર ઉતારી પૂછપરછ કરવામાં આવી ત્યારે એ જવાબ નહોતો આપી રહ્યો. તેને રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ) ચોકીમાં લઈ જવામાં આવ્યો ત્યારે જ તેણે સ્વીકાર્યું કે તેણે નકલી યુટીએસ એપ્લિકેશનનો ઉપયોગ કર્યો હતો. પશ્ચિમ રેલવેના અધિકારીઓનું કહેવું છે કે બે વર્ષમાં સાતમી વખત જુદા જુદા માધ્યમો દ્વારા નકલી ટિકિટ ધરાવતા મુસાફરો જોવા મળ્યા છે.

# સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં નોમિનેશન ફોર્મ ઓફલાઈન સ્વીકારવા કૉંગ્રેસનો આગ્રહ

મુંબઈઃ કૉંગ્રેસે ગુરુવારે મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચ (એસઈસી)ને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ઓફલાઇન રજૂ કરવા મંજૂરી આપવા વિનંતી કરી છે. ઓનલાઈન પ્રક્રિયા જટિલ હોવાથી અને ટેક્નિકલ ક્ષતિને કારણે ઉમેદવાર અપાત્ર થવાની સંભાવના રહે છે એવો દાવો કરી આ માગણી કરવામાં આવી હતી.

કૉંગ્રેસ વિધાનસભા દળના નેતા વિજય વડેટ્ટીવારે જણાવ્યું હતું કે પાર્ટીના પ્રતિનિધિમંડળે રાજ્ય ચૂંટણી કમિશનર દિનેશ વાઘમારેને મળી વિનંતી કરી હતી કે ઓનલાઇન સબમિશનની સાથે ફિઝિકલ ફોર્મ પણ સ્વીકારવામાં આવે.

વડેટ્ટીવારે વધુમાં જણાવ્યું હતું કે 'નામાંકન ફોર્મ લગભગ ૨૦ પાનાનું છે અને એમાં ઘણી વિગતો માગવામાં આવે છે, જેમ કે મળેલા મત અને અગાઉની ચૂંટણીમાં કરેલો ખર્ચ. આ બધી જાણકારી કમિશન પાસે હોય જ છે. ફોર્મ ઓનલાઇન રજૂ કરવામાં ટેકનિકલ સમસ્યા આવી પડે તો જટિલ પ્રક્રિયાના પરિણામે ઉમેદવારોને છેલ્લી ઘડીએ ગેરલાયક ઠરી શકે છે.

પ્રદેશ કૉંગ્રેસ અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે અને પોતે આ સમસ્યા રાજ્ય ચૂંટણી પંચને જણાવી દીધી હોવાનું જણાવી શાસક મહાયુતિ ગઠબંધનમાં વધતા આંતરિક વિરોધાભાસને કારણે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને ટૂંક સમયમાં સત્તામાંથી બહાર કાઢવામાં આવશે એવો આક્ષેપ વડેટ્ટીવારે કર્યો હતો.

કૉંગ્રેસ નેતાએ એનસીપીના અજિત પવારની આગેવાની હેઠળના જૂથ પર પુણે, પિંપરી-ચિંચવડ, સાતારા, સાંગલી અને મરાઠવાડાના કેટલાક ભાગોમાં ભાજપ તરફી ભૂમિકા ભજવવાનો આરોપ કરી જણાવ્યું હતું કે પાર્થ પવાર સાથે સંકળાયેલા પુણે જમીન કૌભાંડે પક્ષની નબળાઈ છતી કરી છે. એવી સ્થિતિ ઊભી થઈ રહી છે કે અજિત પવારને સત્તામાંથી બહાર નીકળવું પડશે. મહાયુતીની અંદર પહેલો ફટકો તેમના પક્ષને પડશે. (પીટીઆઈ)

# વર્લ્ડ ચૅમ્પિયનોનો ભારતમાં ઈતિહાસ ખરાબ છેઃ આજથી પ્રથમ ટેસ્ટ

## ભારતની ધરતી પર સાઉથ આફ્રિકાની છ વર્ષે પહેલી ટેસ્ટઃ ટીમ ઈન્ડિયામાં ત્રણ વિકેટકીપર

કોલકાતાઃ ટેમ્બા બવુમાના સુકાનમાં ટેસ્ટના વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકાની ટીમ આજથી (સવારે ૯.૩૦ વાગ્યાથી) ભારત સામે પ્રથમ ટેસ્ટ મૅચ સાથે સિરીઝની શરૂઆત કરશે, પરંતુ એના આરંભ પહેલાં જ પ્રવાસીઓને નિરાશ કરી મૂકે એવી એક બાબત એ છે કે ભારતમાં તેમનો ઇતિહાસ જરાય સારો નથી. સાઉથ આફ્રિકા ભારતમાં છેલ્લી સાતમાંથી છ ટેસ્ટ હાર્યા છે.

બીજી નવાઈની વાત એ છે કે ભારતમાં છેલ્લી સાતમાંથી એક ટેસ્ટ ડ્રૉમાં ગઈ છે. ટૂંકમાં, ૨૦૧૫થી માંડીને ૨૦૧૯ સુધીમાં સાઉથ આફ્રિકાને ભારતમાં સાતમાંથી એક પણ ટેસ્ટ જીતવામાં સફળતા નથી મળી. ઑક્ટોબર, ૨૦૧૯માં રાંચીમાં વિરાટ કોહલીના સુકાનમાં ભારતનો ફાફ ડુ પ્લેસીની સાઉથ આફ્રિકન ટીમ સામે એક દાવ અને ૨૦૨ રનથી પરાજય થયો ત્યાર પછી સાઉથ આફ્રિકાની ટીમ છ વર્ષમાં ક્યારેય ભારતમાં ટેસ્ટ રમવા નહોતી આવી. ૨૦૧૯ની એ ટેસ્ટમાં ટેમ્બા બવુમા માત્ર ખેલાડી હતો, પણ તેના સુકાનમાં સાઉથ આફ્રિકાએ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી) જીતી લીધી અને હવે શુક્રવારે શરૂ થનારી કોલકાતાની ટીમમાં પણ તે જ કૅપ્ટન છે.

ભારતની ટીમમાં બે વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંત અને ધ્રુવ જુરેલ સામેલ છે. ખરેખર તો કે. એલ. રાહુલ પણ વિકેટકીપિંગ કરતો હોય છે એટલે ટીમમાં ત્રણ રેગ્યુલર વિકેટકીપર છે એમ કહી શકાય. સાઉથ આફ્રિકાની ટીમની બૅટિંગ લાઇન-અપ મજબૂત છે અને તેઓ પાકિસ્તાન સામેની ટેસ્ટ જીતીને ભારત આવ્યા છે એટલે તેમનો જુસ્સો બુલંદ છે.

# પ્લેઇંગ-ઇલેવનના મુદ્દે ગિલ અવઢવમાં, શમી વિશે પુછાતાં જવાબ ટાળ્યો

કોલકાતાઃ ટેસ્ટના વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકા સામે સિરીઝની પ્રથમ ટેસ્ટ શરૂ થવાને ગણતરીના કલાકો બાકી છે ત્યારે ભારતની પ્લેઇંગ-ઇલેવન નક્કી કરવામાં કૅપ્ટન શુભમન ગિલ મૂંઝવણમાં છે ત્યાં બીજી બાજુ તેણે ઘણા મહિનાઓથી અવગણવામાં આવી રહેલા પેસ બોલર મોહમ્મદ શમીના મુદ્દે પત્રકારો દ્વારા પૂછવામાં આવેલા સવાલનો જવાબ આપવાનું ટાળ્યું હતું કહ્યું હતું કે તેનો જવાબ તેમને સિલેક્ટરો પાસેથી મળશે.

ટેસ્ટના ચોથા નંબરના ભારત અને વિશ્વ વિજેતા સાઉથ આફ્રિકા વચ્ચે શુક્રવાર, ૧૪મી નવેમ્બરે (સવારે ૯.૩૦ વાગ્યાથી) કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં પ્રથમ ટેસ્ટ શરૂ થશે અને એમાં ભારતના કયા ૧૧ ખેલાડી રમશે એ હજી સુધી નક્કી નથી કરવામાં આવ્યું. જોકે આવું તો ઘણી વાર બનતું હોય છે એટલે સ્વાભાવિક છે કે મૅચના દિવસે જ ઇલેવન જાહેર કરવામાં આવે, પણ સૌથી મોટો મુદ્દો એ છે કે સાઉથ આફ્રિકા સામે ત્રણ સ્પિનરને રાખવા કે ત્રણ પેસ બોલરને?

### ઈડનની પિચ પર પહેલાં પેસરને, પછી સ્પિનરને લાભ

કોલકાતામાં ઈડન ગાર્ડન્સની પિચ પર ત્રીજા દિવસથી (રવિવારથી) સ્પિનર્સને વધુ ટર્ન મળવાના શરૂ થશે એવી સંભાવના વચ્ચે બન્ને ટીમના કૅપ્ટન (શુભમન ગિલ અને ટેમ્બા બવુમા) મુકાબલાની શરૂઆતમાં પોતાના પેસ બોલર્સને મોરચા પર બને એટલા જાળવી રાખવા માગશે. બીજી રીતે કહીએ જેની પહેલાં ફીલ્ડિંગ હશે એ ટીમ શરૂઆતમાં પેસ બોલરનો વધુ ઉપયોગ કરશે. ઈડનના મેદાન પર સામાન્ય રીતે નવો બૉલ ખૂબ સ્વિંગ થતો હોય છે જેનો લાભ પહેલાં બોલિંગ કરનારી ટીમ લેવાનું ચૂકશે નહીં.

### ભારત પાસે સ્પિનર્સ, પેસર્સની ફોજ

ભારતીય સ્ક્વૉડમાં ચાર સ્પિનર છે જેમાં રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ અને વૉશિંગ્ટન સુંદરનો સમાવેશ છે. કુલદીપને બાદ કરતા બાકીના ત્રણેય સ્પિનર બૅટિંગમાં પણ ઉપયોગી થઈ શકે. ભારતીય પેસ બોલર્સમાં જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને આકાશ દીપનો સમાવેશ છે. ચોથા પેસ બોલર નીતીશ રેડ્ડીને ટીમમાંથી છૂટો કરીને વિકેટકીપર-બૅટ્સમૅન ધ્રુવ જુરેલને સ્ક્વૉડમાં સમાવવામાં આવ્યો છે.

### ઇલેવન વિશે કૅપ્ટન ગિલ શું બોલ્યો

કૅપ્ટન શુભમન ગિલ સાથેની વાતચીતમાં પત્રકારોએ સૌથી વધુ સવાલ પ્લેઇંગ-ઇલેવન બાબતમાં પૂછ્યા હતા. ગિલે તેમને કહ્યું, 'ટીમ નક્કી કરવા માટે સ્ક્વૉડમાં આટલા બધા વિકલ્પો હોય ત્યારે આવી જ (મૂંઝવણની) સ્થિતિ સર્જાય. અમે મૅચના દિવસે (શુક્રવારે) સવારે પિચનું અવલોકન કરીશું અને પછી જ પ્લેઇંગ-ઇલેવન નક્કી કરીશું. ગુરુવાર માટેની પિચ બુધવારે અલગ લાગતી હોવાથી આવું નક્કી કર્યું છે. એક વાત હું દૃઢપણે માનું છું કે આ મૅચમાં સ્પિનર્સ મહત્ત્વની ભૂમિકા ભજવશે. જોકે અમારી પાસે ઑલરાઉન્ડર્સ પણ ઘણા છે. ખાસ વાત એ છે કે સ્પિનર જ્યારે ભારતમાં રમતા હોય ત્યારે કમાલ જ કરતા હોય છે. પિચ જો સૂકી હોય તો રિવર્સ-સ્વિંગ પણ મોટી ભૂમિકા ભજવે.'




ઇડનના મેદાન પર ચીફ સિલેક્ટર આગરકર સાથે કૅપ્ટન ગિલ (ડાબે) અને બંગાળ ઍસોસિયેશનના ચીફ સૌરવ ગાંગુલીને પિચ ચકાસતા જોઈ રહેલો સાઉથ આફ્રિકાનો કૅપ્ટન ટેમ્બા બવુમા. (પીટીઆઇ)

### વધારાનો ઑલરાઉન્ડર લેવો કે એક્સ્ટ્રા સ્પિનરઃ ગિલ

શુભમન ગિલે પત્રકારોને કહ્યું, 'બોલિંગ-કૉમ્બિનેશનની બાબતમાં હંમેશાં મૂંઝવણ રહેતી જ હોય છે. વધારાનો ઑલરાઉન્ડર ઇલેવનમાં સમાવવો કે એક્સ્ટ્રા સ્પિનરને રમાડવો એની મથામણ કાયમ રહેતી હોય છે.'

### બન્ને દેશની સંભવિત ઇલેવન

**ભારતઃ** શુભમન ગિલ (કૅપ્ટન), યશસ્વી જયસ્વાલ, સાઇ સુદર્શન, કે. એલ. રાહુલ, રિષભ પંત (વાઇસ-કૅપ્ટન, વિકેટકીપર), ધ્રુવ જુરેલ, રવીન્દ્ર જાડેજા, વૉશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજ.

**સાઉથ આફ્રિકાઃ** ટેમ્બા બવુમા (કૅપ્ટન), એઇડન માર્કરમ, રાયન રિકલ્ટન, ટ્રિસ્ટેન સ્ટબ્સ, ટૉની ડિ ઝોર્ઝી, કાઇલ વેરેની (વિકેટકીપર), સેનુરન મુથુસામી, સિમોન હાર્મર, માર્કો યેનસેન, કેશવ મહારાજ અને કૅગિસો રબાડા.

# પાકિસ્તાને ત્રિકોણિય જંગની બધી મૅચો કેમ રાવલપિંડીમાં રાખી દેવી પડી?

રાવલપિંડીઃ એક તરફ પાકિસ્તાન પોતાને ત્યાં તાલીમ પામેલા આતંકવાદીઓને મોકલીને ભારતમાં પોતાના મળતિયાઓની મદદથી આતંકની પ્રવૃત્તિઓ બેરોકટોક કરી રહ્યું છે ત્યાં બીજી બાજુ ખુદ પાકિસ્તાનની ધરતી પર બૉમ્બ હુમલા થઈ રહ્યા છે જેને કારણે એના જ ક્રિકેટ બોર્ડે આગામી ટી-૨૦ ટ્રાયેન્ગ્યુલર ટૂર્નામેન્ટનું શેડ્યૂલ બદલવું પડ્યું છે.

ઇસ્લામાબાદમાં જીવલેણ આત્મઘાતી હુમલા થયા છે. પાકિસ્તાનના શ્રીલંકા અને ઝિમ્બાબ્વે સામેના ત્રિકોણિય જંગની ફાઇનલ સહિતની પાંચ મૅચ લાહોરમાં રમાવાની હતી, પણ હવે તમામ મૅચો રાવલપિંડીમાં રાખવામાં આવી છે.

આ ટ્રાયેન્ગ્યુલર હવે સલામતીના કારણસર ૧૭મી નવેમ્બરને બદલે ૧૮મી નવેમ્બરે શરૂ થશે. ત્રણેય દેશના ક્રિકેટ બોર્ડ સમયપત્રકમાં ફેરફાર કરવા સંમત થવાને પગલે આ ફેરફાર કરાયા છે. દરેક ટીમ ચાર-ચાર મૅચ રમશે અને ટોચની બે ટીમ ફાઇનલમાં પહોંચશે.

### એક તરફ ધડાકા, બીજી તરફ ક્રિકેટ બોર્ડની ધમકીઃ શ્રીલંકન ખેલાડીઓની હાલત 'સૂડી વચ્ચે સોપારી'

ઇસ્લામાબાદમાં ૧૨ લોકોનો ભોગ લેનાર આત્મઘાતી બૉમ્બ હુમલા થવાને પગલે પાકિસ્તાનમાં ચાલી રહેલી વન-ડે સિરીઝની બાકીની બે મૅચમાં રમવાનું ટાળીને શ્રીલંકા ભેગા થઈ જવાની તૈયારી કરતા શ્રીલંકાના આઠ ખેલાડીઓને તેમના ક્રિકેટ બોર્ડે ધમકી આપી હતી કે જો તેઓ આ પ્રવાસ અધવચ્ચેથી છોડી દેશે તો તેમની સામે સખત કાર્યવાહી કરવામાં આવશે. પરિણામે, આ ખેલાડીઓ અસલામતીના વાતાવરણમાં ડરીને પાકિસ્તાનમાં જ રહ્યા છે અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે શેડ્યૂલમાં ફેરફાર કરીને સિરીઝની બાકીની બે વન-ડે ગુરુવાર અને શનિવારને બદલે શુક્રવાર તથા રવિવારે રાખી છે. પાકિસ્તાન બોર્ડ ગરીબીમાં સડી રહ્યું છે અને એના ચૅરમૅન મોહસિન નકવીએ શ્રીલંકન ક્રિકેટરોને પાકિસ્તાનનો પ્રવાસ ચાલુ રાખવા સમજાવવા બદલ શ્રીલંકન બોર્ડનો આભાર માન્યો છે. જો શ્રીલંકાના ખેલાડીઓ પ્રવાસ છોડી ગયા હોત તો ટ્રાયેન્ગ્યુલર પણ મુશ્કેલીમાં આવી ગઈ હોત અને પાકિસ્તાન બોર્ડને સ્પૉન્સરશિપથી મળનારાં લાખો રૂપિયા ન મળ્યા હોત. ઉલ્લેખનીય છે કે ૨૦૦૯માં લાહોરમાં શ્રીલંકાના ખેલાડીઓની બસ પર આતંકવાદી હુમલો થયો હતો જેને કારણે વર્ષો સુધી પાકિસ્તાનમાં કોઈ પણ દેશે પોતાના ક્રિકેટરોને રમવા નહોતા મોકલ્યા.

### ઇસ્લામાબાદમાં ધડાકા બાદ ઝિમ્બાબ્વેની ટીમનું આગમન

પાટનગર ઇસ્લામાબાદમાં જીવલેણ સૂસાઇડ બૉમ્બ અટૅક થવાને પગલે સ્થિતિ ખૂબ ગંભીર છે ત્યાં ઝિમ્બાબ્વેના ક્રિકેટરો ગુરુવારે સવારે આ શહેરમાં પહોંચ્યા હતા જ્યાં તેમને કડક સલામતી વચ્ચે ઍરપોર્ટ પરથી હોટેલમાં લઈ જવામાં આવ્યા હતા.

### અફઘાનિસ્તાને આવવાનું ટાળ્યું

ટ્રાયેન્ગ્યુલર સ્પર્ધાની ૧૮મી નવેમ્બરની પ્રથમ મૅચ રમાશે. આ સ્પર્ધામાં મૂળ તો ઝિમ્બાબ્વેને બદલે અફઘાનિસ્તાન રમવાનું હતું, પણ અફઘાનિસ્તાનની ધરતી પર પાકિસ્તાની સૈન્યએ કરેલા હવાઈ હુમલામાં ત્રણ સ્થાનિક ક્રિકેટરના મૃત્યુ થવાને પગલે અફઘાનિસ્તાને આ ટ્રાયેન્ગ્યુલરમાં રમવાની ના પાડી દીધી હતી.

# કોલકાતામાં ટેસ્ટ મૅચ પર આઇપીએલની દોડધામ હાવી થઈ

*અમિત શાહ*

કોલકાતાઃ કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં શુક્રવારે (સવારે ૯.૩૦ વાગ્યાથી) ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે સિરીઝની પ્રથમ ટેસ્ટ મૅચ શરૂ થઈ રહી છે, પરંતુ આ શહેરમાં આ ટેસ્ટ મૅચ કરતાં આગામી આઇપીએલની વધુ ચર્ચા છે જેનું કારણ એ છે કે આઇપીએલમાં ખેલાડીઓની અદલાબદલી કરવા સંબંધિત ટ્રેડિંગ વિન્ડો માટેની મુદત થંભી જવાનો સમય નજીક આવી રહ્યો છે તેમ જ અબુ ધાબીમાં ૧૬મી ડિસેમ્બરે યોજાનારા આઇપીએલના પ્લેયર્સ-ઑક્શનને પણ હવે બહુ દિવસો બાકી નથી એટલે પશ્ચિમ બંગાળના આ પાટનગરમાં ટેસ્ટ પર આઇપીએલને લગતી દોડધામ હાવી થઈ ગઈ છે.

વાત એમ છે કે ૨૦૨૬ની આઇપીએલના તમામ ફ્રેન્ચાઇઝીઓના માલિકો પોતાની રણનીતિ અત્યારથી તૈયાર કરવામાં વ્યસ્ત છે. હવે તો ખેલાડીઓની હરાજીની તારીખ અને સ્થળ પણ નક્કી થઈ ગયા છે એટલે ખેલાડીઓની અદલાબદલી કરવા માટે, કયા ખેલાડીઓને રિલીઝ કરવા તથા કોને રીટેન કરવા તેમ જ હરાજીમાં કોના પર ખાસ નજર રાખવી એ સંબંધમાં ટીમોના માલિકોની ચર્ચા-વિચારણા વધી ગઈ છે એટલે ભારત-દક્ષિણ આફ્રિકા ટેસ્ટની ચર્ચા થોડી ઝાંખી પડી ગઈ છે.




ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમની બહાર રોહિત, ગિલ, વિરાટના ચાહકો.

લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)નું વડું મથક કોલકાતામાં જ છે અને એના માલિક સંજીવ ગોયેન્કા તેમ જ કૅપ્ટન રિષભ પંત અને ટૉમ મૂડી, ભરત અરુણ, જસ્ટિન લૅન્ગર સહિતનું ટીમ મૅનેજમેન્ટ આગામી આઇપીએલ માટેની રણનીતિ તૈયાર કરી રહેલા જણાયા છે. તેમની મીટિંગ અહીં કોલકાતામાં એલએસજીના હેડ ક્વૉર્ટરમાં થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

રાજસ્થાન રૉયલ્સના ફ્રેન્ચાઇઝીના માલિક મનોજ બડાલે લંડનમાં રહે છે, પરંતુ તેઓ કોલકાતામાં આઇટીસી સોનાર બાંગ્લા હોટેલમાં બે દિવસથી રવીન્દ્ર જાડેજા સાથે મીટિંગ કરી રહ્યા હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. આવનારા દિવસોમાં પોતાની ટીમનું કૉમ્બિનેશન કેવું રહેશે એને લઈને તમામ ફ્રેન્ચાઇઝીઓ વ્યૂહરચના બનાવી રહ્યા છે.

# આગ્રામાં ભારે સલામતીના બંદોબસ્ત વચ્ચે દીપ્તિ શર્માનો ૧૦ કિલોમીટર લાંબો રોડ-શો

આગ્રા (ઉત્તર પ્રદેશ): પાટનગર દિલ્હીમાં લાલ કિલ્લા ખાતેના આતંકવાદી હુમલાને કારણે પરિસ્થિતિ ગંભીર અને ગમગીન છે ત્યારે (બાય રોડ) અંદાજે ૨૪૫ કિલોમીટર દૂર ઉત્તર પ્રદેશના આગ્રા શહેરમાં ગુરુવારે સવારથી ઉત્સવ જેવો માહોલ હતો, કારણકે તેમની વર્લ્ડ ચૅમ્પિયન ક્રિકેટર અને પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટ દીપ્તિ શર્મા વિશ્વ કપના વિજય બાદ પહેલી વાર તેના આ શહેરમાં પાછી આવી હતી. નવાઈની વાત એ છે કે નજીકમાં જ દેશની રાજધાની દિલ્હીમાં હજી ત્રણ દિવસ પહેલાં કાર-બૉમ્બને કારણે ભારે તારાજી થઈ ત્યાં આગ્રામાં દીપ્તિ શર્મા માટે ખુલ્લા વાહનમાં લાંબા રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

દીપ્તિ શર્માએ બીજી નવેમ્બરે નવી મુંબઈમાં ડી. વાય. પાટીલ સ્ટેડિયમના મેદાન પર સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં ૫૮ બૉલમાં એક સિક્સર તથા ત્રણ ફોરની મદદથી ૫૮ રન કર્યા હતા અને પછી ૩૯ રનમાં પાંચ વિકેટ લીધી હતી. આખા વર્લ્ડ કપમાં તેની બાવીસ વિકેટ તમામ બોલર્સમાં હાઇએસ્ટ હતી. તેણે આ ટૂર્નામેન્ટમાં કુલ ૨૧૫ રન પણ કર્યા હતા અને ત્રણ કૅચ પણ ઝીલ્યા હતા.

### બુલડૉઝરની મદદથી ફૂલોનો વરસાદ

સ્પિન-ઑલરાઉન્ડર દીપ્તિ શર્માના આગમન વખતે ખુલ્લા વાહનમાં ૧૦ કિલોમીટર લાંબો રોડ-શો યોજવામાં આવ્યો હતો. તેના પર બુલડૉઝરની મદદથી ફૂલોનો વરસાદ વરસાવવામાં આવ્યો હતો. દીપ્તિ તેનાં હજારો ચાહકોના પ્રેમ બદલ બેહદ ખુશ હતી. તેણે વાહનમાં ઊભા રહીને સતત હસતાં ચહેરે ફૅન્સનું અભિવાદન કર્યું હતું. તેના અનેક ચાહકો તિરંગા સાથે આવ્યા હતા તેમ જ ડ્રમ અને અન્ય વાજિંત્રોના તાલે ખૂબ નાચ્યા હતા. કેટલાક ચાહકો અશ્વ અને ઊંટ પર આવ્યા હતા.

### દીપક ચાહરના પિતાએ આપ્યા અભિનંદન

આ પ્રસંગે ભારતીય ક્રિકેટર દીપક ચાહરના પિતા પણ રોડ-શોમાં હાજર હતા અને તેમણે દીપ્તિને અભિનંદન આપ્યા હતા. રોડ-શો પૂરો થયા બાદ દીપ્તિ ઘરે ગઈ હતી જ્યાં તેની મમ્મીએ તેની આરતી ઉતારી હતી અને દીકરીની આ જ્વલંત સફળતા બદલ ઈશ્વરનો આભાર માનવા પૂજા-વિધિનું આયોજન પણ કર્યું હતું. દીપ્તિના સગાંસંબંધીઓ તેમ જ પાડોશીઓ પણ ત્યાં હાજર હતા અને તેમણે દીપ્તિને ઉત્સાહભેર આવકારી હતી.

### દીપ્તિને દોઢ કરોડ રૂપિયાનું ઈનામ

ઉત્તર પ્રદેશમાં આદિત્યનાથ યોગીની સરકારે દીપ્તિ શર્મા માટે દોઢ કરોડ રૂપિયાનું રોકડ ઈનામ જાહેર કર્યું છે. પોતાની વર્લ્ડ ચૅમ્પિયન ખેલાડીને



સૌથી વધુ રોકડ ઇનામ આપવામાં આંધ્રની સરકાર મોખરે અને મહારાષ્ટ્ર સરકાર બીજા નંબરે છે. લેફ્ટ-આર્મ સ્પિનર શ્રી ચરની આંધ્રની છે. તેણે વર્લ્ડ કપની નવ મૅચમાં ૧૪ વિકેટ લીધી હતી અને તમામ બોલર્સમાં ચોથા નંબરે હતી. શ્રી ચરનીને આંધ્રની સરકારે સૌથી વધુ અઢી કરોડ રૂપિયાનું ઇનામ આપવા ઉપરાંત તેના વતન કડપ્પામાં ૧,૦૦૦ સ્કવેર યાર્ડના પ્લૉટ પરનો બંગલો ઇનામરૂપે આપ્યો છે તેમ જ તેને ગ્રૂપ-૧ સરકારી નોકરી પણ ઑફર કરી છે. મહારાષ્ટ્ર સરકારે મુંબઈની ત્રણેય ખેલાડી (સ્મૃતિ મંધાના, જેમિમા રૉડ્રિગ્સ, રાધા યાદવ)ને તાજેતરમાં (દરેક પ્લેયરને) ૨.૨૫ કરોડ રૂપિયાનું રોકડ ઇનામ આપ્યું હતું.

# મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશનની ચૂંટણીમાં પવાર-શેલારની જોડીનું જ વર્ચસ્વ

મુંબઈઃ મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ)ની બહુચર્ચિત ચૂંટણીમાં એનસીપીના ચીફ તથા આઈસીસીના ભૂતપૂર્વ ચેરમૅન શરદ પવાર અને મુંબઈ ભાજપના નેતા આશિષ શેલારની જોડીએ ફરી વિજય મેળવ્યો છે. ઍપેક્સ કાઉન્સિલની આ ચૂંટણીમાં આ જોડીને રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનો ટેકો હતો.

### અજિંક્ય નાઈક ફરી પ્રમુખ બન્યા

આ અઠવાડિયે શરદ પવારના સપોર્ટ સાથે અજિંક્ય નાઇકે એમસીએનું પ્રમુખપદ જાળવી રાખ્યું હતું અને હવે અન્ય હોદ્દેદારોની ચૂંટણીમાં પવાર-શેલારની જોડીએ વિજય મેળવ્યો છે. અજિંક્ય નાઈક પ્રમુખપદ પર બિનહરીફ ચૂંટાયા હતા.

### કેટલા માર્જિનથી વિજય, સેક્રેટરી કોણ

પવાર-શેલારની જોડીએ ૧૬માંથી ૧૨ હોદ્દા માટેની ચૂંટણીમાં જીત હાંસલ કરી હતી એમાં સેક્રેટરી, ઉપ-પ્રમુખ તેમ જ ખજાનચીના હોદ્દાનો સમાવેશ હતો. સેક્રેટરીના પદ માટેની ચૂંટણીમાં ડૉ. ઉન્મેશ ખાન્વીલકરે શાહઆલમ શેખને ૨૨૭-૧૨૯ના માર્જિનથી હરાવ્યા હતા.

### ખજાનચી કોણ, નામાંકિત મતદારોમાં કોણ

ઉપ-પ્રમુખપદ માટેની ચૂંટણીમાં એનસીપી (શરદ પવાર જૂથ)ના એમએલએ અને પવારના વિશ્વાસુ નેતા જીતેન્દ્ર આવ્હાડે નવીન શેટ્ટીને ૨૦૧-૧૫૫ના તફાવતથી હરાવ્યા હતા. અરમાન મલિકે ખજાનચીનો હોદ્દો જાળવી રાખ્યો હતો. તેમણે સુરેન્દ્ર શેવાળેને ૨૩૪-૧૧૯ના માર્જિનથી પરાજિત કર્યા હતા. જોઈન્ટ સેક્રેટરીના હોદ્દા માટેના ઇલેક્શનમાં નીલેશ ભોંસલેનો પવાર-શેલારના ટેકાવાળા ગૌરવ પય્યાડે સામે ૨૨૮-૧૨૮ના તફાવતથી વિજય થયો હતો. કાઉન્સિલના એક મેમ્બર તરીકે શિવસેના (યુબીટી)ના સેક્રેટરી મિલિંદ નાર્વેકર ફરી ચૂંટાયા હતા.

કુલ ૩૭૫માંથી ૩૬૨ મતદારોએ વોટ આપ્યા હતા જેમાં ભારતના ભૂતપૂર્વ કેપ્ટનો સુનીલ ગાવસકર, દિલીપ વેન્ગસરકર, સચિન તેંડુલકર તેમ જ ડાયના એદલજીનો સમાવેશ હતો. અન્ય જાણીતા મતદારોમાં અજિત આગરકર, સંજય માંજરેકર, ઝહીર ખાન, નીલેશ કુલકર્ણી, પારસ મ્હામ્બ્રે, જતીન પરાંજપે તેમ જ ખુદ શરદ પવાર તથા શેલાર, આદિત્ય ઠાકરે, રામદાસ આઠવલે તથા નાના પટોળે સામેલ હતા.

# ચેસના વર્લ્ડ કપમાં બે ભારતીય પ્લેયર પ્રી-ક્વૉર્ટરમાં

પણજીઃ ગોવામાં ચાલી રહેલા ચેસના વર્લ્ડ કપમાં ઘણા ભારતીય ખેલાડીઓનો પર્ફોર્મન્સ સારો નથી રહ્યા અને એ સ્થિતિમાં ૨૦૨૩નો રનર-અપ આર. પ્રજ્ઞાનાનંદ ગુરુવારે રશિયાના ડૅનિલ દુબોવ સામે હારી જતાં સ્પર્ધાની બહાર થઈ ગયો હતો. જોકે ભારતના અર્જુન એરીગૈસી અને પી. હરિક્રિષ્નાએ ચોથા રાઉન્ડમાં અનુક્રમે પીટર લેકોને અને નિલ્સ ગ્રૅન્ડેલિયસને હરાવીને પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. ૨૦૨૩ના વર્લ્ડ કપમાં પ્રજ્ઞાનાનંદનો ફાઇનલમાં મૅગ્નસ કાર્લસન સામે પરાજય થયો હતો. વર્તમાન વર્લ્ડ કપમાં ટોચના ત્રણ સ્થાને આવનાર ખેલાડીઓ ૨૦૨૬ની ધ કૅન્ડિડેટ્સ ટૂર્નામેન્ટમાં રમશે અને એમાં વિજેતા થનાર ખેલાડી વર્લ્ડ ચૅમ્પિયન ડી. ગુકેશને પડકારશે. આ વર્લ્ડ કપમાં ખુદ ગુકેશનો પર્ફોર્મન્સ પણ નબળો રહ્યો છે.

# આઇપીએલનું પ્લેયર્સ-ઑક્શન ૧૬મી ડિસેમ્બરે અબુ ધાબીમાં

### શાર્દુલ અને રુધરફર્ડ મળ્યા મુંબઈને

મુંબઈઃ અબુ ધાબીમાં ૨૦૨૬ની આઇપીએલ માટેનું પ્લેયર્સ-ઑક્શન આગામી ૧૬મી ડિસેમ્બરે યોજાશે. સતત ત્રીજા વર્ષે ક્રિકેટ જગતની આ સૌથી મોટી લીગ સ્પર્ધાનું ખેલાડીઓ માટેનું ઑક્શન વિદેશમાં યોજાવાનું છે. આ વખતે એક દિવસનું મિની ઑક્શન યોજાશે એમ છતાં હાલમાં ટ્રેડિંગ વિન્ડોની સગવડ હેઠળ ટીમોએ ખેલાડીઓની અદલાબદલી કરવાનું ચાલુ રાખ્યું છે. તમામ ફ્રેન્ચાઇઝીઓ પોતાના કયા ખેલાડીઓને હરાજી માટે રિલીઝ કરી દેવા માગે છે અને કોને રીટેન કરવા માગે છે એનું લિસ્ટ આઇપીએલની ગવર્નિંગ કાઉન્સિલને શનિવાર, ૧૫મી નવેમ્બરે બપોરે ૩.૦૦ વાગ્યા સુધીમાં આપી દેવું પડશે. દરમ્યાન, ટ્રેડિંગ વિન્ડોમાં લખનઊએ ગુરુવારે શાર્દુલ ઠાકુર મુંબઈ ઇન્ડિયન્સને બે કરોડ રૂપિયામાં અને ગુજરાતે શેરફેન રુધરફર્ડ મુંબઈને ૨.૬ કરોડ રૂપિયામાં આપી દીધો હતો.

# આઈપીએલના વધુ એક ખેલાડી વિરુદ્ધ બળાત્કારનો મહિલા ક્રિકેટરે કર્યો આક્ષેપ, પ્લેયરે સામી એફ.આઈ.આર નોંધાવી

નવી દિલ્હીઃ ૨૦૦૮ની સાલમાં ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) દેશમાંથી ટેલેન્ટેડ ખેલાડીઓને શોધી કાઢવાના ઉચ્ચ હેતુથી શરૂ કરવામાં આવી હતી અને ૧૭ વર્ષના એના ઇતિહાસમાં આઈપીએલને એ મિશનમાં સફળતા મળી છે તેમ જ અસંખ્ય ખેલાડીઓ કરોડો રૂપિયા કમાયા છે, પરંતુ જો કોઈ પ્લેયર પૈસાની રેલમછેલમાં છકી જાય અને ખોટા કામો કરી બેસે તો ભારતીય ક્રિકેટની એ કમનસીબી કહેવાય. આરસીબીના ભૂતપૂર્વ ખેલાડી યશ દયાલે સગીર વયની કન્યાને લગ્નનું ખોટું વચન આપીને કથિત રીતે વારંવાર તેની સાથે કુકર્મ કર્યું એ બદલ યશ દયાલ વિરુદ્ધ પોલીસમાં અને અદાલતમાં કેસ ચાલી રહ્યો છે ત્યાં બીજા એક આઈપીએલ ખેલાડી વિરુદ્ધ આવો જ આક્ષેપ થયો છે.

૨૦૨૫ની આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સ વતી કેટલીક ધમાકેદાર ઇનિંગ્સ ચૂકેલા તેમ જ હવે સાઉથ આફ્રિકા-એ સામે ઇન્ડિયા-એ વતી તિલક વર્માની કેપ્ટન્સીમાં બિનસત્તાવાર વન-ડે સિરીઝમાં રમનારા વિપરાજ નિગમે આંધ્ર પ્રદેશમાં રહેતી એક સ્થાનિક મહિલા ક્રિકેટરને લગ્નનું વચન આપીને તેની સાથે દુષ્કર્મ કર્યું હોવાનો મહિલાનો આક્ષેપ છે.

આંધ્ર પ્રદેશ સિવાય અન્ય એક રાજ્ય વતી રમતી આ મહિલા ક્રિકેટરનો આક્ષેપ છે કે આ વર્ષની શરૂઆતમાં વિપરાજ સાથે ઇન્ટરનેટ મારફત તેની દોસ્તી થઈ હતી અને વિપરાજે આ દોસ્તી મજબૂત બન્યા બાદ તેને પ્રેમની જાળમાં ફસાવી હતી અને પછી એક દિવસ હોટલની રૂમમાં બોલાવીને તેને લગ્નનું વચન આપીને તેની સાથે દુષ્કર્મ કર્યું હતું. મહિલાનો એવો પણ આક્ષેપ છે કે જ્યારે તેણે વિપરાજને લગ્ન વિશે પૂછ્યું ત્યારે તેણે તેની મારપીટ કરી હતી. વિપરાજ વિરુદ્ધની મહિલાની ફરિયાદ નોઈડાના પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે. જોકે વિપરાજે ફર્સ્ટ ઇન્ફર્મેશન રિપોર્ટ (એફઆઇઆર)માં કહ્યું છે કે આ મહિલાના આક્ષેપો તદ્દન ખોટા છે અને એ મહિલા તેને ધમકી આપી રહી છે તેમ જ બ્લેકમેલ પણ કરી રહી છે.

સ્પિન-ઑલરાઉન્ડર વિપરાજનું એવું પણ કહેવું છે કે મહિલા તેની પાસે અઘટિત માગણીઓ કરી રહી હતી અને માગણી પૂરી ન થતાં તેણે હવે વીડિયો વાઇરલ કરવાની ધમકી આપી છે.

# મૅટિની

# ચિલ્ડ્રન્સ ફિલ્મો માટે કેમ ઘોર ઉદાસીનતા?

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

**વિદેશમાં બાળ ફિલ્મો બની રહી છે જ્યારે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં લગભગ દુકાળ જેવી અવસ્થા જોવા મળી રહી છે...એમ કેમ?**


'જાગૃતિ' (૧૯૫૪)


'આઈ એમ કલામ' (૨૦૧૦)

આજે બાળ દિન - ચિલ્ડ્રન્સ ડે છે. ચિલ્ડ્રન્સ ફિલ્મોનું હોલિવૂડ-કેલેન્ડર દમદાર છે. આ વર્ષના બાકીના દોઢ મહિનામાં ચાર ફિલ્મ રિલીઝ થઈ રહી છે અને આવતા વર્ષે પંદરેક રિલીઝ થવાની ગણતરી છે. Paw Patrol, Minions, Toy Story જેવી સિક્વલ ફિલ્મો છે તો સાથે સાથે Arco, Ted and the Magic Lamp, The Cat in the Hat જેવી એનિમેટેડ ફિલ્મો પણ છે.

આ હોલિવૂડની સરખામણીએ બાળકો માટેની હિન્દી ફિલ્મો?

દીવો તો જવા દો, ફ્લડ લાઈટ લઈને શોધવા નીકળીએ તો પણ ચારે તરફ કાળું ડિબાંગ જ છે... સરેરાશ ભારતીય બાળકના જે હાલ છે એ જ હાલ બાળ ફિલ્મના છે. એકંદરે આપણે ત્યાં બાળ ફિલ્મો દીન અવસ્થામાં છે.

સવાલ ૧૦ કરોડ કા એ છે કે બાળકોને ધ્યાનમાં રાખીને નિયમિતપણે ફિલ્મો કેમ નથી બનતી?

એનો વ્યવહારુ જવાબ એ હોઈ શકે કે ફિલ્મ એક પ્રોડક્ટ છે અને એ વેચી પૈસા રળવા એ નિર્માતાનો એકમાત્ર હેતુ હોઈ શકે છે. બાળકોને કેન્દ્રમાં રાખી બનાવેલી ફિલ્મોથી કમાણી થવાની વાત તો દૂર રહી, આર્થિક ફટકો પડશે એવી માન્યતા ઘર કરી ગઈ હોવાથી નિર્માણ માટે ઉત્સુકતા - ઉત્સાહનો અભાવ છે. ચિલ્ડ્રન્સ ફિલ્મનું લેબલ લાગ્યું હોય એ ફિલ્મ મુખ્ય પ્રવાહની નથી ગણવામાં આવતી અને ડિસ્ટ્રિબ્યુટર સારું વળતર આપી એ લેવા તૈયાર નથી થતા.

આવું કેમ થાય છે? બાળ ફિલ્મ માટે આ હદે ઉદાસીનતા કેમ?


બાળકોને ફિલ્મોમાં કામ કરવા દેવા કે એમને ફિલ્મો જોવા દેવી એનો નિર્ણય બાળકો નથી લેતા, પેરેન્ટ્સ લે છે. આદિત્ય ચોપડાએ પ્રોડ્યુસ કરેલી 'થોડા પ્યાર થોડા મેજીક' ફિલ્મ પરથી ચિત્ર થોડું સ્પષ્ટ થાય છે. હૃદયસ્પર્શી વાર્તા, બાળકોનો બેહતરીન અભિનય, કેટલાક જાદુના ખેલ અને કર્ણપ્રિય ગીત - સંગીત ફિલ્મને સફળ બનાવનારા રસાયણો એમાં હતા તેમ છતાં બાળકો જ ફિલ્મ જોવા ન આવ્યા. કેમ? પેરન્ટ્સની ચોખ્ખી ના હતી કે આ ફિલ્મ નથી જોવાની, કેમ કે ફિલ્મમાં અમિષા પટેલનો એક બિકીની ડાન્સ આવે છે. આવું બાળકોને થોડું જોવા દેવાય? એવો નિર્ણય સાગમટે લેવામાં આવ્યો અને બાળકો થિયેટર સુધી પહોંચ્યા જ નહીં. ફિલ્મ ફ્લોપ થઈ.

૧૯૯૬માં 'ખામોશીઃ ધ મ્યુઝિકલ' ફિલ્મથી સ્વતંત્ર ડિરેક્ટર બનેલા સંજય લીલા ભણસાલીએ કેટલીક ઈન્ટેન્સ રોમેન્ટિક ફિલ્મો બનાવ્યા પછી રૂડયાર્ડ કિપલિંગના પુસ્તક 'ધ જંગલ બુક' પર આધારિત બાળકો માટેની ફિલ્મ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ફિલ્મની સ્ક્રિપ્ટ તૈયાર કરવા લેખકોને કામે લગાડવામાં આવ્યા હતા. સાઉથ અમેરિકાના એમેઝોન વિસ્તારમાં એનું શૂટિંગ કરવાનું પ્લાનિંગ હતું. ગ્રાફિક્સ, એનિમેશન અને સ્પેશ્યલ ઈફેક્ટ્સ માટે પણ ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં હતાં. જોકે, આ ફિલ્મ વિચારથી આગળ વધી ન શકી. એનું બાળ-મરણ થઈ ગયું, કારણ કે ચિલ્ડ્રન્સ ફિલ્મ માટે પૈસાની કોથળીઓ ખોલવા કોઈ આગળ ન આવ્યું ...ટૂંકમાં 'ચિલ્ડ્રન્સ ફિલ્મ શું કામ બનાવવાની' એ માનસિકતા આપણે ત્યાં છે. આપણે ત્યાં ભૂતકાળમાં બાળકોને ધ્યાનમાં રાખીને ખૂબ સરસ ફિલ્મો બની છે પણ એ બધી ફિલ્મોને ચિલ્ડ્રન્સ ફિલ્મનું લેબલ નહોતું લગાડવામાં આવ્યું.

૧૯૫૦ - ૬૦ના દાયકામાં 'જાગૃતિ' ('આઓ બચ્ચો તુમ્હેં દિખાયે ઝાંકી હિન્દુસ્તાન કી, ઈસ મિટ્ટી સે તિલક કરો યે ધરતી હૈ બલિદાન કી), 'હમ પંછી એક ડાલ કે' (ટાઈટલ સોંગ 'હમ પંછી એક ડાલ કે) તેમજ 'તૂફાન ઔર દિયા' (ટાઈટલ સોંગ 'નિર્બલ કી લડાઈ બલવાન સે, યે કહાની હૈ દિયે કી ઔર તુફાન કી') વગેરે ખૂબ જ સુંદર બાળ ફિલ્મો બની હતી, પણ આ ફિલ્મો રિલીઝ કરતી વખતે 'ચિલ્ડ્રન્સ ફિલ્મ' તરીકે રજૂ નહોતી કરવામાં આવી. આમિર ખાનની 'તારે ઝમીં પર', 'આઈ એમ કલામ' કે પછી વિશાલ ભારદ્વાજની 'મકડી' એ ત્રણેય ફિલ્મ બાળ ફિલ્મના લેબલ વિના રિલીઝ કરવામાં આવી હતી અને ત્રણે ત્રણ ફિલ્મ રોકડા રળવામાં સફળ રહી હતી.

આ સંદર્ભમાં બાળકો માટે લગનથી ટીવી સિરીઝ, ડોક્યુમેન્ટરી ફિલ્મો અને ફિચર ફિલ્મો બનાવનારા વિનોદ ગણાત્રાએ કેટલાંક વર્ષ પહેલા એક ઈન્ટરવ્યૂમાં મહત્ત્વની વાત કરી હતી કે 'આપણે ત્યાં જ ચિલ્ડ્રન્સ ફિલ્મ તરીકે પ્રોજેક્ટ કરવાની પદ્ધતિ છે. વિદેશમાં તો આવા ચિત્રપટ ફેમિલી ફિલ્મ તરીકે જ ઓળખવામાં આવે છે. હોલિવૂડ સ્ટાર રોબર્ટ ડી નીરોએ મારી ફિલ્મ 'હારુન - અરુણ' શિકાગો ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં જોયા પછી એને ફેમિલી ફિલ્મ ગણાવી હતી.'

ચિલ્ડ્રન્સ ફિલ્મો કેવળ બાળકો માટે નથી હોતી, વડીલોએ પણ એ જોવાની અને એ જોઈ દ્રષ્ટિ કેળવવાની જરૂર છે. 'સ્ટેનલી કા ડબ્બા' અથવા 'ચિલ્લર પાર્ટી'માં બાળકો અને બાળપણ સાથે ગરીબી, બદમાશી, સહાનુભૂતિ વગેરે બાબત બાળકો સમજી શકે એ રીતે વ્યક્ત કરવામાં આવી છે. 'આઈ એમ કલામ'માં સામાજિક ભેદભાવ પર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. હા, કેટલાંક વર્ષોથી બાળકોની એનિમેશન ફિલ્મો સારી ચાલે છે. કૃષ્ણ ભગવાન, ભીમ, હનુમાન સહિત કેટલાક પૌરાણિક પાત્રો પરથી બાળકો માટે એનિમેશન ફિલ્મો બની છે અને અમુકને સારી વ્યાવસાયિક સફળતા પણ મળી છે. જોકે, આપણે ત્યાં 'બેબીઝ ડે આઉટ', 'હોમ અલોન' કે પછી 'ચિટી ચિટી બેંગ બેંગ' જેવી ફિલ્મો નથી બનતી એ હકીકત છે. ૭૦ વર્ષ પહેલા સ્થાપના કરવામાં આવેલી ચિલ્ડ્રન્સ ફિલ્મ સોસાયટી (સીએફએસઆઈ) પાસે એવી ફિલ્મો બનાવવા ભંડોળ પણ નહીં હોય. ૨૦૨૨માં સોસાયટીને એનએફડીસી (નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન)માં ભેળવી દેવામાં આવી હતી. ૧૯૫૫માં શરૂ કરવામાં આવેલા ચિલ્ડ્રન્સ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન ૨૦૧૭ પછી થયું જ નથી. ટૂંકમાં આ પ્રશ્ને ઉકેલવા માટે કોઈ ગંભીર નથી. આવી ઉદાસીનતા જ બાળ ફિલ્મો માટે આજે ઘાતક પૂરવાર થઈ રહી છે. ■



# 'તીખી આવાઝ, તીરછી ભ્રમર'ના આ હિંદી કલાકારનું શું છે ગુજરાતી કનેક્શન?!

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

*'પેટ કી આવાઝ કે સામને આત્મા ઔર પરમાત્મા દોનોં કી આવાઝ ગાયબ હો જાતી હૈ.'*

-------------------

*'આદમી આજ કે ઝમાને મેં અપના પેટ ખુદ પાલ લે, વોહી રાજા હોતા હૈ.'*

-------------------------

*'બેકાર આદમી ફટે હુએ ટ્યૂબ કી તરહ હોતા હૈ, લેકીન મુશ્કિલ તો યહ હૈ કી ટ્યૂબ કા પંકચર ફિર ભી જુડ સકતા હૈ, લેકીન બેકારી કા પંકચર કભી નહીં જુડતા.'*

------------------------

*'જો મૈં ખાના ચાહતા હૂં વો બાઝાર મેં મિલેગા નહીં... અગર મંગવા સક્તે હો, તો ૧૦-૨૦ કિલો 'ગમ' મંગવા દો, ફૌરન.'*

---------------------

આવા સંવાદોથી હસાવનાર ભારતના પહેલા કોમેડીસ્ટાર હતા : જોની વોકર.

૧૯૫૦-૬૦ એમનો સુવર્ણયુગ. ત્યારે જો કોઇ ફિલ્મમાં જોની વોકર કોમેડિયન હોય અને નવો હીરો હોય તો પણ લોકો ફિલ્મ માટે ફાઇનાન્સ આપતા એવી લોકપ્રિયતા જોની વોકરે સૌથી પહેલાં જોઇ..(ને એ પછી મહેમૂદે).

જોકે કોઇપણ ગુજરાતીને કલ્પના પણ આવી શકે કે આપણા જીવરામ જોશીની ગુજરાતી બાળવાર્તાઓમાનાં અમર પાત્ર 'મિયાં ફૂંસકી' ને જોની વોકર સાથે કોઇ કનેક્શન હોઇ શકે?

જી હાં, જોની વોકરે એક ગુજરાતી ફિલ્મ 'મિયાં ફૂંસકી'માં મેઇન રોલ કરેલો અને ફિલ્મને પ્રોડ્યૂસ પણ કરેલી ને સહનિર્માતા હતાઃ સલીમ-જાવેદવાળા, સલમાન ખાનના લેખક પિતા સલીમખાન!

સલીમ-જાવેદે લખેલી બીજી એક એક્શન-પેક્ડ મસાલા ગુજરાતી ફિલ્મ હતી 'આનંદ-મંગલ' પણ એમણે પ્રોડયુસ કરેલી. એમાં કિરણકુમારનો ડબલ રોલ હતો ને રંગમંચ ફિલ્મોના જાણકાર હની છાયા હતા એના નિર્દેશક...


સર જો તેરા ચકરાયે

ઇન્દોરમાં જન્મેલા બદરુદ્દીન કાઝી ઉર્ફે જોની વોકરે, પેટિયું રળવા આઈસક્રીમ, સ્ટેશનરી, શાકભાજી વેચ્યા. પછી 'બેસ્ટ'ની બસમાં કંડક્ટર હતા. એમાં જોનીજી બસ-સ્ટોપ્સનાં નામ અલગ જ રમૂજી અંદાજમાં પોકારતા ને મુસાફરોનું મનોરંજન કરતા. એક વખત અભિનેતા બલરાજ સાહનીએ બસમાં જોનીજીની આ સ્ટાઇલ જોઇ. ત્યારે બલરાજ સાહની ગુરુદત્તની ફિલ્મ 'બાઝી' લખી રહ્યા હતા. એમણે જોની વોકરને ગુરુ દત્તને મળવા કહ્યું અને દારૂડિયાની એક્ટિંગ કરીને ગુરુ દત્તની ઓફિસમાં પ્રવેશવાનો આઇડિયા આપ્યો. જોનીજી એક બેવડાની જેમ ઓફિસનો દરવાજો જોરથી ખોલીને અંદર ઘૂસ્યા. ગુરુ દત્ત એક ખાસ મીટિંગમાં બિઝી હતા. દારૂડિયાને અંદર ઘૂસેલો જોઇ ચોંકી ગયા. ગુસ્સામાં જોનીજીને બહાર કાઢવા જતાં જ હતા ત્યારે બલરાજજીએ કહ્યુંઃ 'ગુર.. આ તો એક કલાકારનો અભિનય છે!'

ગુરુદત્ત જોની વોકરના અભિનયથી એટલા પ્રભાવિત થયા કે તરત એમને 'બાઝી' જેવી પહેલી જ ફિલ્મમાં શરાબીની ભૂમિકા આપી જેને જોઇને દર્શકો હસીહસીને પાગલ થઇ ગયા... અને હા, જોની વોકરજી જીવનમાં ક્યારેય દારૂને અડક્યા પણ નથી! ગુરુદત્તને જોનીજીનો દારૂડિયાનો અભિનય, વ્હિસ્કીની ફેમસ બ્રાન્ડ 'જોની વોકર'ની યાદ અપાવતો એટલે બદરુદ્દીન કાઝીને 'જોની વોકર' નામ આપ્યું. ગુરુ દત્ત પછી દરેક ફિલ્મમાં જોનીજીનું એક ગીત અચૂક રાખતા જેમકે 'અય દિલ હૈ મુશ્કિલ જીના યહાં, યેહૈ મુંબઇ મેરી જાન' ને આજે ય લોકો બે દિલ મુંબઇ શહેરને જોઇને ગણગણે છે!

એ પછી તો જોની વોકરનો સ્ટાર પાવર એવો જામ્યો હતો કે ફિલ્મ વિતરકો જોની વોકરના ગીતનો આગ્રહ રાખતા હતા માટે જ 'પ્યાસા' જેવી ગંભીર ફિલ્મમાં એમનું 'તેલ માલિશ' સોંગઃ 'સર જો તેરા ચકરાએ...' અને બી. આર. ચોપડાની 'નયા દૌર' ફિલ્મને કોઈ લેતું નહોતું ત્યારે ડિસ્ટ્રીબ્યુટરે એમાં જોની વોકરનું 'મૈં બંબઇ કા બાબુ, નામ મેરા અનજાના' ખાસ નખાવ્યું. જોની વોકર એકમાત્ર એવા અભિનેતા છે જેમના નામ 'જોની વોકર' પર ફિલ્મ બનાવવામાં આવી છે ને જેમાં એમણે પોતે અભિનય પણ કર્યો છે.

કોમેડીમાં જોની વોકરે જ 'મુસાફિરખાના' નામની અદ્ભુત ફિલ્મમાં, કેમેરાને પોતાની (પાત્રની) પાસે બોલાવીને ઓડિયંસને ડાયરેક્ટ ઉદ્દેશીને રમૂજી ડાયલોગ બોલવાની શૈલી શરૂ કરેલી. એક ભ્રમર ઊંચી કરીને સંવાદ બોલવાની કળા સાથે તોફાની સ્મિતવાળી તીણાં સ્વરની રમૂજે જોનીજીને સ્ટાર બનાવ્યા. બોલિવૂડમાં રવિવારે રજા રાખવાનો કરવાનો ટ્રેન્ડ શરૂ કરનારા જોનીભાઈએ લગભગ ૩૦૦ જેટલી ફિલ્મોમાં યાદગાર ને શાનદાર અભિનય આપ્યો છે.

ભારત-ચીન યુદ્ધ પછી 'ફિલ્મ લાઇન બંધ થઇ જશે' એવી અફવા ઉડેલી ત્યારે જોનીજીએ એક કાલ્પનિક રમૂજી આઇટેમ બનાવેલી, જેમાં પોતે બસ કંડક્ટર છે ને મોટા મોટા કલાકારો, નિર્માતા-નિર્દેશકો બસમાં ધક્કા ખાય છે! એમાં જોનીજી કહેતાઃ યે દેખો, બસ મૈં કૌન કૌન આયેલા હૈ? કોઇ 'આવારા' રાજ કપૂર હૈ...ચલ ચલ ટિકટ નિકાલ નહીં તો 'ફૂટપાથ' પે ઉતર જા, સાલે 'શ્રી ૪૨૦!'... 'લો વહાં દેખો બી. આર. ચોપરાજી, ૪૪ જ્યુબિલી હિટ બનાઇ ફિરભી આજ બસ મેં ધક્કે ખા રહેં હૈ, ક્યા 'નયા દૌર' આયા હૈ?... યા અલ્લા, આ ગયા ભાઇખલ્લા...એ દેવ (આનંદ) લલ્લા, તુચ સાલા ફાલતૂ મેં ઇતના હિલેગા તો યે બસ હિલ હિલ કે ગિર જાયેગી. સીધા ખડા રહે બે!'

જોની વોકરને પહેલો ફિલ્મફેર એવોર્ડ ૧૯૫૯માં 'મધુમતી' ફિલ્મ માટે સહાયક અભિનેતાનો ને 'શિકાર' ફિલ્મ માટે શ્રેષ્ઠ હાસ્ય અભિનેતા તરીકે મળેલો. એમની છેલ્લી યાદગાર ફિલ્મ હતી, કમલ હાસનની 'ચાચી ૪૨૦'. જોની વોકરનું ૨૯ જુલાઈ, ૨૦૦૩ના રોજ કિડનીની બીમારીથી અવસાન થયું, છતાં લોકો આજેય સૌથી સફળ અને નેચરલ હાસ્ય કલાકાર તરીકે એમને યાદ કરે છે, કારણ કે જોનીજીની કોમેડી ક્યારેય અશ્લીલ નહોતી એટલે જ તો સેન્સર બોર્ડે ક્યારેય એમની કોઇ ફિલ્મમાંથી એક પણ લાઈને કટ કરી નહોતી. ૧૯૭૦ના દાયકા પછી કેટલાક હાસ્ય કલાકારોએ અશ્લીલ હાવભાવ ને દ્વિઅર્થી સંવાદો શરૂ કર્યા એટલે એમણે ધીમે ધીમે કામ કરવાનું બંધ જ કર્યું, પણ સિદ્ધાંત સાથે સમાધાન ના જ કર્યું.

રાજેશ ખન્નાની કેન્સર વિશેની ટ્રેજીકોમિક યાદગાર ફિલ્મ 'આનંદ'માં જોનીજીએ 'ઈસાભાઇ સુરતવાલા' નામનું નાટકવાળાનું પાત્ર ભજેવલું. હકીકતમાં ઇસાભાઇ આપણાં ગુજરાતી સાઉંડ રેકોરડીસ્ટ હતા, જેનું નામ જોનીજીએ પાત્ર માટે વાપરેલું. એ જ 'આનંદ' ફિલ્મના કરુણ ક્લાઇમેક્સમાં રાજેશ ખન્નાનો રેકોર્ડેડ આવાજ ગુજે છેઃ 'બાબુ મોશાય...' સૌ સ્તબ્ધ. પછી રાજેશ ખન્નાનો અવાજ નાટ્ય અભિનેતા ઇસભાઈ (જોની વોકર)ની ગહન ફિલોસોફી દોહરવે છેઃ *'ઝિંદગી ઔર મૌત ઉપરવાલે કે હાથ મેં હૈ, જહાંપનાહ. ઉસે ના આપ બદલ સકતે હૈં ના મૈં... હમ સબ તો રંગમંચ કી કઠપૂતલિયાં હૈં. જિનકી ડોર ઉપરવાલે કી ઉંગલિયોં મેં બંધી હૈ, કબ, કૌન ઔર કૈસે ઉઠેગા-*

*યે કોઇ નહીં બતા સકતા.. હા હા હા હા..'*

અને હા, હમણાં ૧૧ નવમ્બરે જ જોની વોકરનો જન્મદિવસ ગયો. ■

# મિત્ર એટલે ખિસ્સામાં બચેલો સિક્કો!



સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

બે દિવસ પછી હું, આનંદ મસ્વેકર અને દિનેશ કોઠારી મળ્યા. દિનેશ એક સીન લખીને લઈ આવેલો. આનંદનું મૂળ મરાઠી નાટક

(નામ યાદ નથી આવતું) જેનું ગુજરાતીકરણ દિનેશે સુંદર કરેલું. જે કોઈ દિનેશના પરિચયમાં હશે એમને ખબર હશે કે કેવી રમૂજ અને વન-લાઈનરનો એ 'માસ્ટર' હતો! એ પછી એવો વન-લાઈનર ઈમ્તિયાઝ પટેલ (હયાત નથી). એનાં નિધન પછી પણ એનાં લખેલાં નાટકો સતત રજૂ થતાં રહે છે.

દિનેશ કોઠારીનો એક રમૂજી કિસ્સો યાદ આવે છે. મારો દીકરો તન્મય ત્યારે અમૃત પટેલ દિગ્દર્શિત નાટક 'જય- પરાજય' માં અને એ નાટકનો શો હતો ભાઈદાસ-પાર્લામાં. હું અને દિનેશ પણ ત્યાં હતાં, પટેલ મને અને દિનેશને ભાઈદાસ થિયેટરની લાઈટ- કેબિનમાં લઈ ગયા. ત્યાં મધુ નામે લાઈટ-કેબિનનો ઇન્ચાર્જ. નાટકનો પહેલો અંક પૂરો થતા પટેલે પેલા મધુને બૂમ પાડીને કહ્યું. હાઉસ લાઈટ આપ.. ત્યારે દિનેશ તરત બોલ્યો કે 'પટેલ, ધીમે બોલો ઓડિયેન્સમાં સંભળાશે તો પ્રેક્ષકો પોતાના ઘરે 'હાઉસ-લાઈટ' કરવા દોડી જશે'.

આવો જ બીજો એક કિસ્સો પ્રવીણ સોલંકી લિખિત નાટક 'સંબંધો સૂર્યાસ્ત પછીના' નાટક વખતે..નાટકનો વિષય થોડો હટ..કે.. હતો. કી-ક્લબનો સેટ ખૂબ સરસ બનાવેલો. એમાં એક્રેલીકનાં નાના-નાનાં મુડા અને અંદર લાઈટ ગોઠવેલી. સીનમાં લાઈટ થઈ કે તરત દિનેશ બોલ્યો, 'જે કલાકાર મુડા પર બેઠા છે એમાં કોને મસા થયાં છે એની જાણ થઈ જશે! '

અમૃત પટેલ અને દિનેશ કોઠારી બન્ને ખાસ મિત્રો.દિનેશ મારો પણ સારો મિત્ર.

દવા થઈ જાય 'મિત્રો', દુઆ થઈ જાય 'મિત્રો' ઘણીવાર માણસ મટી, ભગવાન થઇ જાય 'મિત્રો'.

ખરેખર! મિત્ર એટલે ખિસ્સામાં બચેલો સિક્કો. બાળપણનાં સંભારણા ઘણાને યાદ હશે. આજની પેઢી એ વિચારતી હશે કે નહિ એ સવાલ થાય. બાકી ક્યારેક હૃદયની ઝેરોક્ષ કરાવશો તો બાળપણ સિવાય એક પણ ફોટો રંગીન નહી આવે.

સીન વખતે તુષાર શાહને બોલાવ્યાં નહોતાં. ખાસ તો લેણાં નીકળતાં ૬૦૦૦૦/- ની અંગત વાત આ 'સીન- રીડિંગ' વખતે કરવી યોગ્ય પણ નહોતી. મારે એ લેણાં નીકળતાં પૈસા આવી જાય તો ૩૦૦૦૦/- દીપક સોમૈયાને ચૂકવી દઉં એવી પ્રબળ ઈચ્છા હતી.


સીન સરસ લખાયો હતો. દિનેશના કહેવા પ્રમાણે આઠેક પાત્રો થશે એવું લાગતું હતું. નાટક શરૂ કરતાં પહેલા લેણાં પૈસા માટે તુષારભાઈ શું જવાબ આપે છે એ જોવાનું હતું. નાટક તો મારે કરવું હતું સાથે સંબંધ પણ તુષારભાઈ સાથે જાળવી રાખવો હતો.... છોડ હોય કે સંબંધ, વાવતા પહેલાં માટી પારખી લેવી. બધી માટી ઉપજાવ નથી હોતી. બીજો સીન ત્રણ-ચાર દિવસમાં મળી જશે એવું દિનેશે કહ્યું અને અમે છૂટા પડ્યા.

બીજે દિવસે હું અને તુષારભાઈ મળ્યા. નવા નાટકનાં સીન વિશે વાત થઈ. નાટક એમને તરત શરૂ કરવું હતું. મેં હળવેથી લેણા નીકળતાં પૈસાની વાત કરી તો મને કહે, 'હું લઈને જ આવ્યો છું.' એ ત્રીસ હજાર લઈને આવેલાં. 'મને ખબર છે મારે ૬૦૦૦૦ આપવાનાં છે પણ દીપકે મને બહુ સંભળાવ્યું છે, મારાં સંજોગો ધ્યાનમાં નહિ લેતા ઘણું બોલ્યો એટલે મેં નક્કી કર્યું છે કે ભાગીદાર તરીકે તમને અડધા આપી દઉં બાકી એને હું નહિ આપું.'

બે ઘડી મને લાલચ તો થઈ પણ મન ના પાડતું હતું. ખરેખર કોઈની ઈમાનદારીની એટલી પરીક્ષા ન લો ભગવાન કે એને ઈમાનદાર હોવાનો અફસોસ થાય.

મેં કહ્યું 'ઠીક છે..હું અને દીપક હવે સાથે નથી. એક કામ કરો આ રોકડા તમે રાખો અને મને એક ચેક ૩૦૦૦૦નો 'થીયેટ્રિક્સ નામનો લખી આપો'. (જે નામે દીપકે પોતાનો બિઝનેસ આગળ વધારેલો.) એમણે રોકડા ખિસ્સામાં મુક્યા અને બીજા ખિસ્સામાંથી ચેક બુક કાઢી મને ત્રીસનો ચેક લખી આપ્યો. મેં ચોખવટ પણ કરી લીધી કે નાટકની જા.ખ. દીપક જ કરશે.' એમણે હા તો પાડી પણ પરાણે. હવે પછી સીન આવશે કે તરત મળીશું એવું નક્કી કરી છૂટા પડ્યાં.

મેં દીપકને ફોન કરી વાત કરી. દીપક, તારી કંપનીનાં નામે મને તુષારભાઈએ ૩૦૦૦૦ નો ચેક આપ્યો છે બાકીના ત્રીસની હું કોશિશ કરીશ જ. આ ત્રીસનો ચેક તું લઈ તારા બેન્કમાં ભરાવી દે અને બે-ત્રણ દિવસમાં ચેક ક્લિયર થઈ જાય પછી મારા ભાગના ૧૫૦૦૦ મને આપી દેજે. આમ પણ આપણે તો આ લેણાં નીકળતાં પૈસા 'ગયા' ખાતે માંડી જ દીધેલા ને? હું જો નાટક ડિરેક્ટ કરવાની ના પાડીશ તો એને બીજા ઘણા મળી રહેશે અને જો એની સાથે રહીશ તો બાકીના ત્રીસ કદાચ આવી પણ જાય.એવું ન થાય કે આવેલા ત્રીસથી પણ હાથ ધોવા પડે. બધા રસ્તામાં તકલીફ તો હોય પણ બધી તકલીફનાં રસ્તા પણ હોય ને!હું ટ્રાય કરતો રહીશ. બસ, ચેક ક્લિયર થાય એટલે પંદર પહોંચાડી દેજે. બાકીના ત્રીસ કઢાવવા હું સભાનપણે પ્રયત્નો કરતો રહીશ. અને હા, નવા નાટકની જા.ખ. તારે જ કરવાની છે એના પૈસા રોકડા જ માગી લેશું...'



દીપકે મારી પાસેથી ચેક લઈ એના કંપની-ખાતામાં ડિપોઝિટ કરી દીધો. પાંચેક દિવસ થઈ ગયા. મેં દીપકને ફોન કર્યો,' દોસ્ત, ચેક તો ક્લિયર થઈ ગયો હશે...મારા ભાગનાં પંદર ક્યારે આપે છે?' દીપકે મને કહ્યું,' તમે નાટક ડિરેક્ટ કરશો એનાં 'કવર' તમને મળશે જ. તમે કહ્યું એમ તમે ત્રીસ માટે સભાનપણે પ્રયત્ન કરવાના છો તો એ ત્રીસ કઢાવી એ તમે રાખી લેજો. ૬૦ માંથી મારા ભાગનાં ૩૦ આવી ગયા એમ સમજી લો.'

હું નિશબ્દ રિસીવર જાલીને ઊભો રહી ગયો. કંઈક આવો જ ઝટકો આગળ પણ બીજાએ આપેલો. થયું કે કે જે ભૂલમાંથી આપણે કંઈ નથી શીખતાં એ જ આપણા જીવનની સૌથી મોટી ભૂલ છે... ■

ડબલ રિચાર્જ
*છાના માના બેસો... આ વાક્ય બાલમંદિર પછી સીધું લગ્ન પછી સાંભળવા મળે...*

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# ત્રણ બાળ ફિલ્મમાં વિશિષ્ટ સામ્ય

### અંગ્રેજી ફિલ્મ ‘ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક’, હિન્દી ફિલ્મ ‘પરિચય’ અને બંગાળી ‘જય જયંતી’માં બાળકોની વાત કેન્દ્રસ્થાને છે

*આજે ૧૪ નવેમ્બર, બાળદિન...*

*બાળકોના નિર્ભેળ મનોરંજન માટે બનેલી ફિલ્મોની સંખ્યા ઝાઝી નથી. અલબત્ત, મોટેરા અને બાળકોના સંબંધોના તાણાવાણા દર્શાવતી કેટલીક મજેદાર ફિલ્મો અનેક ભાષામાં બની છે. બાળકની માનસિકતા પર ફોક્સ કરતી સમાન કથાવસ્તુ ધરાવતી ત્રણ ફિલ્મોની વાત આજે માંડી છે.*

*અંગ્રેજી ફિલ્મ The Sound of Musicની રિલીઝના ૬૦ વર્ષ પૂરા થયા એ નિમિત્તે ઉજવણીનો દોર ચાલી રહ્યો છે. આ ફિલ્મ પર આધારિત હિન્દીમાં ‘પરિચય’ અને બંગાળીમાં ‘જય જયંતી’ ફિલ્મ બની હતી.*



જુલી એન્ડ્રુઝની ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક

### ધ સાઉન્ડ ઓફ મ્યુઝિકઃ

૧૯૬૫માં રિલીઝ થયેલી બોક્સ ઓફિસ પર ધૂમ મચાવનારી વિશ્વવિખ્યાત ફિલ્મ ‘ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક’ (બજેટ ૮૨ લાખ ડૉલર, કલેક્શન ૨૮ કરોડ ડોલર)ને પાંચ ઓસ્કર એવોર્ડ (બેસ્ટ ફિલ્મ, બેસ્ટ ડિરેક્ટર, બેસ્ટ એડિટિંગ, બેસ્ટ મ્યુઝિક અને બેસ્ટ સાઉન્ડ) મળ્યા હતા. રસપ્રદ વાત એ છે કે બેસ્ટ એક્ટ્રેસ માટે નોમિનેશન મેળવનારી જુલી એન્ડ્રુઝને આગલા વર્ષે એટલે કે ૧૯૬૪માં ‘મેરી પોપિન્સ’ માટે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો. ૧૯૩૯ની ‘ગોન વિથ ધ વિન્ડ’ ફિલ્મના સૌથી વધુ કલેક્શનનો રેકોર્ડ ‘ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક’એ તોડી નાખ્યો હતો અને પાંચ વર્ષ સુધી એ વિક્રમ એના નામે રહ્યો. વિશ્વભરમાં ફિલ્મના ડંકા વાગ્યા અને ૨૯ દેશમાં અગાઉના બોક્સ ઓફિસ રેકોર્ડ તોડી નાખવામાં સફળતા મેળવી હતી.

કથા ૧૯૩૦ના દાયકામાં આકાર લે છે. મારિયા (જુલી એન્ડ્રુઝ) ખ્રિસ્તી સાધ્વી (નન) બનવાની ઈચ્છા ધરાવે છે, પણ શિસ્તના અભાવે તેને ભૂતપૂર્વ નેવી ઓફિસર વિધુર કેપ્ટ્ન જ્યોર્જ વોન ટ્રેપ (ક્રિસ્ટોફર પ્લમર)નાં સાત બાળકોની ગવર્નેસ તરીકે કામ કરવા મોકલી આપે છે. કેપ્ટન બાળકોને લશ્કરી શિસ્તથી રાખે છે અને મારિયા પાસે પણ એવો જ આગ્રહ રાખે છે. અગાઉ કેટલીક ગવર્નેસને બાળકોએ સતામણી કરી ભગાડી મૂકી હોય છે અને મારિયા સાથે પણ એવું જ કરવા ધારે છે. જોકે, મારિયાનો લાગણીશીલ સ્વભાવ, એની હૂંફને કારણે બાળકોને એને માટે મમત્વ જાગે છે. મારિયા બાળકોમાં સંગીત માટે રુચિ પેદા કરે છે. સંતાનોમાં આવેલા બદલાવથી કેપ્ટન રાજી રાજી થાય છે અને એને મારિયા માટે લગાવ થઈ જાય છે. કથામાં ઉતાર ચઢાવ પછી મારિયાના મેરેજ કેપ્ટન સાથે થાય છે. સંજોગો એવા ઊભા થાય છે કે ટ્રેપ પરિવારને ઓસ્ટ્રિયાથી નાસી છૂટવું પડે છે અને મારિયાની મદદથી બધા સરહદ ઓળંગી સ્વિટ્ઝર્લેન્ડ પહોંચી જાય છે. ફિલ્મની સાથે સાથે એના સંગીતે પણ ધૂમ મચાવી હતી. એલપી રેકોર્ડની બે સાઈડ પર કુલ ૧૬ ગીત હતાં અને ફિલ્મ રિલીઝના પહેલા બે જ અઠવાડિયામાં એકલા યુએસએમાં પાંચ લાખ રેકોર્ડનું વેચાણ થયું હતું. ફિલ્મનું DO - RE - MI ગીત બહુ પસંદ કરવામાં આવ્યું હતું. આ ગીતથી મારિયા અને બાળકો વચ્ચે સ્નેહનો સેતુ બંધાય છે અને એકબીજા માટે મમત્વ બંધાય છે .

### જય જયંતી




અપર્ણા સેનની ‘જય જયંતી’

બંગાળી ફિલ્મ ‘પરિચય’ કરતાં એક વર્ષ પહેલા એટલે કે ૧૯૭૧માં રિલીઝ થઈ હતી. ‘પરિચય’માં જે રોલ જીતેન્દ્રએ કર્યો છે એ રોલમાં ‘જય જયંતી’માં અપર્ણા સેન છે અને પ્રાણનો રોલ ઉત્તમ કુમારએ નિભાવ્યો છે. પાંચ બાળકના કાકા સંજોય રોય (ઉત્તમ કુમાર) ઘમંડી અને ઉદ્ધત સ્વભાવની વ્યક્તિ છે અને જયંતી (અપર્ણા સેન) રોય પરિવારમાં બાળકોની દેખભાળ કરતી ગવર્નેસની ભૂમિકામાં નજરે પડે છે. વાર્તા આગળ વધે છે એમ બાળકો જયંતીના હેવાયા થઈ જાય છે અને પોતાના ઘરે પાછી ફરેલી જયંતીને સંજોયા રોય પોતાના ઘરે આવવા આમંત્રણ આપે છે અને પિક્ચર પૂરું થાય છે. ‘ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક’ની બંગાળી રિમેક ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ્સી સફળ થઈ હતી અને એ સમયે ઉત્તમ કુમાર અને અપર્ણા સેનની બંગાળી ચિત્રપટ સૃષ્ટિમાં બોલબાલા હતી એટલે દર્શકો એમના પર ઓવારી ગયા એ સ્વાભાવિક હતું.

ફિલ્મમાં કુલ આઠ ગીત હતાં જેમાંથી સંધ્યા મુખોપાધ્યાયના ૪ એકલ ગીત (સોલો સોંગ) અને એક યુગલ ગીત (ડ્યુએટ સોંગ) મળી કુલ પાંચ ગીત હતાં. ‘અમાદેર છુટ્ટી છુટ્ટી’ માટે ગાયિકાને શ્રેષ્ઠ પાર્શ્વગાયનનો નેશનલ એવોર્ડ મળ્યો હતો. આ ગીતના શબ્દો જાણ્યા પછી એ ‘પરિચય’ના સા રે કે સા રે ગા મા કો લેકર ગાતે ચલે’ની સમકક્ષ હોય એવું પ્રતીત થાય છે. ‘પરિચય’માં યુગલ ગીત છે જ્યારે ‘જય જયંતી’માં એકલ ગીત છે.

### પરિચય

ગુલઝાર ‘મેરે અપને થી દિગ્દર્શક બન્યા બાદ બીજી ફિલ્મ બનાવી ‘પરિચય’. જીતેન્દ્ર, જયા ભાદુડી, સંજીવ કુમાર અને પ્રાણ મુખ્ય રોલમાં હતા. ‘પરિચય’માં ’ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક’ ઉપરાંત રાખીએ સજેસ્ટ કરેલી બંગાળી નવલકથા ‘રંગીન ઉત્તરન’નો આધાર લેવામાં આવ્યો હતો. એકબીજા પર અભાવ ધરાવતા પરિવારના સભ્યો પર બહારથી આવેલી વ્યક્તિ પ્રભાવ પાડી જીવનમાં એકસૂત્રતા લાવી દે છે એના પર ગુલઝારે ફોકસ કર્યું છે. મૂળ કથાનું હાર્દ જાળવી રાખી ગુલઝારે એમાં સ્વદેશી ફ્લેવર ઉમેરી છે. મારિયાના રોલમાં શિક્ષક રવિ (જીતેન્દ્ર) છે અને કેપ્ટ્ન જ્યોર્જ વોન ટ્રેપના સ્થાને બાળકોના દાદા તરીકે રાયબહાદુર (પ્રાણ) છે અને રોમેન્ટિક ટ્રેક માટે રાયબહાદુરની મોટી પૌત્રી રમા (જયા ભાદુડી) છે. ગુલઝારને સલામ મારવી પડે કે ઉછળકૂદ એક્ટરની ઈમેજ ધરાવતા જીતુભાઈને એક સાદગીપૂર્ણ શિક્ષકના રોલમાં પેશ કરી પ્રભાવી સાબિત કર્યા. ફિલ્મની છેલ્લી પાંચ મિનિટ જોયા પછી તમને આદિત્ય ચોપડાની ‘દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે’નો ક્લાઈમેક્સ યાદ આવી જશે. ફિલ્મના ગીત - સંગીત (ગુલઝાર - આર. ડી. બર્મન) ટોપ ક્લાસ છે. ફિલ્મમાં ચાર ગીત છે, પણ ચારેચાર અવિસ્મરણીય. ‘મુસાફિર હૂં યારો’ (કિશોર કુમાર), ‘બીતી ના બિતાઈ રૈના’ (લતા - ભુપિન્દર), ‘મીઠે બોલ બોલે’ (ભુપિન્દર ને કોરસ) અને ‘સા રે કે સા રે ગા મા કો લેકર ગાતે ચલે’ (કિશોર કુમાર અને આશા ભોસલે) આજે પણ સાંભળવાની મજા આવે છે. ‘સા રે કે સા રે ગા મા કો લેકર ગાતે ■



ગુલઝારની ‘પરિચય’


---

ફિલ્મનામા

નરેશ શાહ

# પુલિસવા ઔર ચંદનવા બીચ કી મૂઠભેડ...

### ‘ખાકીઃ ધ બિહાર ચેપ્ટર’ વેબસિરીઝનું અલગપન એ છે કે, તે સત્યઘટના પર આધારિત છે!




**મહાભારતના** સમયથી એ સાબિત થયું છે કે ‘આરંભ તેનો અંત’ અનિવાર્ય છે. શ્રીકૃષ્ણનો જન્મ જ અનેક આસુરી શક્તિ સામેના શંખનાદ જેવો હતો. ૨૦૦૪માં આઈઆઈટી પાસ કરીને પોલીસ બેડામાં નવા નવા સામેલ થયેલા અમિત લોઢાને કે કોઈને કલ્પના નહોતી કે એ જ અરસામાં ધીમે ધીમે વિકરાળ બની રહેલા એક ગેંગસ્ટર ચેપ્ટર પર પૂર્ણવિરામ મૂકવામાં એ નિમિત્ત બનશે.

બી.એસ.એફ. (બોર્ડર સિક્યોરિટી ફોર્સ)ના આઈજી તરીકે સેવા આપતા આ આઈપીએસ અધિકારીએ પોતાની કેરિયરના શરૂઆતના જ ચારેક વરસમાં બિહારની કુખ્યાત ગિરોહના સર્વેસર્વા સામંત પ્રતાપને આકરી મહેનત તેમજ અનેક જોખમ તેમજ પોલિટિકલ પ્રેશર વચ્ચે ઝબ્બે કર્યો હતો અને નીચલી અદાલતે તેને ફાંસીની સજા સંભળાવી હતી.

આઈપીએસ ઓફિસર અમિત લોઢાએ ૨૦૧૮માં જ પોતાની જિંદગીના યાદગાર કારનામાં પર એક પુસ્તક લખેલું. ‘પેંગ્વિન બુકસ’ જેવા પ્રતિષ્ઠિત પબ્લિકેશન હાઉસે પ્રગટ કરેલા એ પુસ્તકનું નામ હતુઃ

બિહાર ડાયરી - ‘ધ ટ્રુ સ્ટોરી ઓફ હાઉસ બિહારસ’ મોસ્ટ ડેન્જરસ ક્રિમિનલ વોઝ કેચ.

ગુનાખોરીના મોસાળ જેવા બિહારની આ સત્ય ઘટના પરથી (વેન્સ્ડે ફેઈમ) નિરજ પાંડેના પ્રોડકસન હાઉસે ‘ખાકીઃ બિહાર ચેપ્ટર’ નામની વેબસિરિઝ ‘નેટફલિક્સ’ માટે બનાવી છે. આ જ શ્રેણીમાં બનાવેલી ‘ખાકીઃ ધ બેંગાલ ચેપ્ટર’ પણ મજેદાર બની છે.

બેશક, તેમાં શેખપુરા જિલ્લાના સુપરિટેન્ડેન્ટ ઓફ પોલીસ તરીકે અમિત લોઢા (કરણ ટક્કર) જ છે પણ કુખ્યાત બિહારી ગેંગસ્ટર તરીકે વેબસિરીઝમાં ચંદન મહાતો (અવિનાશ તિવારી) છે, જેણે બિહારના જ બાહુબલીના ખાસ ગુર્ગા તરીકે વફાદારી દેખાડવામાં ત્રણ મર્ડરનો ઈલ્ઝામ પોતાની પર લઈને જેલ જવાનું પસંદ કરેલું.

જેલમાં ઈગો કલેશ થતાં તે શક્તિશાળી અને લોકલ ‘માથું’ ગણાતા રવિ કિશનનું રામનામ સત્ય કરી નાખે છે , પણ ઊંચી જ્ઞાતિના આગેવાનની હત્યાને કારણે ચંદન મહાતોની તેના સમાજ (અને કેદીઓમાં) ધાક બેસી જાય છે.

હવે ‘ચંદનવા’ અને ‘ચંદનભૈયા’નો ખિતાબ મળે છે. જેલમાં જ મળેલા પરિણીત સાથીદાર ચ્યવનપ્રાશ સાહુ (જતીન સરના) ચંદન મહાતોને પોતાની તાકાત, પ્રભાવનો પોતાના માટે ઉપયોગ કરવાની એડવાઈઝ આપે છે અને...

ચંદન મહાતો સાથીદાર ચ્યવનપ્રાશ સાહુ સાથે કત્લેઆમ કરીને જેલમાંથી ભાગી છૂટે છે. હવે એ ખુદ ગેંગસ્ટર તરીકે કામ કરે છે. બિહાર (અને બીજાં રાજ્યોની જેમ) રાજકીય લોકો તેનો ઉપયોગ કરે છે. દરમિયાન કોઈની ચુગલીથી ચંદન મહાતો તેનો એક સાગરીત ગુમાવી બેસે છે એટલે ચુગલખોરને સજા કરવા એ આખા માનિકપુર ગામ પર ગોળીઓ વરસાવી એકસાથે પચ્ચીસ હત્યા કરી નાખે છે. તેને હપ્તા દેવાનું બંધ કરનારા વેપારી - ધંધાદારીઓનો પણ સામૂહિક ખાતમો કરે છે એટલે સ્ટેટ પોલીસ તેને પકડવા માટે કામે લાગે છે.

‘ખાકીઃ ધ બિહાર ચેપ્ટર’માં પોલીસ અધિકારીઓના વિવિધ હોદ્દા પર આશુતોષ રાણા, અનુપ સોની, અભિમન્યુ સિંહ અને કરણ ટક્કર (અમિત લોઢા) જેના એકટર છે. ૨૦૦૬માં શેખપુરાના એસપી અમિત લોઢા કેવી કુનેહ, હિંમત તેમજ ચાલાકીથી ચંદન મહાતોને ઝડપી લે છે, એ ખરેખર રસપ્રદ વાત છે.

રાઈટર ખુદ નિરજ પાંડે અને ઉમાંશર સિંઘ એ વેબસિરીઝમાં થોડી સિનેમેટિક લિબર્ટી લીધી છે, પણ વાસ્તવિકતાને તેમણે જેમની તેમ દર્શાવી છે.

પોલીસ બેડામાં સસ્પેન્સ અને ડિસમિસ થવું, નેતાઓની ચાપલૂસી કરીને ઉચ્ચ હોદ્દા મેળવવા, ચૂંટણી પરિણામ પછી પોલીસ અધિકારીઓનું યુ ટર્ન મારવું અને કારણ વગરનો જશ લઈ લેવો...

જેવી વાતો ભાવ ધુલિયા નિર્દેશિત ‘ખાકીઃ ધ બિહાર ચેપ્ટર’ને રિયાલિસ્ટીક બનાવે છે તો પોલીસ અધિકારી તરીકે ધુરંધર કલાકારોની સામે ચંદન મહાતો તરીકે અવિનાશ તિવારીએ કાંટે કી ટક્કર લીધી છે. ગબ્બરસિંહની જેમ આ તળપદા ગેંગસ્ટરના દાંત પણ મેકઅપ કરીને ગોબરા દેખાડવામાં આવ્યા છે, એ નોંધાયા વગર રહેતું નથી.

આ વેબસિરીઝનું સૌથી રસપ્રદ પાસું તો તેનો કલાઈમેક્સ છે. ચંદન મહાતોના ફોન કોલ ખાનગીમાં સાંભળતી પોલીસ સમક્ષ એવો ભેદ ખૂલે છે કે, બધા હચમચી જાય.

એ પછી ચંદન પકડાઈ તો છે પણ કોર્ટમાં (નેચરલી) તેની સામે કોઈ ગવાહી આપતું નથી યા કોર્ટના કઠેડામાં આવીને સાક્ષીઓ પલટી મારી દે છે... એસપી અમિત લોઢા એ પછી એવી ગવાહી-સાક્ષી અદાલતને આપે છે કે કોર્ટ તેના આધારે ચંદન મહાતોને ફાંસીની સજા આપે છે.

જો કે ચંદન મહાતો એસપી અમિત લોઢાને કહે છે કે, હજુ હાઈ કોર્ટ - સુપ્રીમ કોર્ટ બાકી છે અને એ દરમિયાન હું જેલમાંથી ભાગી જ જઈશ એટલે તું અને તારો પરિવાર સાવધ રહેજો!

- પછી?

સત્યઘટના પર આધારિત ‘ ખાકીઃ ધ બિહાર ચેપ્ટર’ બીજી ક્રિમિનલ ડ્રામા જેવી નથી. ■

---

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### પહેલાં પરીક્ષા પછી કેમેરા-સાઉન્ડ-એક્શન!



એક જમાનો હતો જ્યારે કલાકાર બનવા માટે ભણતર જરૂરી ન હતું. કેટલાક માટે આજે પણ નથી, પણ આજની પેઢી ફિલ્મોમાં કરિયર બનાવવા માટે ભણતરને જતું કરવા તૈયાર નથી. અલબત્ત, અપવાદ રૂપ આજની પેઢીમાં પણ ઓછું ભણેલા કેટલાં કલાકાર અત્યારે સુપરસ્ટાર ગણાય છે. આમ છતાં, જનરેશન જી આ માટે તૈયાર નથી. ‘સૈયારા’ થ’ આ જ યુવા પેઢીની દિલોની ધડકન બની ગયેલી અનીત પડ્ડા અત્યારે એની પરીક્ષાની તૈયારીમાં પડી છે.

આ માટે એણે ‘મેડોક હોરર કોમેડી યુનિવર્સ’ની પોતાની ફિલ્મ ‘શક્તિ શાલીની’ના શૂટ હમણાં ઈન્કાર કરી દીધો છે. ઘણાને એ જાણીને આશ્ચર્ય થશે કે અનીત હજી કોલેજમાં ભણે છે. તે અત્યારે બી.એ (ઓનર્સ) વિથ પોલિટીકલ સાયન્સની ફાઈનલ પરીક્ષા માટે તનતોડ અને તડામાર મહેનત કરી રહી છે. અનીતની એક્ઝામ ડિસેમ્બર એન્ડથી શરૂ થવાની છે જે જાન્યુઆરીના પ્રથમ અઠવાડિયામાં પૂર્ણ થશે એટલે ‘શક્તિ શાલીની’ માટે અનીતનું શૂટ જાન્યુઆરીનાં મધ્યમાં જ શરૂ થશે. અનીતના સામે નિર્માતા દિનેશ વિજન પણ નડતર ન થવા માટે તૈયાર થઇ ગયા છે. ઓલરેડી ‘થામા’ દરમિયાન આ ફિલ્મ અનીત કરી રહી છે એવી જાહેરાત ‘મેડોક’ ઓલરેડી કરી ચૂક્યું છે એટલે પારોઠના પગલાં ભરવા એમ પણ અશક્ય છે.

અહીં કિન્તુ- બટ- પરંતુ પ્રશ્ન એ છે કે અનીત જો જાન્યુઆરીથી શૂટ કરી શકે તેમ હતી તો ઓરિજીનલ ચોઈસ કિયારા અડવાણી પણ માર્ચથી ઉપલબ્ધ હતી તો બે મહિના રાહ જોઈ શકાતી હતી. ખેર, નિર્માતા દિનેશ વિજનને જે ગમ્યું તે ખરું.

### બાપ કો ડાયરેક્ટ કરને સે પહેલે...



‘બેડ્સ ઓફ બોલિવૂડ’નાં અદ્ભુત ડાયરેક્શન બાદ શાહરૂખ પુત્ર આર્યન છવાઈ ગયો છે. આ વેબસિરીઝ માટે આર્યનની મહેનત અને એની સ્કિલ તો વખાણવા લાયક જરૂર છે, પરંતુ જે રીતે એણે હોશિયારી દેખાડી છે એ કાબિલે દાદ છે.

હવે વાત એમ છે કે આર્યન ખાન એક ફૂલ ફ્લેજેડ મુવીને ડાયરેક્ટ કરવાનું નક્કી કરી ચૂક્યો છે. જોકે, આર્યનનો મુખ્ય ગોલ તો પિતા શાહરૂખને ડાયરેક્ટ કરવાનો છે.

જો કે એ બને તે પહેલાં આર્યનનું માનવું છે કે તે પબ્લિક સમક્ષ પોતાની જાતને એક ‘સારા ડાયરેક્ટર’ તરીકે સ્થાપિત કરી દે....

આર્યન ખરી દિશામાં વિચારી રહ્યો છે, કારણ કે વેબસિરીઝની રીચ ઓછી હોય છે પછી એ ‘નેટફ્લિક્સ’ હોય કે બીજી કોઈ... વેબસિરીઝ એક સ્તરના લોકો સુધી જ પહોંચી શકતી હોય છે એટલે એક આખેઆખી ફિલ્મ જો આર્યન બનાવે અને ભારતભરના દર્શકો સુધી પહોંચાડે તો એની નિર્દેશન કળાને લોકો પારખી શકે.

આ ઉપરાંત ‘ધી શાહરૂખ ખાનને ડાયરેક્ટ કરવો એમ સાવ ખાવાનાં ખેલ તો નથી જ એટલે પહેલાં ખરા અર્થમાં પૂરી ફિલ્મ બનાવવાની કળા એનું ગણિત ગ્રામર આર્યન શીખી લે પછી એ અનુભવ કામે લઈને ‘બાપ’ ને નિર્દેશન કરે તો એ યોગ્ય પણ ગણાશે. આર્યનની એ ‘પ્રેકટિસ ફિલ્મ’ કોણ પ્રોડ્યુસ કરશે અને એમાં કોણ કામ કરશે એ હજી સુધી નક્કી નથી થયું. પણ આર્યન જ્યારે પણ ફિલ્મ માટે શાહરૂખને ડાયરેક્ટ કરશે ત્યારે એ ઘટના પણ ખાસ નોંધનીય હશે.

### દાદાસાહેબને હજી રાહ જોવી પડશે



અભિજાત જોષી - રાજકુમાર હિરાણી

ભારતીય સિનેમાના જનક એવા દાદાસાહેબ ફાળકેનાં જીવન પર બનનારી ફિલ્મ હવે નહીં બને. કારણ? કારણ છે આમિર ખાન અને રાજકુમાર હિરાણી વચ્ચેના મતભેદ. રાજકુમાર હિરાણી અને અભિજાત જોષી જયારે આમિર પાસે આ વર્ષની શરૂઆતમાં દાદાસાહેબ ફાળકેની બાયોપિક માટે સ્ક્રિપ્ટ લઈને ગયા ત્યારે આમિરે વિચાર કરીને જવાબ આપવાનું કહ્યું હતું. પછી આમિરે એની ટેવ અનુસાર ત્રણ-ચાર મહિના ‘વિચાર’ કરવા માટે લીધાં. પછી એમણે આ જોડીને ફરીથી વાત કરવા બોલાવી.

રાજકુમાર અને અભિજાત જોષીના આઘાત વચ્ચે આમિરે એમ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે કે આ સ્ક્રિપ્ટમાં કોમેડી તો છે જ નહીં. થોડી ‘હિરાણી સ્ટાઈલની’ કોમેડી ઉમેરો પછી આપણે શરૂ કરીએ. હવે એક ગંભીર બાયોપિકમાં મારી મચડીને કોમેડી કેમ ઉમેરવી એ આ લેખક જોડીને સમજાયું નહીં. હકીકતમાં તો આ ફિલ્મ ગયા મહિને જ ફ્લોર પર જવાની હતી. કહે છે કે હવે હિરાણી અને જોષીએ હથિયાર હેઠાં મૂકી દીધાં છે. આ બંનેએ આમિરને કહી દીધું છે કે આપણે આ ફિલ્મ નથી કરતાં. એ પછી આમિર પણ હવે પોતાના નવાં પ્રોજેક્ટમાં વ્યસ્ત થઇ ગયો છે અને હિરાણી અને જોષીએ પણ અન્ય કોઈ નવી સ્ક્રિપ્ટ ઉપર મનોમંથન શરૂ કરી દીધું છે. જોકે દાદાસાહેબની બાયોપિક એમ સાવ ભુલાઈ નહીં જાય. સાઉથના ‘બાહુબલી’ ડાયરેક્ટર રાજમૌલી ઓલરેડી આ ફિલ્મ બનાવવા પર કામ શરૂ કરી ચૂક્યા છે. તેમને ફક્ત દાદાસાહેબનો રોલ કોણ ભજવે એની પસંદગી કરવાની બાકી છે. એટલે ફિલ્મ તો બનશે... પછી એ દક્ષિણથી પહેલાં બને કે ઉત્તરથી એની થોડી રાહ જોવી પડશે. ■

### કટ એન્ડ ઓકે...

***૪૪ વર્ષ પછી રજનીકાંત અને કમલ હસન એકસાથે સ્ક્રિન પર દેખાશે. સુંદર સી દ્વારા નિર્દેશિત આ ફિલ્મનું નામ હશે ‘થાલાઈવાર ૧૭૩’ અને તેને પ્રોડ્યુસ કરશે ખુદ કમલ હસન.***

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા


# વિરોધ-સિનેમાનો કેવો છે આ વાયરો?

## નાની ફિલ્મ્સ હવે એ કહી રહી છે જે મોટી ફિલ્મ્સ કહેવાની હિંમત નથી કરતી.



















આજકાલ ભારતીય ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં મોટાં સ્ટાર્સ અને ભારે બજેટવાળી ફિલ્મ્સ જ વધુ ચર્ચામાં રહે છે. દરેક શુક્રવારે નવી ફિલ્મ્સ, રીલ્સ, ઇન્ટરવ્યૂ અને માર્કેટિંગની ધમાલ ચાલે છે. પણ સાચું કહીએ તો ભારતીય કે ખાસ કરીને હિંદી સિનેમાનો

જીવ અન્ય જગ્યાએ ધબકે છે, જ્યાં નાની ફિલ્મ્સ શાંતિથી પણ સત્ય બોલે છે. એ ફિલ્મ્સ પાસે ન મોટા સ્ટાર હોય, નથી ભારે પ્રમોશન, પણ એ વાત એવી રીતે કહે છે કે જે દિમાગથી દિલ સુધી પહોંચી જાય છે.

આ ફિલ્મ્સ ગુસ્સાથી નહીં, હિંમતથી બનેલી છે, જે હિંમત મોટી ફિલ્મ્સ બતાવતા ડરે છે. આ ફિલ્મ્સ સીધી વાત કરે છે, લોકોના દુઃખ, ભ્રષ્ટાચાર, અસમતા, ન્યાય અને માનવતાની. 'સિયા' (૨૦૨૨) એનું ઉદાહરણ છે.

નાના ટાઉનની એક છોકરી પર થયેલા અત્યાચારની વાર્તા છે આમાં. પણ ફિલ્મ એ ઘટનાને સેન્સેશનલ બનાવતી નથી. એ સિસ્ટમની નિષ્ફળતા બતાવે છે.

પોલીસની નાકામી, રાજકારણનું દબાણ અને સમાજની વરવી બાજુ દર્શાવે છે. ક્યાંય એક્શન હીરો નથી, ફક્ત એક યુવતી છે જે ન્યાય માટે લડે છે.

એ જ રીતે 'સિર્ફ એક બંદા કાફી હૈ' (૨૦૨૩)માં મનોજ બાજપેયીનો સામાન્ય વકીલ શક્તિશાળી ગોડમેન સામે લડે છે.

ફિલ્મમાં ડ્રામા નથી, હીરોની એન્ટ્રી નથી, ફક્ત સત્ય છે અને એની લડત છે. આ ફિલ્મ શ્રદ્ધાના નામે થતો સત્તાનો

દુરુપયોગ પડદા પર ખોલે છે. લોકો OTT પર આ ફિલ્મને ખૂબ વખાણતા રહ્યા , કારણ કે એ બોલિવૂડની સામાન્ય

લાઇનથી અલગ તરી આવી હતી.

'કડક સિંહ' (૨૦૨૩) બહારથી પિતા-દીકરીની ઈમોશનલ વાર્તા છે, પણ અંદરથી એ ભ્રષ્ટાચાર અને સિસ્ટમની ગંદકી પર ટકોર કરે છે. એનો વિરોધ ઊંચા અવાજમાં નથી, એ પાત્રોની આંખોમાં છે. અને પછી આવે છે 'જોરમ' (૨૦૨૩) ,

જેમાં મનોજ બાજપેયી ફરી એકવાર મુખ્ય પાત્રમાં છે. આ વખતે તે આદિવાસી માણસ તરીકે રાજ્ય અને કાયદાથી ભાગી રહ્યો છે. એ ફિલ્મ વિકાસના નામે ચાલતા અન્યાય પર ચુપચાપ અવાજ ઉઠાવે છે....

અન્ય એક થોડી હળવી પણ વિચાર કરવા મજબૂર કરતી ફિલ્મ 'ઓલ ઈન્ડિયા રેન્ક' (૨૦૨૪) છે. વરુણ ગ્રોવરની આ ફિલ્મ IIT એન્ટ્રન્સની તૈયારી કરતા એક છોકરાની વાર્તા કહે છે, પણ અંદરથી એ આપણા સમાજની સફળતા પ્રત્યેની ખોટી દોડને ઉઘાડી મૂકે છે.

એ પૂછે છે કે શું જીવનનો અર્થ ફક્ત રેન્ક અને માર્ક્સમાં માપી શકાય? એ ફિલ્મ માત્ર સિનેમા નથી, એ સિસ્ટમને પ્રશ્ન કરે છે.

મનોરંજન દેવની કૃપાથી આવી ફિલ્મ્સની લહેર અચાનક નથી આવી. 'મુલ્ક' (૨૦૧૮) અને 'આર્ટિકલ ૧૫' (૨૦૧૯) જેવી ફિલ્મ્સે આ રસ્તો ખોલ્યો હતો, જ્યાં મોટા કલાકારોએ પણ સંવેદનશીલ વિષયો બોલવાની હિંમત કરી.

જોકે 'સિયા', 'સિર્ફ એક બંદા કાફી હૈ', 'કડક સિંહ', 'જોરમ', 'ઓલ ઈન્ડિયા રેન્ક' જેવી ફિલ્મ્સ મોટા માર્કેટિંગ વગર પણ દર્શકો સુધી પહોંચી ગઈ. 'સિર્ફ એક બંદા કાફી હૈ' માઉથ પબ્લિસિટીથી હિટ થઈ. 'જોરમ' ફેસ્ટિવલ્સમાં વખાણાઈ અને પછી OTT પર ચર્ચામાં આવી. 'ઓલ ઈન્ડિયા રેન્ક' લોકોને એની ઈમાનદારી માટે ગમી. 'સિયા'ને સોશ્યલ મીડિયા પર વખાણ મળ્યા.

આ જ લહેરમાં 'ભીડ', 'ઝ્વિગાટો', 'કટહલ' જેવી ફિલ્મ્સે પણ સામાજિક સત્યને સ્પર્શ્યું. 'ભીડ' ફિલ્મે મહામારીના દિવસોમાં થયેલી અસમાનતા બતાવી, 'ઝ્વિગાટો'માં એક ડિલિવરી માણસની આંખે સમાજનો ચહેરો દેખાડ્યો, 'કટહલ' ફિલ્મે સટાયરની અંદરથી સત્તા અને પોલીસતંત્રની ખામીઓને હળવેથી ઉઘાડા કર્યા. આ ફિલ્મ્સ હસાવે છે પણ પછી વિચારવા મજબૂર કરે છે.

આજના સમયમાં એવા કલાકારોનો ઉદય થયો છે, જે નાની ભૂમિકામાં પણ મોટો પ્રભાવ પાડે છે. મનોજ બાજપેયી, રાજકુમાર રાવ, વિજય વર્મા, શીબા ચઢ્ઢા, અંશુમન ઝા જેવા કલાકારો હવે મુખ્ય ધારા સામે અલગ ઊભા છે.

એમની ફિલ્મ્સ બતાવે છે કે હવે સ્ટારડમ કરતાં સાચો અભિનય વધુ બોલે છે.

આજનું નવું સિનેમા ફક્ત ફોર્મ્યુલા સામેનો વિરોધ નથી, એ વિચાર સામેનો વિરોધ છે કે દર્શક ફક્ત મનોરંજન માગે છે. દર્શક હવે વિચાર કરે છે, પ્રશ્ન પૂછે છે, અને આ ફિલ્મ્સ એ પ્રશ્નોને દિશા આપે છે. હા, આવી ફિલ્મ્સ હજી દરેક શોમાં હાઉસફૂલ નથી થતી, પણ જે લોકો જુએ છે, એ વખાણ કરતાં જ થિયેટરની બહાર નીકળે છે.

આ બધા વચ્ચે કેટલીક અન્ય ફિલ્મ્સ જેમ કે 'અફવા', 'ફરાઝ', 'શિવ શાસ્ત્રી બલ્બોઆ' વગેરેએ બતાવ્યું કે વાર્તા જો ઈમાનદારીથી કહેવાય તો એ પોતે જ વિરોધ બની જાય છે. મોટી ફિલ્મ્સ જ્યાં મલ્ટિવર્સ, રીમેક અને દેશભક્તિના દેખાવમાં ખોવાઈ ગઈ છે ત્યાં આ નાની ફિલ્મ્સ માનવતાની વાત કરે છે.

'સિયા'માં પોલીસ સ્ટેશનની બહાર બેઠેલી છોકરીનું શાંત દૃશ્ય કોઈ પણ મોટા ડાયલોગ કરતાં વધુ બોલકુ છે.

'જોરમ'ના ખાલી કારખાનાંના શોટ્સ વિકાસના ખોખલા અર્થને ખોલી મૂકે છે. આ બધી ફિલ્મ્સ મળીને આજના ભારતની એવી તસ્વીર દોરે છે જે બોલિવૂડ ઘણી વાર છુપાવી દે છે!

### લાસ્ટ શોટ


*મારા માટે સિનેમા ફક્ત મનોરંજન નથી. એ એક કલા છે, અભિવ્યક્તિનું સૌથી શક્તિશાળી માધ્યમ, જે સૌથી ઓછા સાધનોથી પણ સૌથી વધુ લોકો સુધી પહોંચી શકે છે.*

*- સત્યજિત રે*

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

# વિજય દેવરકોંડા

## સાઉથની ફિલ્મોનો સુપરસ્ટાર પણ હિન્દી ફિલ્મોમાં સફળતાથી જોજન દૂર



સાઉથની ફિલ્મોમાં 'સુપરસ્ટાર' તરીકે નામના ધરાવનારા વિજય દેવરકોંડાની અત્યારે ચારેબાજુ ચર્ચા છે અને તેનું કારણ છે 'નેશનલ ક્રશ' સાબિત થયેલી સાઉથની ફૂટડી એવી અભિનેત્રી રશ્મિકા મંદાના સાથે ૩૬ વર્ષનો વિજય દેવરકોંડા ૨૯ વર્ષની રશ્મિકા મંદાના સાથે ૨૦૨૬ના એટલે કે આવતા વર્ષે ફેબ્રુઆરી મહિનામાં રાજસ્થાનના કોઈ ભવ્ય મહેલમાં ધામધૂમથી પરણવાનો છે.

બીજાં બધા પ્રેમ પ્રકરણની જેમ જ આ પ્રેમ પ્રકરણ પત્રકારોએ બહાર પાડ્યું ત્યારે 'આ તો માત્ર ગોસિપ જ છે' એમ કહી વિજય દેવરકોંડા અને રશ્મિકાએ વાત ઉડાવી દીધી હતી. પણ પછી ઑક્ટોબર-૨૦૨૫માં તેમણે સગાઈ કરી અને હવે ફેબ્રુઆરીમાં પરણવાના છે એ વાતની બંને કલાકારોએ પુષ્ટિ કરી છે.

વિજય દેવરકોંડાએ સાઉથમાં સારી નામના મેળવી છે, પણ બોલિવૂડમાં તેની ફિલ્મ ચાલી નથી. મોટાભાગે તેલુગુ ફિલ્મોમાં દેખાયેલાં વિજય દેવરકોંડાની હિન્દીમાં ડબ થયેલી ફિલ્મોને જોઈએ એવો પ્રતિસાદ આજસુધી મળ્યો નથી. તે કૌટુંબિક વાર્તા ધરાવતી ફિલ્મોમાં વધારે દેખાયો છે, પણ જ્યારે તેણે એક્શન ફિલ્મો પર હાથ અજમાવ્યો છે ત્યારે પણ તેને નિષ્ફળતા જ મળી છે.

૨૦૧૧થી તેલુગુ ફિલ્મોમાં અભિનય કરી રહેલા વિજય દેવરકોંડાનો જન્મ ૯ મે ૧૯૮૯ના આંધ્ર પ્રદેશના હૈદરાબાદમાં થયો છે. તે અભિનેતા સાથે જ કેટલીક ફિલ્મોનો નિર્માતા પણ રહ્યો છે. તેનો ભાઈ આનંદ દેવરકોંડા પણ અભિનેતા છે. ૨૦૧૬માં આવેલી 'પેલ્લી ચોપુલુ ' અને ૨૦૧૭માં 'અર્જૂન રેડ્ડી' ફિલ્મે દેવરકોંડાને જબરી સફળતા અપાવી અને ત્યારથી જ તે સુપરસ્ટાર ગણાવા લાગ્યો.

જોકે, વિજય માટે ૨૦૧૬, ૨૦૧૭ અને ૨૦૧૮નાં વર્ષ ખૂબ જ મહત્ત્વના સાબિત થયા . 'પેલ્લી ચોપુલુ' માં તેને પહેલીજ વાર મુખ્ય હીરોની ભૂમિકા મળી હતી. આ ફિલ્મ કમર્શિયલી ખૂબ જ હીટ થઈ અને આ ફિલ્મને ફિલ્મફેર એવોર્ડ મળ્યો સાથે જ નેશનલ ફિલ્મ એવોર્ડ પણ મળ્યો હતો. ૨૦૧૭માં તેણે પૂર્ણપણે મસાલા ફિલ્મ કહી શકાય એવી 'દ્વારકા' ફિલ્મમાં અભિનય કર્યો અને પછી તે જ વર્ષે આવી 'અર્જૂન રેડ્ડી' દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગાની એ ફિલ્મ ખૂબ જ વખણાઈ અને વિજય દેવરકોંડાને આ ફિલ્મે સુપરસ્ટાર બનાવી દીધો. આ જ ફિલ્મ પરથી શાહિદ કપૂર અભિનીત ફિલ્મ 'કબીર સિંહ' બની હતી. એ પણ બહુ ચર્ચિત રહેવાની સાથે ખૂબ જ હીટ થઈ હતી.

૨૦૧૮માં વિજય દેવરકોંડાએ પહેલી જ રશ્મિકા મંદાના સાથે 'ગીત ગોવિંદમ'માં કામ કર્યું અને આ ફિલ્મે પણ બોક્સ ઓફિસ ગજાવી હતી. આ ફિલ્મ વખતે જ બંને એકબીજાને પ્રેમમાં પડ્યા હતા,જે હવે બહાર આવ્યું છે.

જોકે, ૨૦૧૮થી અત્યાર સુધીની વિજય દેવરકોંડાની મોટા ભાગની ફિલ્મોને જોઈએ એવી સફળતા મળી નથી. ૨૦૨૨માં તેની ખૂબ જ ગાજેલી ફિલ્મ 'લાઈગર' હિન્દીમાં પણ રજૂ થઈ હતી, પણ તે ફ્લોપ સાબિત થઈ હતી. ત્યાર પછી 'ખુશી', 'ધ ફેમિલી સ્ટાર' ફિલ્મે બોક્સ ઓફિસ ગજાવી પણ ૨૦૨૫માં આવેલી 'કિંગ્ડમ'માં તેને ફરી નિષ્ફળતા જોવા મળી હતી.

હવે આ વર્ષે તો રશ્મિકા મંદાના સાથેના પ્રેમ સંબંધને કારણે એ વધુ સમાચારોમાં છે.

### OTTનું હોટસ્પોટ

## ૧૫ નવેમ્બરથી ૨૧ નવેમ્બર

અનુપમ ખેર, પલ્લવી જોશી, મિથુન ચક્રવર્તી, દર્શનકુમાર અને શાશ્વત ચેટરજી જેવાં દિગ્ગજ કલાકારોવાળી વિવેક અગ્નિહોત્રીની વિવાદાસ્પદ ફિલ્મ 'ધ બેંગાલ ફાઈલ્સ' આવતાં શુક્રવારે એટલે કે ૨૧ નવેમ્બરે ઝી-ફાઈવ પર પહેલી વાર રજૂ થવાની છે. બંગાળમાં આ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, પણ હવે તે ઓટીટી દ્વારા દેશભરના લોકોના ઘર સુધી પહોંચી જશે.

એમેઝોન પ્રાઈમ વીડિયો પર આવતા શુક્રવાર એટલે કે ૨૧ નવેમ્બરથી જ મનોજ બાજપાઈની 'ધ ફેમિલી મેન'ની ત્રીજી સિઝનની શરૂઆત થઈ રહી છે. અગાઉની બે સિઝનને દર્શકોનો ભરપૂર સાથ મળ્યો હતો એટલે ત્રીજી સિઝનની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. જાસૂસી અને એકશનથી ભરપૂર આ ત્રીજી સિઝનમાં મનોજ બાજપાઈની સાથે જયદીપ અહલાવત, નિમ્રત કૌર, શાહિદ હાશ્મી, પ્રિયામણી, અશ્લેષા ઠાકુર, ગુલ પનાગ, વેદાંત સિંહા જેવાં કલાકારો દેખાશે.


૨૧ નવેમ્બરે જ નેટફ્લિક્સ પર ખૂબ ગાજેલી ફિલ્મ 'હોમબાઉન્ડ' રજૂ થશે. ઈશાન ખટ્ટર, વિશાલ જેઠવા અને જહાન્વી કપૂર અભિનીત આ ફિલ્મના દિગ્દર્શક નીરજ ગ્યાવન છે. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ સહિત વિદેશની અનેક ફિલ્મ સમારોહમાં આ ફિલ્મને ખૂબ જ પ્રશંસા મળી છે. ૨૬ સપ્ટેમ્બર-૨૦૨૫નાં આ ફિલ્મ થિયેટરમાં રિલીઝ થઈ ત્યારે તે સદંતર ફ્લોપ સાબિત થઈ હતી.

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (અ)

**આ ફિલ્મના ૫ હીરો કોણ હતા... જાણો છો?**




૧) હલચલ

૨) ચોકલેટ

૩) મોહબ્બતે

૪) ક્ષત્રિય

૫) સલામ એ ઈશ્ક

૬) જાની દુશ્મન

૭) નાગીન

### ક્વિઝ (બ)

**'વાદા' વિશેષ**

**આ ગીતો કઈ ફિલ્મના છે એ કહી શકો ?**

૧) વાદા કરલે સાજના તેરે બીના મૈં ના રહુ મેરે...

૨) વાદા રહા સનમ હોંગે જુદા ના હમ ચાહે ના...

૩) વાદા કરો નહીં છોડોગે તુમ મેરા સાથ જહાં તુમ...

૪) વાદા કરો જાનમ ના છોડોગે યે દામન ઝમાના...

૫) વાદા તેરા વાદા વાદે પે તેરે મારાં ગયા બંદા મૈં...

૬) વાદા રહા પ્યાર સે પ્યાર કા અબ હમ ના...

૭) વાદા તુમસે હૈ વાદા જન્મો કા પ્યાર કા દર્દ....

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

# મેડિકો-લીગલ રિપોર્ટિંગ પોર્ટલનું ક્રાઇમ ટ્રેકિંગ નેટવર્ક સાથે જોડાણ

## વિવિધ ટેસ્ટ અને પોસ્ટમોર્ટમના રિપોર્ટ્સ તપાસ અધિકારીને ડાયરેક્ટ મળશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે રાજ્યભરમાં મેડિકો-લીગલ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ્સના સંચાલનને સુવ્યવસ્થિત કરવા માટે પોલીસના ક્રાઇમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ્સ (સીસીટીએનએસ) સાથે કેન્દ્રિય ડિજિટલ પ્લેટફોર્મને એકીકૃત કરવાનો આદેશ આપ્યો છે.

નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર (એનઆઇસી) દ્વારા ડિજિટલ પ્લેટફોર્મ, મેડિકો લીગલ એક્ઝામિનેશન એન્ડ પોસ્ટમોર્ટમ રિપોર્ટિંગ સિસ્ટમ વિકસાવવામાં આવ્યું છે. ગુરુવારે જારી કરાયેલા એક સરકારી ઠરાવમાં કહેવામાં આવ્યું છે કે આ પોર્ટલને હવે પોલીસ ડેટાબેઝ સાથે જોડવામાં આવશે જેથી તબીબી પરીક્ષણ માટે દાખલ કરવામાં આવેલા મેડિકો-લીગલ પરીક્ષાના તારણો અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ્સ તપાસ અધિકારીઓને સીધા મળી શકે. જીઆરમાં જણાવ્યા અનુસાર મુંબઈના એક મોડેલ મેડિકલ એક્ઝામિનરને રાજ્ય સ્તરના નોડલ એક્ઝામિનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. દરેક જિલ્લાના પોતાના નોડલ મેડિકલ એક્ઝામિનર હશે, જ્યારે તમામ મેડિકલ કોલેજોમાં ફોરેન્સિક મેડિસિનના વિભાગો અમલીકરણ માટે નોડલ યુનિટ તરીકે કામ કરશે.

આદેશમાં કહેવામાં આવ્યું છે કે તમામ મેડિકલ કોલેજો અને સિટી મ્યુનિસિપલ હોસ્પિટલો કે જે મેડિકો-લીગલ કેસોનું સંચાલન કરે છે તેઓએ મેડિકો-લીગલ પોર્ટલ પર નોંધણી કરાવવી પડશે અને તમામ મેડિકો-લીગલ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ્સ અપલોડ કરવા પડશે. જીઆર અનુસાર મ્યુનિસિપલ કોર્પોરેશન ઉપરાંત આરોગ્ય સેવાઓ અને શહેરી વિકાસ વિભાગો રોલ-આઉટની દેખરેખ રાખશે અને એના પાલનની ખાતરી કરવા માટે સમયાંતરે ઓડિટ કરશે. (પીટીઆઈ)■

# નવી નીતિ મહારાષ્ટ્રને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક જ્વેલરી હબમાં પરિવર્તિત કરશેઃ જીજેઈપીસી

મુંબઈઃ જેમ્સ એન્ડ જ્વેલરીના નિકાસકારોના એક ટોચના સંગઠને ગુરુવારે મહારાષ્ટ્ર સરકારની નવી જેમ એન્ડ જ્વેલરી પોલીસીનું સ્વાગત કરતાં કહ્યું હતું કે આનાથી રાજ્યને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક જ્વેલરી હબમાં રૂપાંતરિત કરવામાં ગતિ મળશે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા સમર્થિત જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઈપીસી)એ આ નીતિને એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ ગણાવીને કહ્યું હતું કે ભારતના જ્વેલરી અર્થતંત્રની કરોડરજ્જુને મજબૂત બનાવે છે.

મહારાષ્ટ્ર સરકારે બુધવારે તેની જેમ એન્ડ જ્વેલરી પોલીસી-૨૦૨૫ની જાહેરાત કરી હતી, જેનો ઉદ્દેશ આગામી પાંચ વર્ષમાં આ ક્ષેત્રમાં એક લાખ કરોડ રૂપિયાનું રોકાણ આકર્ષવાનો અને પાંચ લાખ નવી નોકરીઓનું સર્જન કરવાનો છે.

ઉદ્યોગ વિભાગ દ્વારા જારી કરાયેલા સરકારી ઠરાવ (જીઆર) મુજબ નીતિમાં ૨૦૨૫-૩૦ દરમિયાન અંદાજિત ૧,૬૫૧ કરોડ રૂપિયાના નાણાકીય પ્રોત્સાહનોની કલ્પના કરવામાં આવી છે, જેમાં આગામી ૨૦ વર્ષ (૨૦૩૧-૨૦૫૦) માટે વધારાના ૧૨,૧૮૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે, જેનાથી કુલ ખર્ચ ૧૩,૮૩૫ કરોડ રૂપિયા થશે.

'મહારાષ્ટ્ર જેમ્સ એન્ડ જ્વેલરી પોલિસી ૨૦૨૫ એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે જે ભારતના જ્વેલરી અર્થતંત્રની કરોડરજ્જુને મજબૂત બનાવે છે. ઉત્પાદન, નવીનતા અને એમએસએમઈ સશક્તિકરણને પ્રાથમિકતા આપીને, મહારાષ્ટ્રના વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક જ્વેલરી હબ બનાવવામાં મદદરૂપ થશે,' એમ જીજેઈપીસીના અધ્યક્ષ કિરીટ ભણસાલીએ ગુરુવારે જણાવ્યું હતું.

તેમણે નોંધ્યું હતું કે નીતિમાં કૌશલ્ય, ટેકનોલોજી અને વ્યવસાય કરવામાં સરળતા પર ભાર મૂકવામાં આવ્યો છે, જે ભારતને ૨૦૪૭ સુધીમાં, તેની સ્વતંત્રતાના ૧૦૦મા વર્ષ સુધીમાં, ૧૦૦ અબજ ડોલરના જેમ એન્ડ જ્વેલરીની નિકાસ હાંસલ કરવાના તેના વિઝનની નજીક લઈ જશે.

ભણસાલીએ કહ્યું હતું કે, આ પોલીસી મહારાષ્ટ્રને જેમ એન્ડ જ્વેલરી ક્ષેત્રમાં વૈશ્વિક પાવરહાઉસ તરીકે ઉભરી આવવા માટેની તક આપે છે. (પીટીઆઈ)■

# સુપ્રીમ કોર્ટના નિર્દેશ છતાં સિનિયર સિટિઝન્સ સંબંધી કેસનો ઝડપી નિકાલ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સુપ્રીમ કોર્ટે વારંવાર નીચલી અદાલતોને સિનિયર સિટિઝન્સ સંબંધી કેસની ઝડપી સુનાવણી અને સિનિયર સિટિઝનની જુબાની વહેલી તકે નોંધવાના નિર્દેશ આપ્યા હોવા છતાં મુંબઈની અદાલતોમાં આ નિર્દેશની છડેચોક અવગણના કરવામાં આવી રહી છે. આ બાબતને મુંબઈ હાઈ કોર્ટના રજિસ્ટ્રારને એક મહિના પહેલાં કરવામાં આવેલી ફરિયાદ પછી પણ હજી સુધી કોઈ કાર્યવાહી થઈ ન હોવાનું જણાઈ રહ્યું છે.

પેડર રોડ પર રહેતા જે. જે. સંઘવીએ આ બાબતે મુંબઈ હાઈ કોર્ટના રજિસ્ટ્રાર સમીર અડકરને ચોથી ઓક્ટોબરે આપેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે શહેરની કો-ઓપરેટિવ કોર્ટમાં ૨૦૨૨થી ચાલી રહેલા કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટના નિર્દેશને ધ્યાનમાં લેતાં ઝડપથી ચલાવવાની વિનંતી કરી છે. તેમણે આ પત્રમાં એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે જાન્યુઆરી-૨૦૨૫માં આપેલા પત્રમાં કરેલી ફરિયાદ છતાં વારંવાર તેમના કેસની સુનાવણી મોકૂફ રાખવાના પ્રમાણમાં કશો ફેર જોવા મળ્યો નથી.

જે. જે. સંઘવીએ મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે મારી ઉંમર ૭૯ વર્ષની છે અને આરોગ્ય સંબંધી અનેક તકલીફો છે અને કોર્ટના ન્યાયમૂર્તિને મારી તકલીફોને ધ્યાનમાં રાખીને ઝડપથી સુનાવણી હાથ ધરવાની વિનંતી કરવામાં આવી હોવા છતાં સુનાવણી ઝડપથી થતી ન હોવાથી રજિસ્ટ્રારને આ પત્ર લખવાની ફરજ પડી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે આ તકલીફ ફક્ત મારી નથી. કો-ઓપરેટિવ કોર્ટમાં મારા જેવા અનેક સિનિયર સિટિઝન્સ પોતાના કેસની સુનાવણી માટે હાજર રહેતા હોય છે. બધાને ઉંમર અને આરોગ્યની તકલીફ હોવા છતાં દરેક સુનાવણી માટે ચર્ચગેટ સુધી લાંબા થવું પડે છે અને કલાકો સુધી કોર્ટની સુનાવણીની રાહ જોઈને બેસી રહેવું પડે છે.

આ પત્રમાં તેમણે સિનિયર સિટિઝન્સ સાથે સંકળાયેલા બધા જ પડતર કેસને ફાસ્ટ ટ્રેકમાં ચલાવવાની વિનંતી પણ કરી છે.

આ બાબતે હાઈ કોર્ટના રજિસ્ટ્રારનો સંપર્ક કરવાનો પ્રયાસ નિષ્ફળ નીવડ્યો હતો. ■

મુંબ્રાની ટ્રેન ટ્રેજેડી

# કોર્ટે મધ્ય રેલવેના બે એન્જિનિયરની આગોતરા જામીનની અરજી ફગાવી

થાણેઃ મુંબ્રા સ્ટેશન નજીક ૯ જૂને પાંચ પ્રવાસીનો ભોગ લેનારી ટ્રેન ટ્રેજેડી સંદર્ભે જેમની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે એ મધ્ય રેલવેના બે એન્જિનિયરની આગોતરા જામીનની અરજી કોર્ટે ગુરુવારે ફગાવી દીધી હતી.

સામસામી દિશામાંથી પસાર થતી ફાસ્ટ લોકલના ફૂટબોર્ડ પર ઊભેલા પ્રવાસીઓની બેગ એકબીજા સાથે અથડાતાં ૧૩ જણ પાટા પર પટકાયા હતા, જેમાંથી પાંચનાં મોત થયાં હતાં. એક ટ્રેન કસારા, જ્યારે બીજી સીએસએમટી જઇ રહી હતી.

રેલવે પોલીસની તપાસમાં એન્જિનિયરોની બેદરકારી આ ઘટના માટે જવાબદાર હોવાનું જણાયું હતું. આથી થાણે ગવર્નમેન્ટ રેલવે પોલીસે (જીઆરપી) હાલમાં મધ્ય રેલવેના સિનિયર સેક્શન એન્જિનિયર અને સેક્શન એન્જિનિયર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૨૫ (એ) (બી) હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

એડિશનલ સેશન્સ જજ જી.ટી. પવારે અરજીઓ સાંભળ્યા બાદ પોતાના આદેશમાં જણાવ્યું હતું કે આ તબક્કે બંનેને આગોતરા જામીન આપી નહીં શકાય.

રેલવેના બંને એન્જિનિયર તરફથી એડવોકેટ બલદેવ રાજપૂત હાજર રહ્યા હતા. એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર મનીષા પાવસેએ જામીન અરજીનો વિરોધ કર્યો હતો, જ્યારે કેસ રજૂ કરવા તપાસકર્તા અધિકારી એસીપી સુધાકર શિરસાટ કોર્ટમાં હાજર રહ્યા હતા અને આગોતરા જામીન મંજૂર કરવા સામે વિરોધ કર્યો હતો. શિરસાટે આરોપોની ગંભીરતા અને ચાલી રહેલી તપાસ પર પણ ભાર મૂક્યો હતો. બંને એન્જિનિયરે કોર્ટને કહ્યું હતું કે ભીડને કારણે આ અકસ્માત થયો હતો. (પીટીઆઇ)■

# દિવાળી માટે ઓસ્ટ્રેલિયાથી લોનાવાલા આવેલી મહિલાએ આપ્યું ચારને જીવનદાન

પુણેઃ ઓસ્ટ્રેલિયામાં રહેતો એક પરિવાર દિવાળી માટે તેમના વતન લોનાવાલા આવ્યો હતો. આ પરિવારની મહિલાની તબિયત અચાનક બગડતા તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. મૃત્યુ બાદ મહિલાના અંગદાનથી ચાર લોકોને જીવનદાન મળ્યું. આમ પુણેમાં તે પ્રથમ વિદેશી અંગ દાતા બની છે.

છેલ્લા કેટલાક વર્ષોથી ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં રહેતો લોનાવાલાનો એક પરિવાર દિવાળી માટે લોનાવાલા આવ્યો હતો. આ પરિવારની ૪૬ વર્ષીય મહિલાને અચાનક માથાનો દુખાવો શરૂ થતાં ચિંચવડની આદિત્ય બિરલા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જોકે સારવાર દરમિયાન મહિલાને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવી હતી.

આ આઘાતમાંથી બહાર આવી મહિલાના પતિ અને ભાઈએ તેના અંગોનું દાન કરવાનું નક્કી કર્યું. મહિલા ઓસ્ટ્રેલિયન નાગરિક હોવાથી અંગ દાન માટે ઓસ્ટ્રેલિયન દૂતાવાસની પરવાનગી જરૂરી હતી.

ઓસ્ટ્રેલિયન દૂતાવાસની પરવાનગી મળ્યા પછી ડિવિઝનલ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કમિટીએ અંગ વિતરણ માટેની માર્ગદર્શિકા અનુસાર તેનું દાન કર્યું. ડો. ડી. વાય. પાટિલ હોસ્પિટલના એક દર્દીને કિડની દાન કરવામાં આવી અને બીજા દર્દીને લીવર, દીનાનાથ મંગેશકર હોસ્પિટલના એક દર્દીને કિડની અને મુંબઈની એચ.એન. રિલાયન્સ હોસ્પિટલમાં એક દર્દીને હૃદયનું દાન કરવામાં આવ્યું હતું. ચારેય દર્દીઓની ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે અને તેમની સ્થિતિ સ્થિર છે, એમ ડિવિઝનલ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કમિટીના સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પિસે પાંજરાપોરમાં ૯૧૦ મિલ્યન લિટર ક્ષમતાનો વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ ઊભો કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા પિસે પાંજરાપોરમાં નવો ૯૧૦ મિલ્યન લિટર ક્ષમતાનો નવો વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ ઊભો કરવામાં આવવાનો છે, તે માટે લગભગ ૪,૪૬૩.૬૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવવાનો છે.

મુંબઈગરાને શુદ્ધ પાણીનો પુરવઠો કરવા માટે જળાશય પર બાંધવામાં આવેલા બંધમાંથી મુંબઈમાં આવતા પાણી પર ભાંડુપ પમ્પિંગ સ્ટેશન અને પિસે પાંજરાપોરમાં આવેલા વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાં પ્રક્રિયા કરવામાં આવે છે. હાલ પિસે પાંજરાપૂરમાં ૪૫૫ મિલ્યન લિટર ક્ષમતાનો વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ છે અને હવે ૯૧૦ મિલ્યન લિટર ક્ષમતાનો વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ ઊભો કરવામાં આવવાનો છે. તેથી વોટર ફિલ્ટરેશન પ્લાન્ટની ક્ષમતા વધીને હવે પ્રતિદિન ૧,૮૨૦ મિલ્યન લિટરની થવાની છે. આ વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાંથી પૂર્વ અને પશ્ચિમ ઉપનગરમાં પાણી પુરવઠો કરવામાં આવે છે.

મુંબઈને શુદ્ધ પાણી પુરવઠો કરવા માટે ૧૯૭૯માં પિસે પાંજરાપોરમાં ૪૫૫ મિલ્યન લિટર ક્ષમતાનો વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ ઊભો કરવામાં આવ્યો હતો. જોકે પાણીની પાઈપલાઈન જૂની અને જર્જરીત થવાની સાથે જ ફિલ્ટરેશન પ્લાન્ટનું આયુષ્ય પણ લગભગ પૂર્ણ થયું હોવાથી તેનું ફરી બાંધકામ કરવું આવશ્યક થઈ ગયું હોવાનું પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. ■

# મુંબઈ દહિસર ટોલ પ્લાઝાનું 'કામચલાઉ' સ્થળાંતર કરાયું

મુંબઇઃ ઓવલા માજીવાડાના વિધાનસભ્ય અને પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે આપેલા વચનોને કારણે દહિસર ટોલ પ્લાઝા ચર્ચાનો વિષય બન્યો છે. વસઈની મુલાકાત બાદ તેમણે એવું વલણ અપનાવ્યું હતું કે જો ટોલ પ્લાઝાને સ્થાળાંતરિત કરવામાં નહીં આવે તો તેઓ શિવસેના સ્ટાઇલમાં આંદોલન કરશે અને તેને સ્થાળાંતરિત કરાવશે.

તે મુજબ કોન્ટ્રાક્ટરે રવિવારે રાતથી દહિસર ટોલ પ્લાઝા ખસેડવાનું કામ શરૂ કર્યું હતું. જોકે આટલા સંઘર્ષ પછી ટોલ પ્લાઝા ફક્ત ૫૦ મીટર જ ખસ્યો હોવાથી નાગરિકોમાં રોષ ફેલાયો છે. દહિસર ટોલ પ્લાઝાને તેના સ્થાનથી માત્ર પચાસ મીટર દૂર અસ્થાયી રૂપે ખસેડવામાં આવ્યો છે. પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે દાવો કર્યો હતો કે આનાથી ટ્રાફિક જેમની સમસ્યા હળવી કરવામાં મદદ મળશે. શરૂઆતમાં એમએસઆરડીસી અને નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયાને વર્સોવા બ્રિજ નજીક સ્થાન ઓળખવા સૂચના આપી હતી. જોકે હાઇવે પરના ગ્રામજનો આરોપ લગાવી રહ્યા હતા કે જો મુંબઈ માટે બનાવવામાં આવેલ આ ટોલ પ્લાઝા વસઈ-વિરાર અથવા મીરા-ભાયંદરની સીમામાં આવે તો સ્થાનિકોને મોટી અસુવિધા થશે. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો - બાળ કલાકાર અને ફિલ્મ

| A | B |
|---|---|
| बूट पोलिश | જુનિયર મેહમૂદ |
| नया दौर | માસ્ટર રાજુ |
| परिचय | માસ્ટર અલંકાર |
| दीवार | ડેઝી ઈરાની |
| ब्रह्मचारी | બેબી નાઝ |

### ઓળખાણ પડી?



૧૯૬૦ના દાયકાની બાળ કલાકાર બંટીને કેન્દ્રમાં રાખી બનેલી ફિલ્મની ઓળખાણ પડી? ચેતન આનંદ દિગ્દર્શિત આ ફિલ્મ ઓસ્કરમાં ગઈ હતી.

અ) હમ પંછી એક ડાલ કે બ) બૂટ પોલિશ ક) આખરી ખત ડ) બચ્ચે મન કે સચ્ચે

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મો | ૨ ઢ | વું | ■ | ૩ શિ | ૪ પ | ર | ■ | ૫ ઢી | ૬ કો |
| ૭ ડ | ગ | ■ | ૮ વા | ■ | રિ | ■ | ૯ રા | ■ | પ |
| ■ | ૧૦ લી | ૧૧ ક | ર | ■ | ૧૨ ઘ | ૧૩ ર | ડાં | ■ | રે |
| ૧૪ પા | ■ | ૧૫ પ | સ | લી | ■ | જા | ■ | ૧૬ હ | લ |
| ૧૭ ટ | ૧૮ પા | લ | ■ | ■ | ૧૯ મ | ■ | ૨૦ નિ | ર | ■ |
| ૨૧ લુ | ટ | ■ | ૨૨ ખા | હ | ડાં | ■ | ૨૩ ર | સ | ૨૪ મ |
| ૨૫ ન | ડી | ■ | ણ | ■ | ■ | ૨૬ આ | ણ | ■ | ઢી |
| ■ | ■ | ૨૭ સ | ■ | ૨૮ ગ | રા | સ | ■ | ૨૯ શા | ■ |
| ૩૦ લાં | ■ | ૩૧ પા | છ | ળ | ■ | ૩૨ પા | રે | વ | ૩૩ ડાં |
| ૩૪ બુ | સ્કો | ટ | ■ | ૩૫ ફા | ર | સ | ■ | ૩૬ ક | ડી |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | ૪ | ૪-અ | ■ | ૫ | | |
| ૬ | | | ■ | ૭ | | ૮ | | ■ | ■ |
| ■ | | ■ | ૯ | ■ | ■ | ૧૦ | | ■ | ૧૧ |
| ૧૨ | | ■ | ૧૩ | ૧૪ | | ■ | ૧૫ | | |
| ૧૬ | | ૧૭ | | | ■ | ૧૮ | | ■ | ■ |
| | ■ | ૧૯ | | | ■ | ■ | | ■ | ૨૦ |
| ૨૧ | ૨૨ | | ■ | ■ | ૨૩ | ૨૪ | ■ | ૨૫ | |
| ૨૬ | | ■ | ૨૭ | ૨૮ | | | | | ■ |
| ■ | ૨૯ | | | | ■ | | ■ | ૩૦ | ૩૧ |
| ૩૨ | | ■ | | ■ | ૩૩ | | ■ | ૩૪ | |

**આડી ચાવી**

૧. ઘરની પાછળનો ભાગ (૨)
૩. મગફળી, ભોંયશિંગ (૩)
૫. રકાબી (૩)
૬. લીલાં હોય કે લાલ પણ તીખાં હોય (૩)
૭. એક થાટ (સંગીતનો) (૪)
૧૦. દીવાની વાટ (૨)
૧૨. કમાન, ધનુષ્ય (૨)
૧૩. યકૃત, લીવર (૩)
૧૫. હું કંઇક છું (૩)
૧૬. ચકલી (૫)
૧૮. --- બેસવો એટલે મેળ આવવો (૨)
૧૯. આમાં દિવાસળી મૂકો (૩)
૨૧. મેદાન (૩)
૨૩. ગંધ, રહેઠાણ (૨)
૨૫. --- પૂરવો એટલે ટેકો આપવો (૨)
૨૬. ઓછું (૨)
૨૭. અવસર, પર્વ (૬)
૨૯. ભાત (અં.) (૪)
૩૦. એક ચોક્કસ વિચારણા (૨)
૩૨. ભણતર હોય કે મકાન--- મજબૂત જોઇએ (૨)
૩૩. છિદ્રવાળી (૨)
૩૪. લાખ (૨)

**ઊભી ચાવી**

૧. ડાબું, દક્ષિણ (૨)
૨. દરવાન (અં.) (૫)
૪. દાબડી (૨)
૪અ. ઢીલા, નિરાશ (૨)
૫. ભિન્ન (૩,૩)
૮. કાબૂમાં, તાબામાં (૨)
૯. નકલ કરનાર (૪)
૧૧. ઠેકાણું (૨)
૧૨. માતાજીનાં મંદિર આગળનો ચોક (૫)
૧૪. સ્ત્રીઓ (અં.) (૩)
૧૭. મહેરાબ, ધનુષનો આકાર (૩)
૨૦. રેશમ, તેજ, પ્રેમ (૨)
૨૨. ગામડાનો રહેવાસી (૪)
૨૩. --- બહાર જાય નહીં (૨)
૨૪. પિકનિક પર જનાર (૪)
૨૫. કુર્તા નીચે પહેરાય (૪)
૨૭. મોટી મોટી વાતો કરનાર (૩)
૨૮. બોલરને આપવો ના હોય (૨)
૩૧. કાબેલ, શંકર ભગવાનના સસરા (૨)

### ગુજરાત મોરી મોરી રે

અનેક ગુજરાતી ચિત્રપટમાં નાયકની ભૂમિકા કરનારા હિતુ કનોડિયાએ કઈ ફિલ્મમાં બાળ કલાકાર તરીકે કામ કર્યું હતું એ જણાવો.

અ) ડોક્ટર રેખા બ) લોહીની સગાઈ
ક) માલવપતિ મુંજ ડ) મેરુ માલણ

### જાણવા જેવું

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ટોચની ત્રણ હિરોઈનોએ બાળ કલાકાર તરીકે પ્રારંભ કરી મોટી ઉંમરે જ્વલંત સફળતા મેળવી હતી. મીના કુમારી 'લેધરફેસ'માં ચાઈલ્ડ આર્ટિસ્ટ હતી જ્યારે નરગીસને બાળ કલાકાર તરીકે 'તલાશ - એ - હક' માં તક મળી હતી અને ૮ વર્ષની ઉંમરે મધુબાલાને 'બસંત' ફિલ્મમાં ચમકાવવામાં આવી હતી.

### સુડોકુ-૯૧૪૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | | ૯ | | ૪ | ૩ | | |
| ૩ | | | | ૭ | | ૨ | | |
| ૯ | | ૧ | | | ૬ | | | |
| ૪ | | ૭ | | | | | | ૯ |
| | ૩ | | | | | | ૧ | |
| ૫ | | | | | | ૮ | | ૨ |
| | | | ૨ | | | ૧ | | ૭ |
| | | ૨ | | ૩ | | | | ૮ |
| | | ૯ | ૫ | | ૧ | | ૨ | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૪૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૯ | ૫ | ૭ | ૮ | ૧ | ૩ | ૬ |
| ૧ | ૮ | ૬ | ૩ | ૨ | ૪ | ૭ | ૯ | ૫ |
| ૭ | ૫ | ૩ | ૯ | ૧ | ૬ | ૮ | ૨ | ૪ |
| ૫ | ૬ | ૧ | ૭ | ૪ | ૩ | ૨ | ૮ | ૯ |
| ૯ | ૨ | ૭ | ૮ | ૬ | ૧ | ૪ | ૫ | ૩ |
| ૮ | ૩ | ૪ | ૨ | ૯ | ૫ | ૬ | ૭ | ૧ |
| ૪ | ૭ | ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૧ | ૮ |
| ૩ | ૧ | ૫ | ૪ | ૮ | ૭ | ૯ | ૬ | ૨ |
| ૬ | ૯ | ૮ | ૧ | ૩ | ૨ | ૫ | ૪ | ૭ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

૧૫ વર્ષની ઉંમરે હિન્દી ફિલ્મની હિરોઈન બની ગયેલી સારિકાનો બાળ કલાકાર તરીકે પ્રથમ જાણીતો રોલ કઈ ફિલ્મમાં હતો?

અ) લેધરફેસ બ) દીદાર ક) વક્ત ડ) હમરાઝ

### નોંધી રાખો

વિનોદ ગણાત્રાની ચિલ્ડ્રન ફિલ્મ 'હેડા - હોડા' ૫૮ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં રજૂ થઈ હતી અને એને ઘણા એવોર્ડ મળ્યા હતા.

### માઈન્ડ ગેમ

કવિ પ્રદીપ લિખિત દે દી હમે આઝાદી બિના ખડગ બિના ઢાલ, સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ' ગીત કઈ બાળ ફિલ્મમાં છે?

અ) દો કલિયાં બ) ઘર ઘર કી કહાની
ક) જાગૃતિ ડ) દોસ્તી

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| बिकट | મુશ્કેલ |
| बिमारी | વેઠિયો |
| बिक्री | વેચાણ |
| बिजुरी | વીજળી |
| बीड | થોકડી |

ગુજરાત મોરી મોરી રે: નાડી દોષ

ઓળખાણ પડી?: નિમ્મી

માઈન્ડ ગેમ: ફેન

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: આરઝૂ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) નિતીન જયંતિલાલ બજરિયા (૨) ભરત કજરિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) સુભાષ મોમાયા (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) મહેશ દેસાઈ (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) મુલરાજ કપૂર (૧૪) મહેશ સંઘવી (૧૫) લજિતા ખોના (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) ભાવના કર્વે (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) કિરીટ છેડા (૨૨) કલ્પના આશર (૨૩) કમલ માતલિયા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) હર્ષા મહેતા (૨૬) મહેશ દોશી (૨૭) અરવિંદ કામદાર (૨૮) ખુશરૂ કાપડિયા (૨૯) સીમા ગાંધી (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) પુષ્પા ખોના (૩૫) વિણા સંપટ (૩૬) અંજુ ટોલિયા (૩૭) તાહેર ઔરંગાબાદવાલા (૩૮) શીરીન ઔરંગાબાદવાલા (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) ડૉ. પ્રકાશ કટકિયા (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ગીતા ઉદેશી (૪૮) પ્રતિમા પમાણી (૪૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) અક્ષય ખન્ના, સુનિલ શેટ્ટી, અર્ષદ વારસી, અરબાઝ ખાન, જેકી શ્રોફ, ૨) અનિલ કપૂર, સુનિલ શેટ્ટી, અર્ષદ વારસી, ઇમરાન હાસ્મી, ઈરફાન ખાન ૩) અમિતાભ બચ્ચન, શાહરુખ ખાન, ઉદય ચોપરા, જિમી શેરગિલ,જુગલ હંસરાજ, ૪) સુનિલ દત્ત, ધર્મેન્દ્ર, વિનોદ ખન્ના, સન્ની દેઓલ, સંજય દત્ત ૫) સલમાન ખાન, અનિલ કપૂર, જ્હોન અબ્રાહમ, ગોવિંદા, અક્ષય ખન્ના, ૬) સંજીવ કુમાર, જીતેન્દ્ર, શત્રુઘ્ન સિન્હા, વિનોદ મેહરા, સુનિલ દત્ત, ૭) સુનિલ દત્ત, ફિરોઝ ખાન, અનિલ ધવન, સંજય ખાન, જીતેન્દ્ર

ક્વિઝ (બ) ૧) હાથ કી સફાઇ, ૨) ખિલાડી, ૩) આ ગલે લગજા, ૪) સબસે બડા રૂપૈયા, ૫) દુશ્મન, ૬) ખાખી, ૭) ૧૯૨૦

# સેન્સેક્સમાં ત્રણ સત્રની તેજી પશ્ચાત્ નફારૂપી વેચવાલી નીકળતાં આરંભિક સુધારો ધોવાયો

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સતત ત્રણ સત્ર સુધી સુધારાતરફી વલણ જોવા મળ્યા બાદ આજે વૈશ્વિક બજારોના પ્રોત્સાહક અહેવાલો જોવા મળ્યા હોવાથી આરંભિક સત્રમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું. જોકે, ત્યાર બાદ રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ વધવાની સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વધુ રૂ. ૩૮૩.૬૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી સત્રના અંતે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સાધારણ ૧૨.૧૬ પૉઈન્ટના અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી સાધારણ ૩.૩૫ પૉઈન્ટના સુધારા સાથે બંધ રહ્યો હતો. જોકે, આજે સત્ર દરમિયાન નિફ્ટી ૨૬,૦૦૦ની સપાટી કુદાવીને પાછો ફર્યો હતો.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૪,૪૬૬.૫૧ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૪,૫૨૫.૮૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૮૪,૯૯૧ અને નીચામાં ૮૪,૨૫૩.૦૫ સુધી અથડાઈ ગયા બાદ અંતે ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૦૧ ટકા અથવા તો ૧૨.૧૬ પૉઈન્ટના સુધારા સાથે ૮૪,૪૭૮.૬૭ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૫,૮૭૫.૮૦ના બંધ સામે સુધારા સાથે ૨૫,૯૦૬.૧૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૨૬,૦૧૦.૭૦ની સપાટી નોંધાવ્યા બાદ નીચામાં ૨૫,૮૦૮.૪૦ સુધી ઘટ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૦૧ ટકા અથવા તો સાધારણ ૩.૩૫ પૉઈન્ટ વધીને ૨૫,૮૭૫.૮૦ના મથાળે બંધ રહ્યો હતો. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ ખાતે કુલ ૪૩૬૭ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાં ૧૮૪૬ શૅરના ભાવ વધીને, ૨૩૮૦ શૅરના ભાવ ઘટીને અને ૧૪૧ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૩૧ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૨૮ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. વધુમાં આજે સાત શૅરોમાં નીચલી સર્કિટ લાગી હતી.

દરમિયાન આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૪,૯૦૨.૬૩ કરોડની ખરીદી સામે રૂ. ૧૫,૨૮૬.૩૧ કરોડની વેચવાલી રહેતા કુલ રૂ. ૩૮૩.૬૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૬,૦૩૬.૧૯ કરોડની લેવાલી સામે રૂ. ૧૨,૯૪૪.૩૨ કરોડની વેચવાલી રહેતાં રૂ. ૩૦૯૧.૮૭ કરોડની ચોખ્ખી લેવાલી રહેતાં એકંદરે બજારમાં મોટો ઘટાડો અટક્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

એકંદરે ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે શટડાઉનના અંત માટેના ઠરાવ પર સહી કરી હોવાથી આજે વૈશ્વિક બજારોનાં પ્રોત્સાહક અહેવાલ અને અમેરિકા-ભારત વચ્ચે ટ્રેડ ડીલ




થઈ જવાના આશાવાદ છતાં સ્થાનિકમાં સતત ત્રણ સત્ર દરમિયાન જોવા મળેલા સુધારા પશ્ચાત્ રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૭૫૦.૦૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી આરંભિક સુધારો ધોવાઈ ગયો હતો અને બજાર સાધારણ સુધારા સાથે બંધ રહી હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. જોકે, આવતીકાલે બિહારની ચૂંટણીના પરિણામોની જાહેરાત થવાની હોવાથી અમુક અંશે સાવચેતીનું વલણ જોવા મળ્યું હતું. તેમ છતાં દેશનો ઑક્ટોબર મહિનાનો રિટેલ ફુગાવો વિક્રમ નીચી સપાટીએ રહ્યો રિઝર્વ બૅન્ક વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બનતાં આજે રેટ સંવેદનશીલ મેટલ અને રિઅલ્ટી જેવાં ક્ષેત્રના શૅરોમાં રોકાણકારોનું આકર્ષણ રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૨ શૅરના ભાવ વધીને અને ૧૮ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૩.૮૧ ટકાનો સુધારો એશિયન પેઈન્ટ્સમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૧.૯૯ ટકાનો, લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં ૧.૨૩ ટકાનો, પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૧.૧૦ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૦.૯૯ ટકાનો અને ભારતી એરટેલમાં ૦.૯૦ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં ઈટર્નલમાં ૩.૬૩ ટકાનો, ટાટા મોટર્સ કોમર્શિયલ વેહિકલ્સમાં ૨.૨૬ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૧.૪૫ ટકાનો, ટ્રેન્ટમાં ૧.૧૯ ટકાનો, ટાટા સ્ટીલમાં ૧.૧૫ ટકાનો અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૧.૧૦ ટકાનો ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં માત્ર કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૦.૮૬ ટકાનો, રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૦.૪૩ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૦.૩૦ ટકાનો, પીએસયુબીઆઈમાં ૦.૧૦ ટકાનો અને પાવર એનર્જી ઈન્ડેક્સમાં ૦.૦૫ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૦.૭૦ ટકાનો, એફએમસી ઈન્ડેક્સમાં ૦.૪૯ ટકાનો, પીએસયુ ઈન્ડેક્સમાં ૦.૪૩ ટકાનો, એનર્જી ઈન્ડેક્સમાં ૦.૨૦ ટકાનો, ઈન્ફ્રા ઈન્ડેક્સમાં ૦.૧૫ ટકાનો અને ટેક્નોલૉજી ઈન્ડેક્સમાં ૦.૦૭ ટકાનો ઘટાડો આવ્યો હતો. આજે એશિયાના બજારોમાં શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્, હૉંગકોંગનો હૅન્ગસૅન્ગ, જાપાનનો નિક્કી ૨૨૫ અને દક્ષિણ કોરિયાનો કોસ્પી બૅન્ચમાર્ક સુધરા સાથે બંધ રહ્યા હતા. તેમ જ યુરોપના બજારોમાં પણ સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૯ ટકા ઘટીને બેરલદીઠ ૬૨.૫૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

## ડૉલર સામે રૂપિયો વધુ છ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકણકારોની વેચવાલીનું દબાણ ઉપરાંત આજે ખાસ કરીને તેલ આયાત કરતી કંપનીઓની ડૉલરમાં વ્યાપક લેવાલી રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો કોન્સોલિડેટ થઈને ગઈકાલના બંધ સામે છ પૈસાના ઘટાડા સાથે ૮૮.૬૮ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઘટાડો તેમ જ ઈક્વિટી માર્કેટ સાધારણ સુધારા સાથે બંધ રહ્યું હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૬૨ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૮૮.૬૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૭૩ અને ઉપરમાં ૮૮.૬૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે સાધારણ છ પૈસાના ઘટાડા સાથે ૮૮.૬૮ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૨ પૈસાનું ધોવાણ થયું હતું.

તાજેતરમાં આયાતકારોની ડૉલરમાં જોવા મળતી માગને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નબળાઈ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતા મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું કે શક્યતઃ વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં ઘટાડો અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ રૂપિયાને અમુક અંશે ટેકો આપી શકે છે. તેમ છતાં અમારા મતે ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૮.૪૦થી ૮૯ આસપાસની રહે તેવી શક્યતા નકારી ન શકાય, એમ તેમણે ઉમેર્યું હતું. ટ્રમ્પ વહીવટીતંત્રએ ૪૩ દિવસના ગવર્મેન્ટ શટડાઉનનો અંત આણવા માટેનું બિલ પસાર કર્યું હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૯ ટકા ઘટીને ૯૯.૨૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૧ ટકા ઘટીને બેરલદીઠ ૬૨.૫૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૧૨.૧૬ પૉઈન્ટ અને ૩.૩૫ પૉઈન્ટના સુધારા સાથે બંધ રહ્યા હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૭૫૦.૦૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

### અમેરિકી દેવાની ચિંતા અને રેટકટના આશાવાદમાં વૈશ્વિક સોનું ત્રણ સપ્તાહની ટોચે, વિક્રમ સપાટીની નજીક પહોંચતી ચાંદી

## સ્થાનિક સોનામાં ₹ ૨૬૪૧નો અને ચાંદીમાં ₹ ૬૦૨૫નો ઝડપી ઉછાળો

મુંબઈઃ અમેરિકા ખાતે ગવર્મેન્ટ શટડાઉનનો અંત આવવાની સાથે દેવાના સ્તરમાં વધારો થવાની ચિંતા ઉપરાંત હવે અમેરિકાના આર્થિક ડેટાઓની જાહેરાતો શરૂ થતાં ડેટાને ધ્યાનમાં લઈને ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ પ્રબળ બનતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ૦.૯ ટકા ઉછળીને ત્રણ સપ્તાહની ટોચે પહોંચ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૧.૨ ટકાની તેજી સાથે વિક્રમ સપાટીની નજીક પહોંચ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ.૬૦૨૫નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૬૩૦થી ૨૬૪૧નો ઝડપી ઉછાળો આવ્યો હતો. આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલીનું આકર્ષણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૬૦૨૫ની ઝડપી તેજી સાથે રૂ. ૧,૬૨,૭૩૦ના મથાળે રહ્યા હતા. જોકે, તેજીના માહોલમાં જ્વેલરી ઉત્પાદકોની લેવાલી શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું



હતું. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ સોનામાં પણ તેજીનો કરંટ રહેતા વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૬૩૦ ઉછળીને રૂ. ૧,૨૬,૦૪૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૬૪૧ ઉછળીને રૂ. ૧,૨૬,૫૫૪ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં રોકાણકારોની રોકાણલક્ષી છૂટીછવાઈ માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની લેવાલી નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે અમેરિકી દેવામાં વધારો થવાની ચિંતા તેમ જ અમેરિકી ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અપનાવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા વધીને ગત ૨૧મી ઑક્ટોબર પછીની ઊંચી ઔંસદીઠ ૪૨૩૫.૫૬ ડૉલરની સપાટી આસપાસ તથા વાયદામાં ભાવ ૦.૬ ટકા વધીને ૪૨૪૦.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૨ ટકાની ઝડપી તેજી સાથે ઔંસદીઠ ૫૪.૦૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી શટડાઉનના અંત માટેનો ઠરાવ મંજૂર થયો હોવાના નિર્દેશો છતાં એકંદરે અમેરિકાની આર્થિક સ્થિતિમાં કોઈ નોંધપાત્ર સુધારો જોવા નહીં મળે અને દેવાનું સ્તર વધે અને આર્થિક વૃદ્ધિ નબળી પડે તેવા સંકેતો મળી રહ્યા હોવાથી સોનાચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં તેજીનું વલણ જોવા મળ્યું હોવાનું એક ટ્રેડર હ્યૂગો પાસ્કલે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ૪૩ દિવસના સૌથી લાંબા સમયગાળાના ગવર્મેન્ટ શટડાઉનના અંત અંગેના ઠરાવ પર સહી કરી હતી. આ શટડાઉનને કારણે અમેરિકાના ફુગાવા, આર્થિક વૃદ્ધિ તેમ જ રોજગારી સહિતના મહત્ત્વના ડેટાની જાહેરાત વિલંબિત થયા છે. વધુમાં આગામી ૩૦ જાન્યુઆરી સુધી ફેડરલ કાર્યકારી એગ્રીમેન્ટ ફંડ રહેશે, પરંતુ દેવાનો બોજ વર્ષે ૧.૮ ટ્રિલ્યન વધીને ૩૮ ટ્રિલ્યન રહે તેવી ધારણા મુકાઈ રહી છે. અગાઉ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવેલે ડિસેમ્બર મહિનાની બેઠકમાં ડેટાના અભાવે વ્યાજદરમાં કાપ અંગે ચેતવણી ઉચ્ચારી હતી.

## વ્હાઈટ ગૂડ્સ માટેની પીએલઆઈ સ્કીમ હેઠળ ડીપીઆઈઆઈટીને ₹ ૧૯૧૪ કરોડનાં રોકાણની ૧૩ અરજી મળી

નવી દિલ્હીઃ વ્હાઈટ ગૂડ્સ માટેની પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) સ્કીમ રૂ. ૧૯૧૪ કરોડનાં રોકાણની બાંયધરી સાથેની કુલ ૧૩ અરજીઓ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રીઝ ઍન્ડ ઈન્ટરનલ ટ્રેડ (ડીપીઆઈઆઈટી)ને મળી છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વર્તમાન રાઉન્ડમાં એરકન્ડિશનર અને એલઈડી લાઈટ્સ જેવાં વ્હાઈટ ગૂડ્સમાં રોકાણ માટે પીએલઆઈ સ્કીમ હેઠળ અરજી સ્વીકારવાનો સમયગાળો ગત ૧૫મી સપ્ટેમ્બરથી ૧૦મી નવેમ્બર, ૨૦૨૫ સુધીનો નિર્ધારિત કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ડીપીઆઈઆઈટીને મળેલી કુલ ૧૩ અરજીઓ પૈકી એક અરજી હાલની પીએલઆઈ હેઠળની લાભકર્તાની છે જેણે વધુ રૂ. ૧૫ કરોડના રોકાણની બાંયધરી આપી છે. આ ઉપરાંત નવ અરજદારોએ એરકન્ડિશનર કમ્પોનન્ટ્સનાં ઉત્પાદન માટે ચક્રવૃદ્ધિ ધોરણે રૂ. ૧૮૧૬ કરોડનાં રોકાણની બાંયધરી આપી છે. આ રોકાણમાં મુખ્યત્વે કોપર ટ્યુબના ઉત્પાદન, એલ્યુમિનિયમના સ્ટોક, કોમ્પ્રેસર, મોટર્સ, હીટ એક્સચેન્જીસ, કન્ટ્રોલ એસેમ્બલીઝ અને અન્ય ઉચ્ચ મૂલ્યના કમ્પોનન્ટ્સનો સમાવેશ થાય છે.

અન્ય ચાર અરજદારોએ રૂ. ૯૮ કરોડના રોકાણ સાથે એલઈડી કમ્પોનન્ટ્સનાં ઉત્પાદન માટેનો પ્રસ્તાવ મૂક્યો છે જેમાં એલઈડી ચીપ્સ, ડ્રાઈવર્સ અને હીટ સિન્કનો સમાવેશ થાય છે.

પ્રસ્તાવિત રોકાણમાં છ રાજ્યોનાં ૧૩ જિલ્લા અને ૨૩ સ્થાનોનો સમાવેશ છે. નોંધનીય બાબત એ છે કે અત્યાર સુધીમાં વ્હાઈટ ગૂડ્સ માટેની પીએલઆઈ સ્કીમ હેઠળ મંજૂર કરવામાં આવેલા ૮૦ લાભકર્તા તરફથી રૂ. ૧૦,૩૩૫ કરોડનાં રોકાણની બાંયધરી આપવામાં આવી છે. તેમ જ રૂ. ૧.૭૨ લાખ કરોડનાં ઉત્પાદનની અને ૬૦,૦૦૦ સીધી રોજગારીના સર્જનનો અંદાજ મૂકવામાં આવ્યો હોવાનું ડિપાર્ટમેન્ટે જણાવ્યું છે. સરકારે ગત ૭મી એપ્રિલ, ૨૦૨૧નાં રોજ રૂ. ૬૨૩૮ કરોડનાં ખર્ચ સાથે વ્હાઈટ ગૂડ્સ માટેની પીએલઆઈ સ્કીમને મંજૂરી આપી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ ભારતભરમાં એરકન્ડિશનર અને એલઈડી કમ્પોનન્ટ્સની અર્થયંત્રણા સ્થાપવાની સાથે સ્થાનિકમાં મૂલ્યવર્ધનનું સ્તર જે હાલ ૧૫થી ૨૦ ટકા છે તે વધારીને ૭૫થી ૮૦ ટકા સુધી લઈ જવાનો અને દેશને વૈશ્વિક ઉત્પાદનનું હબ બનાવવાનો છે.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં વધુ ₹ ૧૦નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૭૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી છૂટીછવાઈ રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ રિટેલ સ્તરની પણ માગ મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે મર્યાદિત માગ વચ્ચે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૨૨થી ૩૯૭૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ જળવાઈ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૬થી ૪૦૮૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો જોવા મળ્યો હતો.

## વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ટીનની આગેવાનીમાં ધાતુમાં ચમકારો

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રએ ૪૩ દિવસીય ગવર્મેન્ટ શટડાઉનનો અંત લાવવાનો ખરડો પસાર કર્યો હોવાના નિર્દેશો સાથે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને ટીનમાં સતત પાંચમાં સત્રમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી જળવાઈ રહેતાં ભાવમાં વધુ કિલોદીઠ રૂ. ૯૨ ઉછળીને રૂ. ૩૪૦૦ની સપાટી કુદાવી ગયા હતા. તેમ જ આજે ટીનની આગેવાની હેઠળ કોપરની તમામ વેરાઈટીઓ ઉપરાંત ઝિન્ક સ્લેબ, લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં પણ ઔદ્યોગિક વપરાશકારોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકથી ૧૨ વધી આવ્યા હતા, જ્યારે બ્રાસ અને એલ્યુમિનિયમમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં ખાસ કરીને ટીનમાં સતત પાંચમા સત્રમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૯૨ વધીને રૂ. ૩૪૨૦ના મથાળે રહ્યા હતા. આ પાંચ સત્રમાં ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૬૧ની તેજી આવી છે. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૧૦૪૫, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૯૫૧ અને રૂ. ૮૬૦, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૯૩૬ અને રૂ. ૯૧૫, ઝિન્ક સ્લેબ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૩૧૬ અને રૂ. ૧૩૫૦ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૧૮૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૫૫, રૂ. ૫૯૩, રૂ. ૨૧૭ અને રૂ. ૨૭૯ના ટકેલા રહ્યા હતા.

## સરકારની ₹ ૪૫,000 કરોડની સ્કીમથી નિકાસને વેગ મળશે અને સ્પર્ધાત્મકતા વધશેઃ નિકાસકારો

નવી દિલ્હીઃ તાજેતરમાં સરકારે નિકાસકારો માટે મંજૂર કરેલી રૂ. ૪૫,૦૦૦ કરોડના યોજનાકીય ખર્ચ સાથેની સ્કીમથી ઉદ્યોગને પોસાણક્ષમ ફાઈનાન્સ ઉપલબ્ધ થવાની સાથે તેના અનુપાલનની જટીલતા ઘટશે અને બ્રાન્ડિંગ વચ્ચેના અંતરાયો દૂર કરવામાં સહાયક થશે, એમ નિકાસકારો જણાવે છે. નિકાસકારોના મતાનુસાર રૂ. ૨૫,૦૦૦ કરોડનાં ભંડોળ સાથેનાં એક્સપોર્ટ પ્રમોશન મિશન અને રૂ. ૨૦,૦૦૦ કરોડની ક્રેડિટ ગૅરેન્ટી સ્કીમ ભારતની નિકાસયંત્રણાને વેગ આપવાની સાથે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મકતામાં વધારો કરશે.

સીઆઈઆઈની નિકાસ પરની રાષ્ટ્રીય સમિતિના અધ્યક્ષ અને પેટ્ટોન ઈન્ટરનેશનલનાં મેનેજિંગ ડિરેક્ટર સંજય બુધિયાએ જણાવ્યું હતું કે આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ સૌપ્રથમ શ્રમલક્ષી ક્ષેત્રના નિકાસકારો અને એમએસએમઈને સક્ષમ બનાવવાનો છે જેથી વૈશ્વિક વેપારની અનિશ્ચિતતા વચ્ચે સ્થિતિસ્થાપકતા સુનિશ્ચિત થાય.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે નાણાકીય અને બિન નાણાકીય હસ્તક્ષેપોને એકીકૃત કરવામાં આવતા લાંબા સમયના પડકારોનો સામનો કરી શકાશે. જેમ કે રાહતનાં દરથી નાણાવ્યવસ્થા, અનુપાલન અંગેની જટીલતાઓ અને બ્રાન્ડિંગ અંતરાયો દૂર કરીને નવી તકો ખુલશે. હાલની વેપાર પ્રણાલીઓ સાથે ડિજિટલ એકીકરણનો નિકાસકારને અનુભવ થશે, દસ્તાવેજી કાર્યવાહી ઘટશે, ઝડપી વિતરણને સક્ષમ બનાવાશે અને સંકલનમાં વધારો થશે, એમ તેમણે ઉમેર્યું હતું.

ઉક્ત મંતવ્યને સમર્થન આપતા હોય તેમ એપરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ઉપાધ્યક્ષ એ શક્તિવેલે જણાવ્યું હતું કે આ પગલાંઓ ઉદ્યોગને વર્તમાન સમયના પડકારોનો સામનો કરવામાં મદદરૂપ થશે.

તેમ જ નાણાકીય સુવિધા સરળ થતાં બજારમાં સુધારો આવશે અને ભારતની નિકાસ અર્થયંત્રણા મજબૂત થશે સાથે સાથે મોટી માત્રામાં રોજગારનું સર્જન થવાથી એકંદરે ભારતની આર્થિક વૃદ્ધિને ટેકો મળશે.

ફેડરેશન ઑફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન (ફિઓ)ના પ્રમુખ એસ સી રલ્હને જણાવ્યું હતું કે વૈશ્વિક વેપારમાં ગતિશીલતા માટે આ મિશન જરૂરી એવું સાતત્ય, સુગમતા અને પ્રતિભાવ પ્રદાન કરે છે અને તેમાં પણ ખાસ કરીને પોસાણક્ષમ ફાઈનાન્સ માટે ઝઝૂમતા એવા એમએસએમઈને પ્રબળ ટેકો પૂરો પાડશે.

## મથકો પાછળ સિંગતેલમાં ₹ ૬૦નો ઉછાળો, આયાતી તેલમાં ધીમો સુધારો

મુંબઈઃ આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક માગ ઉપરાંત દેશાવરોની તેમ જ સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૭૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ની તેજી આવી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ દેશી તેલમાં ૧૦ કિલોદીઠ સિંગતેલમાં રૂ. ૫૦નો અને સરસવના ભાવમાં રૂ. ૧૫નો ઉછાળો આવ્યો હતો, જ્યારે કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચ ઘટી આવ્યા હતા. જોકે, આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ બે રિંગિટનો સુધારો આવ્યો હોવાના તેમ જ ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૪૮ સેન્ટ ઘટી આવ્યાના અહેવાલ હતા. તેમ છતાં આજે સ્થાનિકમાં છૂટીછવાઈ માગને ટેકે આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચ વધી આવ્યા હતા અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૫નો ચમકારો આવ્યો હતો. આજે સ્થાનિકમાં એકંદરે દેશી-આયાતી તેલના ભાવમાં કરંટ આવતા માગમાં પણ સુધારો જોવા મળ્યો હતો. આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૩૦ અને રૂ. ૧૨૪૫, ભારત ફૂડના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૨૨ અને રૂ. ૧૨૪૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૭૫, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૬ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૮, તથા પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

વધુમાં ગુજરાતમાં ગોંડલ મથકે આજે ૪૦,૦૦૦ ગૂણીની અને ગઈકાલની શેષ ૨૫,૦૦૦ ગૂણી મળી કુલ ૬૫,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૩૦૦માં થયા હતા.

# ભાવનગરમાં મહિલા પોલીસના ઘરેથી વોન્ટેડ આરોપી અને દારૂ ઝડપાયોઃ ત્રણની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર માં મહિલા કોન્સ્ટેબલના ઘરેથી દારૂ અને વોન્ટેડ આરોપી ઝડપાતા પોલીસે બે મહિલાકર્મી સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના દેવલી ગામે વાડી વિસ્તારમાં આવેલા પીપરલા રોડ પર રહેતા પાર્થ દિનેશ ધાંધલી વિરુદ્ધ એટ્રોસિટી અંગે ફરિયાદ દાખલ થઈ હતી. આ ગુનો નોંધાયા બાદ આરોપી વોન્ટેડ હોઇ આરોપીને ભાવનગર શહેરના ટોપ થ્રી સર્કલ પાછળ આવેલ રોયલ પાર્ક પ્લોટ નંબર.૧૮માં રહેતી અને ભરતનગર પોલીસ સ્ટેશનમાં મહિલા કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા નયનાબેન નાનજીભાઈ બારૈયા નામની મહિલા કોન્સ્ટેબલે પોતાના ઘરમાં આશરો આપ્યો હોવાની બાતમી એસસી-એસટી સેલની ટીમને મળી હતી.

સેલ અને પેરોલ ફર્લો સ્કવોડની ટીમે સંયુક્ત કામગીરી હાથ ધરી રોયલ પાર્કમાં રહેતી મહિલા કોન્સ્ટેબલના ઘરે દરોડો પાડતા ભાગેડુ આરોપી પાર્થ દિનેશ ધાંધલીયા ઉં. વ. ૨૬ હાજર મળી આવ્યો હતો અને ઘરની તલાશી લેતા ઘરમાંથી એક ઇંગ્લિશ દારૂની બોટલ અને એક બિયરનું ટીન ખાલી મળી આવ્યું હતું.

મહિલા કોન્સ્ટેબલ નયના નાનજીભાઈ બારૈયા ઉ.વ.૩૪ તથા અન્ય એક મહિલા કોન્સ્ટેબલ ઉષા ભુપતભાઈ જાની ઉં.વ.૨૯ રહે.વિદ્યાનગર નવી પોલીસ લાઈન વાળી પણ ઘરમાં હાજર મળી આવેલ આથી એસસી-એસટી સેલની ટીમ તથા પેરોલ ફર્લો સ્કવોડની ટીમે બે મહિલા કોન્સ્ટેબલ અને એક વોન્ટેડ આરોપીની ધરપકડ કરી ત્રણેય વિરુદ્ધ ભરતનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, આ બનાવને લઈને પોલીસ બેડામાં ભારે ચકચાર મચી જવા પામી છે.

આ અંગે ડીવાયએસપી રીમા ઝાલાએ જણાવ્યું હતું કે, ૧૩-૯ ના રોજ મારામારી તેમજ એટ્રોસિટી કલમ અંતર્ગત આરોપી અનિલ રણછોડભાઈ બારૈયા, મુકેશ રણછોડભાઈ બારૈયા તથા બે અજાણ્યા ભાણેજો વિરુદ્ધ ગુન્હો નોંધાયો હતો, જે અંતર્ગત તમામ આરોપીઓ ફરાર થઇ જતા આરોપીની શોધખોળ કરવા વિવિધ ટીમ બનાવવામાં આવી હતી. નયનાબેન મહિલા પોલીસ કોન્સ્ટેબલ છે તે ભરતનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે અને તેના ઘરની ઝડપી દરમિયાન દારૂની બોટલ મળી આવી હતી અને સમગ્ર બનાવ બાદ બંને મહિલા પોલીસ કોન્સ્ટેબલ તેમજ આરોપી પાર્થ ત્રણેય ઉપર પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અને વધુ તપાસ ચાલી રહી છે. ■

## ભાવનગરમાં સાત પોલીસકર્મી સસ્પેન્ડ

દરમિયાન ભાવનગર શહેર જિલ્લાના પોલીસ બેડામાં ફરજ બજાવતા સાત જેટલા પોલીસકર્મીને વિવિધ કારણોસર સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ ભાવનગર પોલીસ મેળામાં ફરજ બજાવતા સાત પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ વિગતો બહાર આવતા પોલીસબેડા માં ખળભરાટ સાથે ચકચાર મચી જવા પામી છે. આ અંગે મોડી રાતે અથવા આવતીકાલે નામો જાહેર કરવામાં આવશે તેમ પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

## ભાવનગરના દયાળ ગામે વાડીમાંથી આઠ લાખનો ગાંજો ઝડપાયો

અમદાવાદઃ ભાવનગર જિલ્લાના તળાજા પંથકમાં ખાસ કરીને દાઠા પોલીસ વિસ્તારમાં ગાંજો,અફીણ અને કાલાનો ધંધો મોટા પ્રમાણમાં હોવાનું કહેવાઈ રહ્યું છે કારણ કે અહીં પ્રસંગોપાત નશીલા પદાર્થ પિરસવાની પ્રથા છે અને અહીં બંધાણીઓ પણ છે. ગુરુવારે દાઠા પોલીસને મળેલ બાતમી ના આધારે દયાળ ગામે વાડી મા રેડ કરી ૧૭ કિલો ૨૦૦ ગ્રામ વાવેલ ગાંજો પકડીને ઈસમને ઝડપી લેવામાં આવ્યો હતો. તળાજા પંથકમા લગ્ન પ્રસંગ સહિતના અવસરે નશીલા પદાર્થ જે કાયદાની ભાષામાં સેવન કરવું ગેરકાયદેસર છે તે આવેલ મહેમાનોને પીરસવાની પ્રથા આજે પણ છે. ખાસ કરીને વિલાયતી દારૂ, અફીણની સાથે અનેક વ્યક્તિઓ ગાંજાનું સેવન પણ કરે છે. વધુ પડતું બીડી અને ચલમથી પીવામાં આવે છે, તેવી માહિતી સ્થાનિકોએ આપી હતી. દયાળ ગામે પોલીસની સફળ રેડને લઈ પોલીસ અધિકારી ચેતન મકવાણા એ જણાવ્યું હતું કે મળેલ બાતમીના આધારે દયાળ ગામના વિરકું ચીંથરભાઈ બાટીયાએ પોતાની વાડીમાં ગાંજો વાવેલ હોય રેડ પાડી હતી. ■

# સુપરમુન પાર્ટીઝ માટે મોટી સંખ્યામાં પર્યટકો આવશે કચ્છઃ બુકિંગ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છ પર્યટન સ્થળ તરીકે વૈશ્વિક સ્તરે ઊભરી આવ્યું છે. શિયાળામાં અહીં ચાલતો રણોત્સવ વિદેશીઓને પણ આકર્ષી રહ્યો છે ત્યારે આ વખતે અહીં સુપરમુન પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનને લીધે વધારે પર્યટકો કચ્છની મુલાકાત લેશે, તેમ માનવામાં આવી રહ્યું છે.

કચ્છમાં આગામી નાતાલ પર્વના ત્રણ સપ્તાહ પૂર્વે નભોમંડળમાં જયારે 'સુપર મુન'ની ઘટના જોવા મળશે ત્યારે તેને જોવા માટે મોટી સંખ્યામાં પર્યટકો કચ્છના પ્રવાસે આવવા પોતપોતાની ફ્લાઈટ્સ, ટ્રેન તેમજ ખાનગી ટૂરિસ્ટ બસો મારફતે એડવાન્સમાં ટિકિટ બુકિંગ કરાવી રહ્યા હોવાનું જાણવા મળે છે.

ભુજની 'ઇન્ડિયન એરલાઇન્સ'ના જૂની પેઢીના મેનેજર વ્યંકટેશના જણાવ્યા પ્રમાણે, અગાઉ ગોવા કે થાઈલેન્ડ જેવા પર્યટન સ્થળોએ 'સુપર મુન' જોવા અને માણવા પર્યટકોના ધાડા જતાં જોયાં છે અને થાઈલેન્ડ, વિયેતનામ અને બાલી જેવા ટુરિસ્ટ સ્થળોએ ખાસ કરીને દરિયાઈ કાંઠે, બીચ ઉપર 'સુપર મૂન' પાર્ટી યોજવાની પરંપરા છેક કચ્છના રણ અને દરિયાકાંઠા સુધી પહોંચી છે તે ખૂબ આનંદની વાત છે અને સ્પષ્ટપણે જણાય છે કે કચ્છમાં પર્યટનનો વિકાસ હવે ધીમે ધીમે પરાકાષ્ઠાએ પહોંચી રહ્યો છે.

આમ પણ કચ્છમાં સેંકડો વિદેશી પર્યટકો વર્ષભર આવતા રહે છે અને કચ્છના મહત્ત્વના જોવા લાયક સ્થળોએ તેઓની હાજરી આખું વર્ષ જોવા મળે છે. કચ્છ રણોત્સવ પણ પર્યટન ક્ષેત્રના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપી રહ્યો છે પણ, કચ્છના ભાતીગળ બન્ની પ્રદેશના હોડકો, ગોરેવાલી, ભીરંડિયારા જેવા રણને અડકીને આવેલા વિસ્તારોમાં વિયેતનામ, બાલી અને થાઈલેન્ડ જેવા દેશોમાં યોજાતી 'સુપર મૂન' પાર્ટી યોજાય તે વાત રોમાંચિત કરી દે છે.

આ ઉપરાંત ભુજ નજીકના આશાપુરા મેમોરિયલ પાર્ક પર પર્યટક ભોમિયા તરીકે ફરજ બજાવતા જલ્પન અંજારિયાના જણાવ્યા પ્રમાણે, આગામી ૪થી ડિસેમ્બર ૨૦૨૫ના દેખાનારા 'સુપર મુન'ને જોવા કચ્છમાં દેશ-દેશાવરથી મોટી સંખ્યામાં પર્યટકો આવી રહ્યા છે તેની આગોતરી જાણ કચ્છમાં જોવાલાયક સ્થળોએ ફરજ બજાવતા અધિકારીઓને પણ કરવામાં આવી છે.

તેમણે ઉમેર્યું હતું કે, કચ્છમાં હોડકો અને કુકમા જેવા સ્થળોએ આવેલાં અસલી કચ્છીયત થીમ પર આધારિત ભૂંગા રિસોર્ટ્સ અને રણ રિસોર્ટ્સમાં પણ આ 'સુપર મુન'નો નજારો,કચ્છના સફેદ રણમાં જીવંત માણવા આવી રહેલા પર્યટકો માટે આગોતરું બુકિંગ શરૂ કરી દેવાયું છે. ભુજના હોટેલ સંચાલક હિમ્મત લીલાધર દામાના જણાવ્યા પ્રમાણે ભુજની તમામ રિસોર્ટ-સ્ટાઇલ હોટલોમાં પણ બુકિંગ શરૂ કરી દેવાયું છે.

દરમ્યાન, કચ્છના જાણીતા ખગોળવિદ નરેન્દ્ર ગોર (સાગર)ના જણાવ્યા પ્રમાણે આ 'સુપર મુન' આગામી ૪થી ડિસેમ્બરના સાંજે સવા છ કલાકે ઉદય પામશે અને આ ચંદ્રને 'શીત ચંદ્ર' એવું નામ અપાયું છે. આ શીત ચંદ્રને સથવારે રણપ્રદેશ કચ્છમાં પણ સુપર મૂન પાર્ટી યોજાય તે આનંદની વાત છે. તેમણે ઉમેર્યું હતું કે, જ્યાં સૌથી વધુ પર્યટકોનો જમાવડો હશે તેવા સ્થળોએ શક્તિશાળી ટેલિસ્કોપ ગોઠવી, પર્યટકોને સુપર મુન અંગેની જાણકારી આપવાની વ્યવસ્થા કરવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ■

# બનાસકાંઠાના વ્યક્તિને નકલી સોનાનું બિસ્કિટ આપી, રૂ. ૮.૫૦ લાખ આંચકી લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ બજાર ભાવ કરતાં ઓછા ભાવે ૨૪ કેરેટ સોનું ખરીદવાની લાલચમાં આવીને ઘણા લોકો સાથે ઠગાઈ કરતી ભુજની કુખ્યાત ટોળકીની જાળમાં સપડાયેલા બનાસકાંઠા જિલ્લાના એક વ્યક્તિને અસલીને બદલે નકલી સોનાનું બિસ્કિટ પધરાવી, છરી બતાવીને રૂ.૮.૫૦ લાખ બળજબરીપૂર્વક આંચકી લીધા હોવાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવતાં ચકચાર પ્રસરી છે. ઘટના અંગે ભુજના બી-ડિવિઝન પોલીસમથકમાં બનાસકાંઠા જિલ્લાના દાંતિવાડા તાલુકાના એક ગામમાં રહેતા મહેન્દ્રસિંહ પૃથ્વીરાજસિંહ ચૌહાણે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મહેશ પટેલ અને સંતોષ નામના ખોટાં નામ ધરાવતા બે શખ્સોએ તેને બજાર કિંમત કરતાં સસ્તા ભાવે સોનું આપવાની વાત કરી, વિશ્વાસ કેળવીને સોનાની ડિલિવરી લેવા માટે ભુજ બોલાવ્યો હતો. તે રોકડા રૂપિયા સાથે લઈને ગત તા. ૨-૧૧-૨૫ના રોજ ભુજના આર.ટી.ઓ સર્કલ પાસે આવ્યો ત્યારે આ શખ્સોએ તેને નકલી સોનાનું બિસ્કિટ પધરાવી, છરી બતાવીને રૂ.૮.૫૦ લાખ બળજબરીપૂર્વક કઢાવી લઇ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મહેશ પટેલનું સાચું નામ અબ્દુલ નોતિયાર અને સંતોષનું સાચું નામ હનિફ સમેજા (રહે. બંને ભુજ) સામે આવતાં અબ્દુલ અને હનિફ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો દાખલ કરીને તપાસ પી.એસ.આઇ. મયૂર પટેલે હાથ ધરી છે. ■

# ગાંધીધામ નગરપાલિકાના પૂર્વ મહિલા કાઉન્સેલર વિરુદ્ધ જમીનના મુદ્દે પોલીસ ફરિયાદથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગાંધીધામ નગરપાલિકાના પૂર્વ મહિલા કાઉન્સેલર વિરુદ્ધ જમીન અંગેના બનાવેલા ખોટા સાટાકરારને રાજ્યની વડી અદાલત સમક્ષ રજૂ કરવા સબબ પોલીસ મથકે ફરિયાદ દાખલ થતાં સંકુલમાં ચકચાર પ્રસરી છે.

સેક્ટર નંબર ૬માં આવેલા ગણેશ નગરમાં રહેતા નાગશી હમીર ચુણા (મહેશ્વરી)એ નગરપાલિકાના પૂર્વ કાઉન્સેલર ચંદ્રિકાબેન કિશોર દાફડા સામે એ-ડિવિઝન પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત વર્ષ ૨૦૧૫માં તત્કાલીન ગાંધીધામ નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ-૧૧માં ચંદ્રિકાબેને ભરેલાં ઉમેદવારીપત્રમાં તેમની મિલકતની સંપૂર્ણ વિગત દર્શાવેલી ન હોવાનું નાગશીના કાકા વેલજી નામોરી મહેશ્વરીના ધ્યાને આવ્યું હતું. તેમણે ચૂંટણી અધિકારી સમક્ષ આર.ટી.આઇ. મુજબ વિગતો મેળવી હતી, જેમાં આ મહિલાએ ભચાઉ તાલુકાના છાડવારામાં આવેલી જમીનની વિગતો દર્શાવી ન હતી. જે-તે વખતે આ અંગે ચૂંટણી અધિકારી સમક્ષ રજૂઆત કરાતાં તેમણે કોર્ટમાં દાદ મેળવવા અરજ કરી હતી અને વેલજીભાઇએ અહીંની અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો.

આ દરમ્યાન પૂર્વ કાઉન્સેલરે રાજ્યની વડી અદાલત સમક્ષ અરજી દાખલ કરી હતી, જેમાં હાઇ કોર્ટ દ્વારા સ્ટે આપવામાં આવ્યો હતો. તા. ૨૨-૮-૨૦૨૫ના રોજ સુનાવણી થતાં અરજીને ડિસમિસ કરી સ્ટે હટાવી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ આ મહિલાએ હાઇ કોર્ટમાં અરજી સાથે આ જમીન તા. ૨૯-૨-૨૦૧૨માં નોટરી સપના દાદલાણીની રૂબરૂમાં સાટાકરાર કરી લક્ષ્મીબેન વાઢિયા મહેશ્વરીને વેચી દીધી હોવાના સાટાકરાર રજૂ કર્યા હતા.

આ કરારોની તપાસ કરતાં નોટરી અંગેના રજિસ્ટરના સહીવાળા કોલમમાં ચાર સહી હતી, જેમાં સુભાષ દેવશી ઉકાણી, રસીલા માવજી કાનાણીની પણ સહી હતી, પરંતુ સુભાષ અને રસીલાબેને લગ્ન બાદ પતિ-પત્ની તરીકે સાથે રહેતા હોવાનું સોગંદનામું કર્યું હતું. આ સોગંદનામા તથા પૂર્વ કાઉન્સેલરના સાટાકરારના સિરિયલ નંબર એકસરખા જણાયા હતા તેમજ તા. ૨૦-૬-૨૦૨૨ના આ જમીન રાજદીપસિંહ ઘનશ્યામસિંહ જાડેજાને વેચી દીધી હતી, જેના દસ્તાવેજમાં પોતે ક્યારેય આ જમીન લક્ષ્મીબેનને સાટાકરારથી વેચી હોવાનો ઉલ્લેખ ક્યાંય જણાયો ન હતો. હાઇ કોર્ટમાં ખોટા સાટાકરાર રજૂ કરનાર ગાંધીધામ નગરપાલિકાના આ પૂર્વ કાઉન્સેલર વિરુદ્ધ પોલીસે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ■

# ભુજની પાલારા ખાસ જેલમાં મુંદરા કસ્ટોડિયલ ડેથ કેસના આરોપીઓએ જેલકર્મીઓની ફરજમાં રૂકાવટ પેદા કરતાં ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બનેલા કચ્છના બંદરીય મથક મુંદરાના પોલીસ મથકના જાન્યુઆરી ૨૦૨૧માં બનેલા કસ્ટોડિયલ ડેથ કેસના લાંબા સમયથી જેલવાસ ભોગવી રહેલા મુખ્ય આરોપીઓ પૈકીના અને ફરજમોકૂફ પોલીસ કર્મચારીઓ એવા શક્તિસિંહ યોગેન્દ્રસિંહ ગોહિલ અને જયદેવસિંહ અજિતસિંહ ઝાલાએ જેલના કર્મચારીઓ સાથે હાથાપાઈ અને અપશબ્દો બોલીને ફરજમાં રૂકાવટ કરવાની તેમજ અન્ય જેલના કેદી એવા અશોક લીલાધર સનદ પાસેથી મોબાઈલ ફોન મળી આવતાં ફરિયાદ દાખલ થઇ હતી. આ અંગે ભુજ બી-ડિવિઝન પોલીસ મથકમાં પાલારા ખાસ જેલના ઇન્ચાર્જ જેલર સંજયભાઇ મોહનભાઇ બારિયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગત સવારે સાડા નવ વાગ્યાના અરસામાં કાચા કામના જેલના કેદીઓની અંગઝડતી દરમ્યાન અશોક સનદ પાસેથી તેની પેન્ટમાં છુપાવેલો એક્ટિવ સીમકાર્ડ સાથેનો મોબાઇલ ફોન તથા ઇયર ફોન મળી આવ્યા હતા. આ સમગ્ર ચેકીંગ કાર્યવાહી દરમ્યાન મુંદરા કસ્ટોડિયલ ડેથ કેસના કાચા કામના કેદી શક્તિસિંહ યોગેન્દ્રસિંહ ગોહિલ અને જયદેવસિંહ અજિતસિંહ ઝાલાએ જેલના કર્મચારીઓ સાથે હાથાપાઈ અને અપશબ્દો બોલીને ફરજમાં રૂકાવટ પેદા કરી હતી. પોલીસે આ ત્રણે બંદિવાનો વિરુદ્ધ જુદી-જુદી દંડ સંહિતાની કલમો તળે ગુનો દાખલ કરી તજવીજ આદરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુંદરા પોલીસે ચોરીનું આળ નાખીને ત્રણ યુવકની ગેરકાયદે ધરપકડ કરી, પોલીસ કસ્ટડીમાં ગોંધી રાખીને અમાનુષી ત્રાસ આપતાં બે યુવકના ગંભીર ઇજાઓને પગલે મૃત્યુ થયાં હતાં અને જે-તે સમયે કચ્છ સહિત બૃહદ કચ્છમાં ભારે ઊહાપોહ મચ્યો હતો. ■

# જૂનાગઢની ડો. બાબાસાહેબ આંબેડકર સરકારી કન્યા છાત્રાલયમાં વિદ્યાર્થિનીઓએ મચાવ્યો હોબાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢઃ જૂનાગઢમાં આવેલી ડો. બાબાસાહેબ આંબેડકર સરકારી કન્યા છાત્રાલય વિવાદમાં સપડાઈ છે. આ સરકારી કન્યા છાત્રાલયમાં રહેતી આશરે ૨૩૦ જેટલી છોકરીનાં જીવન અને સ્વાસ્થ્ય સાથે ચેડાં થતા હોવાની ગંભીર આક્ષેપો કરવામાં આવ્યાં હતાં. ભોજનમાં ઈયળો-જીવાત નીકળવી, બેડશીટ વગરના ગાદલા, ખંડેર હાલતના શૌચાલયો અને ટપકતી છત જેવી અનેક સમસ્યાઓથી કંટાળીને વિદ્યાર્થિનીઓએ છાત્રાલયમાં હોબાળો મચાવ્યો હતો. સરકારી કન્યા છાત્રાલયની વિદ્યાર્થિનીઓ હોબાળો મચાવ્યો હોવાની ખબર ફેલાતા મીડિયા મોટી સંખ્યામાં હાજર રહ્યું હતું. આ મામલે વિદ્યાર્થિનીઓએ જણાવ્યું હતું કે, તેમના જમવામાંથી જીવાતો નીકળે છે. જ્યારે આ બાબતે વોર્ડનને ફરિયાદ કરીએ ત્યારે તે પણ ઉડાઉ જવાબ આપે છે. એટલું જ નહીં પરંતુ વોર્ડન વિદ્યાર્થિનીઓને એડમિશન રદ્દ કરી દેવાની ધમકીઓ પણ આપતા હોવાનો આક્ષેપ કરાયો હતો. વિદ્યાર્થિનીઓનો આક્ષેપ છે કે, જ્યારે ડો. પ્રદ્યુમન વાઝા છાત્રાલયમાં તપાસ માટે આવ્યા ત્યારે તમામ નિયમોનું પાલન કરવામાં આવે પરંતુ પછી કોઈ નિયમો પાળવામાં આવતા નથી.

જ્યારે આ મામલે મીડિયાકર્મીઓ વિદ્યાર્થિનીઓ સાથે વાતચીત કરી રહ્યા હતા ત્યારે વોર્ડને પોલીસ બોલાવીને મીડિયાકર્મીને બહાર ભગાડી દેવા કહ્યું હતું. સરકાર આ વિદ્યાર્થિનીઓ માટે પૂરતાં નાણાં ફાળવતી હોવા છતા કેમ તેમને પાયાની સુવિધાઓ નથી મળતી, તેવા સવાલો વિદ્યાર્થિનીઓએ કર્યા હતા. આ અંગે પોલીસ કે છાત્રાલયનો સીધો સંપર્ક થઈ શક્યો ન હતો. ■

# ફાયરિંગ કરનાર મૂર્ધા ગેંગના આરોપીઓને મહિલા પોલીસે જાહેરમાં માફી મગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ રાજકોટ શહેરના મંગળા રોડ પર ૨૯ ઓક્ટોબરના રોજ પેંડા અને મૂર્ઘા ગેંગ વચ્ચે સામસામે અંધાધૂંધ ફાયરિંગ થયું હતું. આ કેસમાં પોલીસે ૧૩ દિવસ બાદ સમીર ઉર્ફે મૂર્ઘા સહિત ૩ આરોપીની ધરપકડ કરી હતી. સમીર ઉર્ફે મૂર્ઘો અને સોહીલ ઉર્ફે ભાણો ચાનીયાને ઘટનાસ્થળ પર લઇ જઈને રિકન્સ્ટ્રક્શન કરાવાયું હતું. આ દરમિયાન બંને આરોપીએ હાથ જોડી માફી માગી હતી.

આ કેસમાં કોર્ટે સમીર ઉર્ફે મૂર્ઘો ઉર્ફે ટકો પઠાણ, સોહીલ ઉર્ફે ભાણો ચાનીયા અને શાહનવાઝ ઉર્ફે નવાઝના ૯ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતાં. ગત ૨૯ ઓક્ટોબરના રોજ મંગળા રોડ પર પ્રગતિ હોસ્પિટલ પાસે ફાયરિંગની ઘટના બની હતી. જેમાં ફાયરિંગ કરનાર મુખ્ય આરોપ સમીર ઉર્ફે મૂર્ઘો અને તેના બે સાગરીતો મળી વધુ ત્રણ આરોપીઓને ગઈકાલે ઝડપી પાડવામાં આવ્યા હતા.

આ આરોપીઓનું પંચોની હાજરીમાં રિકન્સ્ટ્રક્શન કરાવી બાદમાં રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. પોલીસ રિમાન્ડ દરમિયાન આરોપીઓ અત્યાર સુધી ક્યાં ક્યાં નાસતા ફરતા હતા, તેમને કોણે આશરો આપ્યો હતો તે દિશામાં તપાસ શરૂ કરી હતી. આરોપીઓએ ફાયરિંગમાં વાપરેલા હથિયાર કોની પાસેથી લાવ્યા હતા તે મામલે પણ પોલીસે તપાસ શરૂ કરી હતી. ફાયરિંગ કેસમાં અત્યાર સુધી પેંડા ગેંગના ૧૩ આરોપીઓ અને મૂર્ઘા ગેંગના ૭ આરોપીઓ એમ કુલ મળીને ૨૦ આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. ■



# અંજારથી ગુમ થયેલા પરિણીત યુવકે ભુજના સ્ટેશન રોડ પર સ્થિત બહુમાળી ઈમારતના ચોથા માળેથી મોતની છલાંગ લગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વિતેલા ચાર દિવસથી અંજારથી ગાયબ થઇ ગયેલા વિમલ વસંતરાય પંડયા નામના ૪૫ વર્ષના યુવકે ભુજના સતત વ્યસ્ત રહેતા સ્ટેશન રોડ સ્થિત એક બહુમાળી ઇમારતના ચોથા માળેથી મોતની છલાંગ મારીને આપઘાત કરી લેતાં શહેરભરમાં ભારે ચકચાર પ્રસરી હતી.

આ બનાવ અંગે એ-ડિવિઝન પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો મુજબ, ભુજના સ્ટેશન રોડ ઉપર શિવ હોટલની સામે આવેલાં બહુમાળી ઇમારતના ચોથા માળેથી વિમલ પંડયાએ બપોરના બાર વાગ્યાની આસપાસ કોઈ અગમ્ય કારણે મોતની છલાંગ લગાવી દેતાં તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

આ મૃતકનાં પત્ની ભાવનાબેને ત્રણ દિવસ અગાઉ અંજાર પોલીસ મથકે વિમલ ગુમ થયાની ગુમનોંધ નોંધાવી હતી. મૂળ ભુજ તાલુકાના નારણપરના હાલે અંજારની શ્યામસુંદર હૉસ્પિટલ પાસે રહેનાર વિમલ ગત તા. ૯-૧૧ના બપોરે કોઈને કહ્યા વગર ઘરેથી બહાર નીકળી ગયો હતો.

પરિજનોએ સગા-સંબંધીઓ પાસે તપાસ કરતાં તેનો અત્તો-પત્તો ન મળતાં અંજાર પોલીસ મથકે ગુમનોંધ નોંધાવી હતી અને તેવામાં આ યુવકે ભુજમાં મોતની છલાંગ માર્યાનું સામે આવતાં પરિવારમાં ગમગીની છવાઈ હતી. ઘટના સંદર્ભે એ-ડિવિઝન પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ આદરી છે. ■

# કાંકરિયા ખાતે રાઈડ તૂટી પડવાની ઘટનામાં છ આરોપીઓની ડિસ્ચાર્જ અરજી સેશન્સ કોર્ટે નકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્ષ ૨૦૧૯માં કાંકરિયા એમ્યુઝમેન્ટ પાર્ક ખાતે ડિસ્કવરી રાઇડ તૂટી પડવાની દુર્ઘટનામાં બે વ્યકિતનાં મોત અને ૨૭થી વધુ લોકોને ઇજાના ચકચારભર્યા કેસમાં રાઇડના આરોપી કોન્ટ્રાકટર(એમ્યુઝમેન્ટ પાર્કના એમ.ડી) ઘનશ્યામ કાનજીભાઇ પટેલ, તેમના પુત્ર ભાવેશ ઘનશ્યામ પટેલ, મેનેજર તુષાર મહાકાંત ચોકસી, ઓપરેટર યશ ઉર્ફે લાલો વિકાસ મહેન્દ્રભાઇ પટેલ, કિશન નકુલભાઇ મોહંતી અને મનીષ સતીષભાઇ વાઘેલાને બિનતહોમત છોડી મૂકવાનો અત્રેની સેશન્સ કોર્ટે સાફ ઇન્કાર કરી દીધો હતો. એડિશનલ સેશન્સ જજ પી.આઇ.પ્રજાપતિએ તમામ છ આરોપીઓને ડિસ્ચાર્જ અરજી ફગાવી દીધી હતી. એટલું જ નહીં, કોર્ટે તમામ આરોપીઓને પ્રત્યેકને દસ-દસ હજાર રૂપિયાનો સબકસમાન દંડ ફટકાર્યો હતો. વધુમાં સેશન્સ કોર્ટે આ કેસના તમામ આરોપીઓ વિરુદ્ધ ચાર્જ ફ્રેમ કરવા પણ હુકમ કર્યો હતો.

આરોપીઓ દ્વારા કરાયેલી ડિસ્ચાર્જ અરજીનો સખત વિરોધ કરતાં રાજય સરકાર તરફથી અધિક સરકારી વકીલ વિજયસિંહ ચાવડાએ અદાલતને જણાવ્યું હતું કે, ગત તા.૧૪-૭-૨૦૧૯ના રોજ કાંકરિયા તળાવ ખાતે એમ્યુઝમેન્ટ પાર્કમાં ડિસ્કવરી રાઇડ તૂટી પડી હતી, જેમાં બે લોકોનાં મોત નીપજયાં હતાં, જયારે ૨૭થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ બનાવ અંગે મણિનગર પોલીસમથકમાં ફરિયાદ નોંધાઇ હતી.

આરોપીઓ વિરુદ્ધ નિર્દોષ લોકોની હત્યાનો ગુનો બનતો હોય તેવું સ્પષ્ટ થાય છે કારણ કે, ડિસ્કવરી રાઇડ હલકી ગુણવત્તાવાળી હતી અને તેની બરાબર જાળવણી થઈ ન હતી, છતાં તેનો ઉપયોગ અને વપરાશ ચાલુ રખાયો હતો. જેના કારણે આખરે રાઇડ તૂટી પડી અને નિર્દોષ લોકોનાં મોત નિપજયાં હતાં અને અનેક લોકો ઘાયલ થયા હતા. આ માત્ર આરોપીઓની ગંભીર નિષ્કાળજી કે બેદરકારીનો કેસ નથી પરંતુ આરોપીઓ વિરુદ્ધ દેખીતી રીતે જ સાપરાધ મનુષ્યવધનો કેસ પ્રસ્થાપિત થાય છે. આરોપીઓ વિરુદ્ધ આ કેસમાં બહુ નક્કર અને મજબૂત પુરાવાઓ છે અને તેથી તેમને આ કેસમાં કોઇપણ રીતે બિનતહોમત છોડી શકાય નહીં અને તેમની વિરુદ્ધ કાયદેસર ટ્રાયલ ચલાવી સખત પાઠ ભણાવવો જોઈએ કારણ કે, આ નિર્દોષ લોકોના મોતનો બહુ ગંભીર અને સંવેદનશીલ મામલો છે. સરકારપક્ષની દલીલો ગ્રાહ્ય રાખી સેશન્સ કોર્ટે તમામ છ આરોપીઓની ડિસ્ચાર્જ અરજી આકરા વલણ સાથે ફગાવી દીધી હતી અને પ્રત્યેક આરોપીને રૂ. દસ-દસ હજાર સબકસમાન દંડ પણ ફટકાર્યો હતો. ■

# રાજકોટ જિલ્લામાં ૪,૦૩૦ ખેડૂતો પાસેથી ૯૪,૪૪૬ કિવન્ટલ મગફળી ખરીદવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ રાજકોટ જિલ્લામાં મગફળી ખરીદીનો રવિવારથી પ્રારંભ કરવામાં આવ્યો. રાજકોટમાં છેલ્લા ચાર દિવસમાં ૪,૦૩૦ ખેડૂતો પાસેથી ૯૪,૪૪૬ કિવન્ટલ મગફળીની ખરીદી કરવામાં આવી છે. મગફળી ખરીદી માટે રાજકોટ જિલ્લામાં ૧.૭૭ લાખ ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. રાજકોટ જિલ્લામાં મગફળીની ખરીદી માટે ૨૯ સેન્ટરો રાખવામાં આવ્યા છે.

રાજકોટના જૂના માર્કેટીંગ યાર્ડ ઉપરાંત ગોંડલ, લોધિકા, કોટડા સાંગાણી સહિત જિલ્લાના તમામ તાલુકા વિસ્તારમાં ખાસ સેન્ટરો પરથી ટેકાના ભાવે આ મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે. રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવ એક મણ મગફળીના ૧,૩૫૬ રૂપિયા જાહેર કરવામાં આવ્યા છે. ઓપન માર્કેટમાં ખેડૂતોને મગફળીના ભાવ સરેરાશ ૧,૧૦૦ થી ૧,૨૦૦ રૂપિયા મળી રહ્યા છે જેના કારણે ખેડૂતો ટેકા ના ભાવે વેચાણ માટે આ વર્ષે વધુ રસ દાખવી રહ્યા છે.

લીંબડી એપીએમસીમાં છેલ્લા ત્રણ દિવસથી કપાસની હરાજી શરૂ કરી દેવામાં આવી છે. ■